# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાકનું ચાલુ)

**કૅલ્સિયમ :**

હવે ગર્ભાવસ્થા માટેના ખૂબ જ જરૂરી એવા કૅલ્સિયમ બાબતે જોઈ લઈએ. કૅલ્સિયમ દૂધ તથા દૂધની બનાવટોમાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. ગર્ભાવસ્થા દરમિયાન ૩૦૦/૫૦૦ ગ્રામ દૂધ લેવું જોઈએ. જો દૂધ ન ભાવતું હોય તો દૂધની બનાવટો દહી, લસ્સી, રબડી અથવા દહીની કઢી પણ લઈ શકાય. આ ઉપરાંત ઈંડાં પણ કૅલ્સિયમ માટેનો ઉત્તમ વિકલ્પ છે. ૫૦૦ ગ્રામ દૂધ શરીરને ૬૦૦ થી ૮૦૦ ગ્રામ કૅલ્સિયમ પૂરું પાડે છે.

ફોલિક એસિડ, મેગ્નેશિયમ, વિટામીન-એ અને ડી, ઝિંક કોલામેલીન, પણ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. એમાંથી લોહી, હોર્મોન તથા ન્યૂરોટ્રાન્સમીટર્સ બનતા હોય છે.

દૂધમાં પ્રોટીન સંપૂર્ણ નથી છતાં ૫૦૦ ગ્રામ દૂધ પીવાથી શરીરમાં ૧૬ થી ૧૮ મી.ગ્રા. પ્રોટીન મળે છે જે શરીરમાં થયેલા ઘસારાને સુધારવા જરૂરી ગણી શકાય. ૫૦૦ ગ્રામ દૂધમાં ૨.૫% ફેટ અને ૨૫૦ ગ્રામ કેલરી હોઈ વજન વધવાની શક્યતા હોતી નથી.

**પ્રોટીન :**

કૅલ્સિયમ ઉપરાંત પ્રોટીન પણ ખૂબ જ જરૂરી છે. પ્રોટીન એ શરીરના બંધારણ માટે અગત્યનું તત્વ છે કે જે ફક્ત બાળકના જ નહીં પરંતુ માતાના શરીરની જાળવણી માટે પણ જરૂરી છે. જો ગર્ભાવસ્થા દરમિયાન રોજ ૧ ઈંડુ અને દાળ લેવામાં આવે તો પૂરતા પ્રમાણમાં પ્રોટીન મળી રહેતું હોય છે. ખાસ કરીને માંસાહારી (અઠવાડિયામાં ૨/૩ વખત) લોકોમાં પ્રોટીનની સમસ્યા પ્રમાણમાં ઘણી જ ઓછી હોય છે કારણ કે માંસ એ પ્રોટીન માટેનો સૌથી શ્રેષ્ઠ સ્ત્રોત છે.

જમવાના બે ગાળા દરમિયાન જો કોઈ નાસ્તાની ઈચ્છા હોય તો આપણી દેશી પધ્ધતિ મુજબ ચણા તથા ગોળ ખાવો કારણ કે ચણા પ્રોટીન તથા ગોળ લોહતત્વ પૂરું પાડે છે.

હવે આપણે ખોરાક વિષે વધુ જાણવા પ્રયત્ન કરીએ. સૌ પ્રથમ એક બાબત ઉપર ઘણી જ ગેરસમજ ફેલાઈ છે એ વિષે ચર્ચા કરી લઈએ કે ગર્ભાવસ્થા દરમિયાન ઘી ખાવું કે નહીં ?

આજ કાલ ડૉક્ટર મોટે ભાગે ઘી-તેલ ન ખાવાની સલાહ આપતા હોય છે અને આપણે સાંભળ્યા અથવા જોયા મુજબ આપણી આગલી પેઢીની માતાઓ ગર્ભાવસ્થા દરમિયાન પુષ્કળ પ્રમાણમાં ઘી ખાતી હતી. આ ઉપરાંત ગર્ભાવસ્થા પછી પણ ખૂબ જ ઘી નો ઉપયોગ થતો હતો.

હવે અગાઉના જમાનામાં ગર્ભાવસ્થા દરમિયાન પણ સ્ત્રીએ ખેતરોમાં જવાનું રહેતું તથા પશુપાલન મુખ્ય ધંધો હોઈ આવન-જાવન ખૂબ જ રહેતી એટલે પૂરતા પ્રમાણમાં કસરત મળી રહેતી એટલે શરીરમાં મેદસ્વીતા ન આવતી, શરીરમાં વધારાની ચરબી જમા થતી ન હતી.

અત્યારના જમાનામાં ગર્ભધારણ સાથે જ ડૉક્ટરો આરામની સલાહ આપતા હોય છે અને સ્ત્રી આરામ કરતી હોવાથી ઘીના કારણે શરીરમાં વજન વધવા લાગી જાય છે. એટલે આજે ઘી કદાચ શરીર માટે નુકસાનકર્તા પણ થઈ શકે. ઉપરાંત રસોઈ બનાવતી વખતે તેલનો પણ ઓછો ઉપયોગ કરવો. તેલમાં તળેલી વસ્તુ ઓછી ખાવી. જો જમી રહ્યા પછી થાળી અથવા પ્લેટમાં તેલ રહી જાય તો સમજવું કે ખોરાકમાં તેલ વધુ પડ્યું છે. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ جُنبشِ لب

## નઝમ ૨૧

### બહુઝૂર હઝરત ઈમામ મોહંમદ મહદી(અ.)

طینتِ دل میں ہیں اس طرح وفا کے آثار
**તીનતે દિલમેં હૈ ઈસ તરહ વફાકે આસાર,**

سُستتر ہر رگِ خارا میں ہو جس طرح شرار
**સુસ્તતર હર રગે ખારામેં હો જીસ તરહ શરાર.**

(દિલના સ્વભાવમાં એવી રીતે વફાદારીનાં ચિહ્નો જોવા મળે છે કે જાણે કે દરેક દુઃખતી નસમાં મંદ મંદ અંગારા હોય.)

وہ دلِ نازک انساں ہو کہ پتھر کا جگر
**વો દિલે નાઝુક ઈન્સાં હો કે પથ્થરકા જિગર,**

چوٹ پڑنے سے عیاں ہوتے ہیں فطری آثار
**ચોટ પડનેસે અયાં હોતે હૈ ફિતરી આસાર.**

(માનવીનું તે નાજુક દિલ હોય કે પછી પથ્થરનું કાળજું હોય, તેના ઉપર આઘાત લાગવાની સાથે જ સ્વાભાવિક ચિહ્નો પ્રગટ થઈ જતાં હોય છે.)

اتنی ہی مرد کی ثابت قدمی بڑھتی ہے
**ઈત્ની હી મર્દકી સાબિતકદમી બઢતી હૈ,**

منزلیں زیست کی ہو جاتی ہیں جتنی دشوار
**મંઝિલેં ઝીસ્તકી હો જાતી હૈ જિત્ની દુશ્વાર.**

(જેટલા પ્રમાણમાં જીવનની મંઝિલો મુશ્કેલ બનતી જાય છે એટલા જ પ્રમાણમાં વીરપુરૂષના ઈરાદાની દ્રઢતા વધતી જાય છે.)

ہاں تو پھر میں بھی نہ کیوں برہنہ پا ہو جاؤں
**હાં, તો ફિર મૈં ભી ન ક્યું બરહના પા હો જાઉં,**

کیا سمجھ کر رہِ الفت میں بچھائے گئے خار
**ક્યા સમઝ કર રહે ઉલ્ફતમેં બિછાએ ગયે ખાર.**

(હાં, તો પછી હું પણ ઊઘાડા પગવાળો કેમ ન થઈ જાઉં, પ્રેમના માર્ગમાં શું સમજીને કાંટા પાથરવામાં આવ્યા હશે?)

ہر بنِ منہ سے لہٗ الشکر کی نکلے گی صدا
**હર બને મુહસે લહુશ્શુક્રકી નિકલેગી સદા,**

عشق کے جرم میں لائیں تو مجھے بر سرِ دار
**ઈશ્કકે જુર્મમેં લાએં તો મુઝે બર સરે દાર.**

(દરેક તૈયાર થયેલા મોઢામાંથી **લહુશ્શુક્ર**નો અવાજ નીકળશે. ઈશ્ક કરવાના અપરાધમાં મને લાવ્યા તો ખરા પરંતુ છેક ફાંસીના માંચડે સુધી લઈ આવ્યા.)

دیکھنا مضحکہ آمیز تبسّم میرا
**દેખના મઝ્હકાઆમેઝ તબસ્સુમ મેરા,**

خندۂ برق سے جب دل پہ برستے ہوں شرار
**ખંદએ બર્કસે જબ દિલપે બરસતે હોં શરાર.**

(વીજળીમાંથી નીકળતી ચિનગારીઓ જ્યારે દિલ ઉપર વરસતી હોય એ વખતે ઠઠ્ઠા મશ્કરીથી ભરપૂર મારા સ્મિતને જોઈ લેજો.)

میں بھی سجدے کو جبیں، جزب کو دل رکھتا ہوں **મૈં ભી સજદેકો જબીં જઝબકો દિલ રખતા હૂં,**

بے نیازی ہے محبت میں تو ہو اُن کا شعار **બેનિયાઝી હૈ મુહબ્બતમેં તો હો ઉનકા શિઆર.**

(હું પણ સિજદા માટે કપાળ અને મનોભાવ માટે દિલ ધરાવું છું. મોહબ્બતની અંદર જો બેપરવાહી(ઉપેક્ષા) હોય તો પછી તે તેમની પ્રણાલિકા ગણાય.)

یہ نہ پوچھو کہ میں ناکامِ محبت کیوں ہوں **યે ન પૂછો કે મૈં નાકામે મુહબ્બત ક્યું હૂં,**

بس یہ دیکھو کہ کیا میری وفا کا معیار **બસ યે દેખો કે હૈ ક્યા મેરી વફાકા મેઅયાર.**

(મને એવું ન પૂછતા કે હું પ્રેમમાં નિષ્ફળ શા માટે ગયો છું. માત્ર એટલું જ જોજો કે મારો વફાદારીનો માપદંડ કેવો છે.)

خاک میں فرقتِ جاناں نے مِلایا ہے مجھے **ખાકમેં ફુર્કતે જાનાંને મિલાયા હૈ મુઝે,**

دل ہے آیئنہ، ذرا بھی نہ تکدّر، نہ غبار **દિલ હૈ આઈના, ઝરા ભી ન તકદ્દુર, ન ગુબાર.**

(પ્રિયજનના વિયોગે મને ધૂળમાં ભેળવી દીધો છે. દિલ દર્પણ સમાન હોય છે તેમાં ન તો મલિનતા (મેલ) હોય છે કે ન તેના પર ધૂળ ચોંટેલી હોય છે.)

عارضی مصلحتِ ناز جو ہے اُن کا حجاب **આરિઝી મસ્લેહતે નાઝ જો હૈ ઉનકા હિજાબ,**

مستقل شوق نظر ہے دلِ الفت کردار **મુસ્તકિલ શૌકે નઝર હૈ દિલે ઉલ્ફત કિરદાર.**

(તેમના મુખ ઉપરનું જે આવરણ છે તે તેમના ક્ષણિક હાવભાવનું રહસ્ય છે. તેમની દૃઢ ઉત્કંઠાભરી નજર તેમના પ્રેમસભર દિલનું આચરણ છે.)

کسبِ ضو کرتی ہو اس درسے مری پیشانی **કસ્બે ઝૌ કરતી હો ઉસ દરસે મેરી પેશાની,**

موت یوں ہو کہ بنے داغِ جبیں، شمعِ مزار **મૌત યું હો કે બને દાગે જબીં, શમ્એ મઝાર.**

(મારું કપાળ એ (પવિત્ર) ચોખટને લીધે પરિશ્રમથી પ્રકાશ ફેલાવતું હોય અને મારું મોત એવું હોય કે મારા કપાળનો ડાઘ તેમના દર્શન સ્થળને (પ્રકાશિત રાખતો) ચિરાગ બની રહે.)

روح افروز اُجالا ہو مرے چاروں طرف **રૂહ અફરોઝ ઉજાલા હો મેરે ચારોં તરફ,**

قُم باذنی کی صدا پر ہوں دوبارہ بیدار **'કુમ બે ઈઝની' કી સદા પર હૂં દુબારા બેદાર.**

(મારી ચારે ય તરફ રૂહને ઉજ્જવળ કરનારું અજવાળુ હોય અને 'કુમ બે ઈઝની' (ઊભો થા)નો અવાજ સાંભળતાંની સાથે જ હું ફરીથી જાગૃત થઈ જાઉં.)

لب پہ لبیک، جبیں نور فشاں، دل روشن **લબ પે લબ્બૈક, જબીં નૂરફિશાં, દિલ રૌશન,**

سر خمیدہ طرفِ پائے شہِ عرش وقار **સર ખમીદા તરફે પાએ શહે અર્શ વકાર.**

(હોઠ ઉપર લબ્બૈક (હાજર છું) એવું વાક્ય, કપાળ નૂરાની, દિલ પ્રકાશિત, અર્શની પ્રતિષ્ઠા ધરાવનાર બાદશાહ (ઈમામ મોહંમદ મહદી(અ.))ના કદમ મુબારક તરફ મસ્તક ઝુકેલું હોય.)

فخر سے پھر شہِ مہدیؑ کے قدم چوم لوں میں    ફખ્રસે ફિર શહે મહદીકે કદમ ચૂમલું મૈં,

وجد میں آکے سناؤں یہ ثنا کے اشعار    વજદમેં આકે સુનાઉં યે સનાકે અશઆર.

(પછી ગર્વપૂર્વક શહેનશાહ ઈમામ મહદી(અ.)ના કદમ મુબારક હું ચૂમી લઉં અને વજદની અવસ્થામાં આવીને હું આપની પ્રશંસાની આ પંક્તિઓ તેમને સંભળાવી દઉં.)

مطلع ثانی    **મત્લા એ સાની**

(મત્લા એ સાની એટલે ગઝલનો પહેલો શે'અર કે જેના બન્ને મિસ્રા સાનુપ્રાસ હોય.)

ہو اگر باڑھ پہ ہے، کفر کا بحرِ ذخّار    હો અગર બાઢ પે હૈ કુફ્કા બહરે ઝખ્ખાર,

لنگرِ کشتیِ دیں ہے شہ مہدیؑ کا وقار    લંગરે કશ્તિએ દીં હૈ શહે મહદીકા વકાર.

(જો કદાચ કુફ્રનાં ઉછળતાં મોજાંવાળો દરિયો તોફાને ચઢ્યો હોય તો (ભલે ચઢ્યો ચિંતા નથી કેમકે) શહેનશાહ ઈમામ મહદી(અ.)ના દીનની કશ્તિનં લંગર તેની સામે ભારે પડે તેવું છે.)

کہیں ہو جائے نہ تخلیقِ جہنم بے کار    કહીં હો જાએ ન તખ્લીકે જહન્નમ બેકાર,

خلفِ رحمتِ کونین ہے کُل کا مختار    ખલફે રહમતે કૌનયન હૈ કુલકા મુખ્તાર.

(ક્યાંક જહન્નમના સર્જનનો હેતુ બેકાર ન બની જાય કેમકે રહમતે કૌનયન(સ.)ના સુપુત્ર (મહદી(અ.)) કાઈનાતની સઘળી વસ્તુઓના કુલ મુખ્તાર (સર્વ સત્તાધિશ) છે.)

اے ظہیر اب تو خدا سے یہ دعا ہے شب و روز    અય 'ઝહીર' અબ તો ખુદાસે યે દુઆ હૈ શબોરોઝ,

جیتے جی حجّتِ قائمؑ کا ہو مجھ کو دیدار    જીતેજી હુજ્જતે કાએમકા હો મુઝકો દીદાર.

(અય 'ઝહીર' ! હવે તો દિવસ અને રાત ખુદા સમક્ષ બસ એક જ દુઆ છે કે મારી હયાતીમાં જ હુજ્જતે કાએમ(અ.)નો મને દીદાર થઈ જાય.) ✻


## ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ, હૈદરપુરા

**(અંગ્રેજી માધ્યમ)**

**જોઈએ છે.**

| નં. | વિગત | જરૂરિયાત | લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય (મહિલા) | ૧ | B.A. B.Ed. (Eng.)<br>P.T.C. (Eng.) | ૨ થી ૩ વર્ષ |
| ૨ | શિક્ષક / શિક્ષિકા | ૪ | P.T.C. B.A. B.Ed.<br>B.Com. B.Ed. | અનુભવી /<br>બિન અનુભવી |

નોંધ : રહેવા માટેની સગવડ તેમજ આકર્ષક પગાર આપવામાં આવશે.

નીચેના સરનામે સંપૂર્ણ બાયો ડેટા મોકલવો

પ્રમુખ શ્રી, ઈલ્મ-ઓ-અમલ સ્કૂલ-હૈદરપુરા, મુ.પો. હૈદરપુરા,

તા. પાટણ, જિ. પાટણ, પીન-૩૮૪ ૨૮૫, સંપર્ક : ૯૯૭૯૩૩૫૦૯૪

Email : abidalisahyog@gmail.com

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## 'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ

### INSINCERITY (કુટિલતા / દંભ)

پسری را پدر وصیّت کرد
کای جوان بخت یاد گیر این پند
هر که با اهل خود وفا نکند
نشود دوست روی و دولتمند

**પિસરી રા પિદર વસિયત કર્દ**
**કાયી ખ્વાન બખત યાદગીર ઐન પંદ**
**હર કે બા અહલ ખુદ વફા ન કનદ**
**નશૂદ દોસ્ત રવી વ દોલતમંદ**

(એક પિતાએ પોતાના વસિયતનામામાં પોતાના દીકરાને હુકમ કર્યો : 'અય ભાગ્યશાળી (દીકરા) ! મારી પાસેથી આવી સલાહ લે. જે કોઈ પોતાના કુટુંબના સભ્યો સાથે કુટિલતા આચરે છે, તે કદી પણ નસીબદાર અને સમૃધ્ધિવાન નહીં બને.')

وفاداری مدار از بلبلان چشم
که هر دم بر گلی دیگر سرایند
جوانان خُرّمند و خوب رخسار
و لیکن در وفا با کس نپایند

**વફાદારી મદાર અઝ બુલબુલાન ચશ્મ**
**કે હર દમ બાર ગલી દીગર સરાયન્દ**
**જવાનાનેં ખૂર્રમન્દ વ ખૂબા રૂખ્સાર**
**વ લેકીન દર વફા બા કસ નપાયન્દ**

(બુલબુલ પક્ષીઓ પાસેથી પ્રમાણિકતાની આશા રાખતા નહીં કેમકે તેઓ ગીત ગાતાં ગાતાં એક ફૂલ ઉપરથી બીજા ફૂલ તરફ જાય છે. યુવાન લોકો મોહક અને સુંદર હોય છે ખરા પરંતુ તેઓ કોઈ એક વ્યક્તિને વફાદાર હોતા નથી.)

### INSOMNIA (અનિદ્રાનો રોગ)

مؤذّن بانگ بی هنگام برداشت
نمی داند که چند از شب گذشته است
درازی شب از مژگان من پرس
که یک دم خواب در چشمم نگشته است

**મુઅઝ્ઝિન બાંગ બી હંગામ બરદાશ્ત**
**નમી દાનદ કે ચંદ અઝ શબ ગુઝિશ્તા અસ્ત**
**દરાઝી શબા અઝ મઝગાન મન પરસ**
**કે યકદમ ખ્વાબ દર ચશ્મમ નગશ્તા અસ્ત**

(બાંગ પોકારનારે રાતનો સમય જાણ્યા વગર જ ખોટા સમયે બાંગ પોકારી. મારી આંખોની પાંપણોને રાતનો ખરો સમય શું છે તે પૂછો કારણ કે એક ક્ષણ માટે પણ મારી આંખોએ ઊંઘ લીધી નથી.)

### INTERRUPTION (વિક્ષેપ / ખલેલ)

سخن را سر است ای خردمند و بن
میاور سخن در میان سخن
خداوند تدبیر و فرهنگ و هوش
نگوید سخن تا نبیند خموش

**સુખન રા સર અસ્ત અય ખુર્દમંદ વ બન**
**મયાવર સુખન દરમિયાન સુખન**
**ખુદાવંદ તદબીર વ ફરહંગ વ વહૂશ**
**નગાવીદ સુખન તા નબીનદ ખમૂશ**

(અય બુધ્ધિશાળી માણસ ! વાર્તાલાપની શરૂઆત અને અંત બન્ને હોય છે. કોઈની સાથે વાત કરતાં કરતાં બીજાની સાથે વાત કરવા મંડી ન પડ. કોઈ વિવેકબુધ્ધિવાળો, સભ્યતાવાળો અને ચતુર માણસ મૌન ન સર્જાય ત્યાં સુધી કદી વચ્ચે બોલતો નથી હોતો.)

### INTOXICATION (નશો / ઉન્માદ)

خرّم آن فرخنده طالع را که چشم
بر چنین روی اوفتد هر بامداد

مست می بیدار گردد نیم شب
مستِ ساقی، روز محشر بامداد

**ખુર્રમ આન ફરખંદા તાલે'અ કે ચશ્મ**
**બર ચનીન રવી ઔફતદ હર બામદાદ**
**મસ્ત મી બેદાર ગરદીદ નીમ શબ**
**મસ્તે સાકી, રોઝે મહેશર બામદાદ**

(એ માણસ કેવો નસીબદાર કહેવાય કે જેની આંખો દરરોજ સવારે (સુંદર) ચહેરો જોતી હોય ! શરાબના નશામાં મસ્ત બનેલો માણસ અડધી રાત્રે કદાચ શાંત થઈ જાય પરંતુ એ માણસ કે જે શરાબ પાનાર સાકી દ્વારા નશામાં ચકચૂર થઈ ગયો હોય એ તો કયામતના દિવસ સુધી હોશમાં જ નહીં આવે.)

## JELAOUSY (ઈર્ષા)

توانم آنکه نیازارم اندرون کسی
حسود را چه کنم ؟ کو زخود به رنج دَرَست
بمیر تا برهی ای حسود، کاین رنجیست
که ازمشقّتِ آن جُز به مرگ نتوان رست

**તવાનમ આંકા નયાઝારમ અંદરૂન કસી**
**હસૂદ રા ચે કનમ ? કૂ ઝખૂદ બે રંજ દરસ્ત**
**બમીર તા બરહી અય હસૂદ કાયન રંજીસ્ત**
**કે અઝ મશક્કત આન ખુઝબે મર્ગ નતવાન દસ્ત**

(હું લોકોની લાગણીઓને દુભવવાનું નિવારી શકું તેમ છું પરંતુ ઈર્ષાળુ માણસ સાથે હું કેવી રીતે કામ લઈ શકું કે જે આવી બીમારીથી પીડાતો હોય ? અય ઈર્ષાળુ દુષ્ટ ! મરી જા. જે દુઃખથી તું પીડાય છે તેમાંથી તને મુક્ત તો માત્ર મોત જ કરી શકે તેમ છે.)

الا تا نخواهی بلا بر حسود
که آن بخت برگشته خود در بلاست
چه حاجت که با او کنی دشمنی؟
که او را چنین دشمنی در قفاست

**અલા તાનખ્વાહી બલા બર હસૂદ**
**કે આન બખત બર્ગિસ્તા ખુદ દર બલાસત**
**ચે હાજત કે બા અવ કુની દુશ્મની ?**
**કે અવ રા ચનીન દુશ્મની દર કફાસત**

(ઈર્ષાળુ માણસનું બૂરું ન ઈચ્છો કેમકે તે દુર્ભાગિયો તો પોતે જ પોતાની આફત છે. જેનો પીછો કરનાર પ્રતિસ્પર્ધી જ આવો હોય ત્યારે તેના પ્રત્યે દુશ્મની દર્શાવવાની શી જરૂર છે ?)

نور گیتی فروز چشمۀ هور
زشت باشد به چشم موشکِ کور

**નૂર ગૈતી ફિરોઝ ચશ્મએ હૂદ**
**ઝિસ્ત બાશદ બે ચશ્મ મુશ્કે કૂર**

(સૂર્યનું તેજ કે જે આખા વિશ્વને અજવાળે છે તે આંધળા ખચ્ચરને તો ડરામણું જ દેખાશે.)

شپّره گر وصل آفتاب نخواهد
رونقِ بازارِ آفتاب نکاهد


**શપ્પારા ગર વસ્ત આફતાબ નખ્વાહદ**
**રૌનકે બાઝારે આફતાબ નાખાહદ**

(જો ચામાચીડિયું સૂર્ય સાથે જોડાવા જ ન માગતું હોય તો પછી તે સૂર્યના ભપકાને ઘટાડી શકવાનું નથી.)

کند هرآینه غیبت حسود کوته دست
که در مقابله گنگش بود زبان مقال

**કુનદ હર આયના ગીત હસૂદ કુતા દસ્ત**
**કે દર મુકાબલા ગંગશ બૂદ ઝબાન મકાલ**

(દુષ્ટ, ઈર્ષાળુ માણસ કે જેની જીભ તમારી હાજરીમાં મૂંગી થઈ ગઈ છે તે ચોક્કસપણે તમારી પીઠ પાછળ નિંદા કરશે.) ✻



મો. વારિસઅલી
અકબરભાઈ (ગણેશપુરા)
Second M.B.B.S.
58.18%

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

**પ્યાલો પીવાની વિધિનો હુકમ કરાયો**

ત્યાર પછી, અમે સાતમી જન્નતે પહોંચ્યા. અહીંના સમય દરમિયાન જે જે ફરિશ્તાઓ સાથે અમે સંપર્કમાં આવ્યા તેમણે મને કહ્યું, પ્યાલો પીવાની વિધિ[૧] કરો અને તમારી ઉમ્મતને પણ એવું કરવાનો હુકમ આપો.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૬, બાબ-૩, ઈસ્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**પયગમ્બર ઈબ્રાહીમ(અ.)**

ત્યાર પછી અમે એક એવા માણસની પાસે પહોંચ્યા કે જેમના વાળનો રંગ સફેદ અને કાળા રંગના મિશ્રણ જેવો હતો. મેં જિબ્રઈલને પૂછ્યું,

'બયતુલ મામુરના બારણા પાસે, અલ્લાહની નજીક બેઠેલા આ માણસ કોણ છે ?'[૨]

જિબ્રઈલે જવાબ આપ્યો,

'તેઓ તમારા પિતા પયગમ્બર ઈબ્રાહીમ છે અને આ સ્થળે આપનું મકાન પણ છે અને સાથે તમારી ઉમ્મતની એક જમાઅતનું મકાન પણ આ છે કે જેઓ તક્વા ધરાવતા હતા.' એ સમયે મેં કુરઆન શરીફની નીચેની આયત વાંચી :

إِنَّ أَوْلَى النَّاسِ بِإِبْرَاهِيمَ لَلَّذِينَ اتَّبَعُوهُ وَهَٰذَا النَّبِيُّ وَالَّذِينَ آمَنُوا ۗ وَاللَّهُ وَلِيُّ الْمُؤْمِنِينَ ﴿٦٨﴾

ભાવાર્થ : નિઃસંશય સઘળા લોકોની સરખામણીમાં ઈબ્રાહીમ (સાથે)નો વધુ સંબંધ તે લોકોને છે કે જેઓ તેના અનુયાયી છે અને (ખાસ કરીને) આ નબી (મોહંમદ)ને છે તથા તે લોકોને છે કે જેઓ ઈમાન લાવ્યા છે; અને અલ્લાહ સર્વે મોમિનોનો કાર્યસાધક છે.

(સૂરએ આલે ઈમરાન, આયત-૬૮)

મેં તેમને સલામ કરી તો તેનો જવાબ આપતાં તેમણે ફરમાવ્યું,

'પધારો, અય પયગમ્બર અને અય મારા સદગુણોથી ભરપૂર સંતાન ! અય તે કે જેને સારા સમયે પસંદગી કરવામાં આવી છે.'

આ જગ્યાએ પણ ફરિશ્તાઓ સંપૂર્ણ વિનમ્રતા અને વિવેકપૂર્વક હાજર હતા. તેમણે મને મારી અને મારી ઉમ્મતની ભલાઈની ખુશખબરી આપી.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૬, બાબ-૩, ઈસ્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**પ્રકાશ અને અંધકારની નદીઓ**

સાતમા આસમાનમાં મેં પ્રકાશની એવી નદીઓ જોઈ કે જેમાંથી નીકળતા પ્રકાશથી આંખો અંજાઈ જતી હતી. અંધકારની નદીઓ પણ ત્યાં આવેલી હતી કે જે બરફથી આચ્છાદિત હતી અને ગર્જના અને ઘૂઘવાટના અવાજો સાંભળી શકાતા હતા. હું આ નદીઓ જોવામાં તલ્લીન હતો ત્યારે જિબ્રઈલે મને કહ્યું,

'અય મોહંમદ ! અલ્લાહે તમારા માટે જે કૃપાઓ અને નેઅમતો પસંદ કરી છે તે બદલ અલ્લાહનો આભાર માનો.'

---

૧ પ્યાલો પીવાની વિધિ (cupping) એક મેડિકલ સારવાનું સ્વરૂપ છે જેનો ઉલ્લેખ ઘણી બધી હદીસોમાં કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે જુઓ પુસ્તકો જેવાં કે તિબ્બ અલ નબી, તિબ્બ અલ અઈમ્મા.

૨ અલ્લાહ(સુ.વ.ત.) માટે કોઈ નિશ્ચિત સ્થાન કે જગ્યા નથી કેમકે તે ભૌતિક શરીર ન ધરાવતો હોવાથી તેને કોઈ નિશ્ચિત જગ્યામાં મર્યાદિત ન કરી શકાય તેથી **'અલ્લાહની નજીક'**નો અર્થ ગૂઢાર્થ કરતાં આધ્યાત્મિક અર્થ વધારે પ્રમાણમાં છે.

મેં દુઆ માગી,

'અય અલ્લાહ ! તારી સત્તા અને ભવ્યતાની સચ્ચાઈના વાસ્તાથી મારા ઈમાનને અડગ રાખજે.'

ત્યાર પછી મેં જિબ્રઈલને કહ્યું,

'આ તો ખૂબ સુંદર અને નવાઈ પમાડે તેવું દૃશ્ય છે.'

તેમણે જવાબ આપ્યો,

'આ તો તમારા પાલનહારે કે જેણે બધી જ વસ્તુઓને પેદા કરી છે - તેના સર્જનોનો માત્ર થોડોક જ ભાગ તમે જોયો છે અને તેનો અમુક ભાગ તો હજુ તમે જોયો જ નથી.'

જિબ્રઈલે આવું કહીને (પોતાનું વકતવ્ય) ચાલું રાખ્યું, 'અલ્લાહના અને તેના સર્જનોના વચ્ચે ગયબતના ૯૦,૦૦૦ પડદા અસ્તિત્વ ધરાવે છે અને બધાં સર્જનોમાં અલ્લાહની સૌથી નજીક ઈસરાફિલ અને હું છું અને અલ્લાહ અને અમારી વચ્ચે ચાર પડદા : પ્રકાશ, અંધકાર, વાદળ અને પાણીના આવેલા છે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૬, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

## નવાઈ પમાડે તેવું સર્જન

મેઅરાજના ટાણે સૌથી વધારે નવાઈ પમાડે તેવું સર્જન જો કોઈ મેં જોયું હોય તો તે એવું સર્જન હતું કે જેના પગ સાતમા પાતાળમાં અને જેનું શરીર ઊંચે સુધી એટલું બધું આવેલું હતું કે તેનું માથું અલ્લાહના હુકમથી અર્શે બરીથી ય ઉપર આવેલું હતું. વળી ત્યાં એક એવો ફરિશ્તો પણ હતો કે જેના પગ સાતમા પાતાળે અને જેનું શરીર ઉપર તરફ વધતું વધતું છેક અર્શે બરી સુધી પહોંચતું હતું.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૭, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

## પીંછાંવાળા ફરિશ્તા

જ્યાં સુધી સાતમા આસમાનનો અંત ન આવ્યો ત્યાં સુધી અમે અમારા રસ્તા ઉપર આગળ વધ્યા. ત્યાં (સાતમા) આસમાનના અંતે અમે અલ્લાહના અર્શને નજરો નજર નિહાળ્યું. અહીં મેં એક ફરિશ્તાને જોયો કે જે અલ્લાહની ભવ્યતાનું વર્ણન આ મુજબ કરી રહ્યો હતો :

**سُبّحان ربّي حَيثُ ماكُنتُ لَا أَذرِى اَيُنَ رَبُّكَ مِنَ أَلعظِيم شانهُ**

ભાવાર્થ : હું જ્યાં જ્યાં હોઉં છું ત્યાં ત્યાં મારા પાલનહારનો જય જયકાર છે. મને ખબર પડતી નથી કે તમારો પાલનહાર તેના મહાન મોભાને કારણે કઈ જગ્યાએ છે.

આ ફરિશ્તાને એવી બે પાંખો હતી કે જો તેમને ખુલ્લી કરવામાં આવે તો બ્રહ્માંડના પૂર્વથી માંડીને પશ્ચિમ સુધીના ભાગને ઢાંકી દે. દરરોજ સવારે તે પોતાની પાંખો ખોલી નાખે છે, કોઈક વસ્તુની સામે મૂકી રાખે છે અને આ મુજબ બૂમ પાડે છે :

**سُبّحان اَللّٰه اَلُمَلِكِ اَلُقُدُّوسِ سُبّحان اَللّٰه اَلُكَبِيرُ اَلُمُتَعَالِ**

**لَا اِلَهَ الاّ اَللّٰهُ اَلُحَىِّ اَلُقَيُّومِ**

અર્થાત : 'સઘળી પ્રશંસા એ મહાન અને પવિત્ર અલ્લાહ માટે જ છે, સઘળી પ્રશંસા એ મહાન અને સર્વોચ્ચ અલ્લાહ માટે જ છે. નથી કોઈ માઅબૂદ સિવાય જીવંત અને સદાકાળ રહેનાર (હૈયુલ કૈયુમ) અલ્લાહના.'

જ્યારે જ્યારે ફરિશ્તો આ તસ્બીહ કહે છે ત્યારે ત્યારે બધા જ કૂકડા કે જેઓ ધરતી પર આવેલા છે અલ્લાહની પ્રશંસા કરવા માંડે છે અને (અલ્લાહના) સન્માનમાં પોતાની પાંખો ખોલી નાખે છે.

જ્યારે જ્યારે સ્વર્ગમાં રહેલો આ ફરિશ્તો શાંત થઈ જાય છે ત્યારે ત્યારે ધરતી પર આવેલા કૂકડા પણ શાંત થઈ જાય છે.

જન્નતના ફરિશ્તાનાં પીંછાં લીલા રંગનાં અને પાંખો સફેદ રંગની હતી - એટલી બધી સફેદ કે આવી સફેદ પાંખો પહેલાં કદી કોઈએ જોઈ નહીં હોય. તેનાં લીલાં પીંછાંની નીચે સફેદ રંગીન પાંખો આવેલી છે કે જે ખૂબ જ સુંદર છે - એવો લીલો રંગ કે જે કદી પહેલાં જોવામાં આવ્યો ન હોય.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૭, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) (ક્રમશઃ)

# તોહીદ

લેખન
મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

એવી જ રીતે અલ્લાહ દરેક પ્રકારના ખોટાપણાથી પવિત્ર અને પર છે એટલે એક પણ ખોટું કામ કરતો નથી. એવી જ રીતે એ અપૂર્ણ પણ નથી મોહતાજ પણ નથી અને નિરૂપાય પણ નથી. તેથી તેના કોઈ કામનો હેતુ તેના અંગત સ્વાર્થનો તો હોઈ શકતો જ નથી. બલ્કે તેના પ્રત્યેક કૃત્યમાં તેના બંદાઓનું જ કંઈને કંઈ હિત સમાયેલું હોય છે. એ જુદી વાત છે કે આપણી બુધ્ધિ અને સમજશક્તિમાં રહેલી ઉણપના કારણે અથવા બીજી કોઈ ખામીને કારણે આપણને તાત્કાલીક આપણું હિત શામાં છે એ ન પણ સમજાય.

એક વિશ્વાસુ ડૉકટર આપણને દવા આપે ત્યારે આપણને ઘણી વાર એ સમજાતું નથી કે તેણે આ દવા શા માટે આપણને આપી હશે. પરંતુ જો ડૉકટર પર આપણો પૂરો વિશ્વાસ હોય તો તે વાત માન્યા વગર આપણો છૂટકો જ નથી કે એ દવા આપણા લાભની જ હોવી જોઈએ. એ વગર પેલો વિશ્વાસુ ડૉકટર એ દવા આપે જ નહીં. એવી જ રીતે શરીઅતની સઘળી આજ્ઞાઓના કયા લાભો છે એની પૂરેપૂરી જાણ આપણને ન હોય અથવા એ લાભ સમજવા જેટલી આપણી બુધ્ધિમાં શક્તિ ન હોય પણ જો આપણને અલ્લાહ તઆલાના જ્ઞાન અને તેની અદાલત એટલે કે ન્યાયપ્રિયતા પર સંપૂર્ણ વિશ્વાસ હોય તો આપણે માની લેવું પડશે કે તેની એ આજ્ઞાઓમાં આપણું હિત હોવું જ જોઈએ.

સાથે સાથે એ પણ જરૂરી છે કે મનુષ્યને અલ્લાહે વિવેક બુધ્ધિ આપી છે. તેને સારા ખોટાની સમજ છે. એટલા માટે ઈન્સાન જે કંઈ કરે છે તે પોતાની ઈચ્છા અને મરજીથી કરે છે. તેથી તે પોતે જે કંઈ કરે તેનાં પરિણામો માટેની સઘળી જવાબદારી તેની પોતાની છે. માટે જ ઈન્સાને ઈરાદાપૂર્વક સારાં કામો કરવાં કે ખોટાં એ તેણે પોતે નક્કી કરવાનું હોય છે. એટલે જો અલ્લાહે મનુષ્યને વિવિધ બુધ્ધિ ન આપી હોત તો તેની પાસે ખરું ખોટું કામ એણે જ કરાવ્યું હોત અને પછી તેના બદલામાં જન્નતનું શુભફળ અથવા જહન્નમની સજા આપી હોત તો શું એ ચોખ્ખી નાઈન્સાફી ન હોત ? અલ્લાહે પોતાના બંદાઓને દરેક કામમાં સ્પષ્ટ આજ્ઞાઓ આપી દીધી છે. આ કામ 'વાજિબ' છે, પેલું 'હરામ'. આ 'મુસ્તહબ' છે અને પેલું 'મકરૂહ' અને 'મુબાહ'. એવું ઘણું સ્પષ્ટ બતાવી દીધું છે. એનું કારણ એ જ છે કે ઈન્સાનો અને એમના જેવા બીજા સજીવ સિવાય તેનાં બધાં જ સર્જનો તે છે કે જે પોતાના સર્જનના હેતુને કુદરતના ઈશારા પ્રમાણે જ પૂરું કરી રહ્યા છે. જુઓ સૂર્યનું સર્જન જે હેતુસર કરવામાં આવ્યું છે તે કદી તેના વિરૂધ્ધ કામ નથી કરતો. ચાંદ, તારા, હવા, દરિયો, પાણી, ટૂંકમાં એ બધાં જ સર્જનો અલ્લાહની આજ્ઞાઓ મુજબ વર્તે છે.

ઈન્સાન વિવેક બુધ્ધિ અને ઈચ્છા શક્તિનો માલિક હતો એટલા માટે જો તેને સાવ બે-લગામ રીતે છોડી દેવામાં આવત તો કદાચ તે પોતાની ઈચ્છા શક્તિથી જ ખોટી રીતે દોરવાઈ જઈને પોતાનાં અને અલ્લાહનાં બીજાં સર્જનોના વિનાશ માટે કારણભૂત બનત. એટલા માટે અલ્લાહે તેને વિવેક બુધ્ધિ અને ઈચ્છાશક્તિ આપ્યાં પછી તેની અમુક મર્યાદાઓ નક્કી કરી નાખી. એવી જ રીતે એ પણ અત્યંત જરૂરનું હતું કે મનુષ્યને માટે અલ્લાહનાં બીજાં સર્જનો પ્રત્યેના હક્કો અદા કરવાની સાથે સાથે ખુદ અલ્લાહ પ્રત્યેના હક્કો અદા કરવાની જવાબદારી પણ નક્કી કરવામાં આવે અને તે નમાઝ, રોઝા અને અલ્લાહના ડર દ્વારા તમામ આજ્ઞાઓનું પાલન કરવા માટે ટેવાય કારણ કે તેના આજ્ઞાપાલન પર આખી ય સૃષ્ટિની વ્યવસ્થા અદ્લ, ઈન્સાફ અને હકદારને

હક મળવો, વિગેરેનો આધાર રહેલો હતો. એ જ તરફ કુરઆને મજીદનો ઈશારો છે કે :

**વલકદ અર્સલના રોસોલના બિલ બય્યેનાતે વ અન્ઝલ્ના હુમુલ કિતાબો વલ મીઝાના લિયકુમુન્નાસે બિલ કસ્ત.**

(અર્થ : અમે રસૂલોને ઊઘાડી નિશાનીઓ સાથે મોકલ્યા અને તેમની સાથે આસમાની કિતાબો અને કાર્ય કરવાની પધ્ધતિ મોકલી જેથી લોકો ન્યાય પર કાયમ રહે.)

રસૂલોના આગમન અને આકાશી કિતાબોના નુઝૂલનો હેતુ કેવળ એટલો જ છે કે લોકો રાહે રાસ્ત એટલે કે સમતોલ માર્ગ પર ચાલતા રહે, જેનો હક હોય તે આપતા રહે, તેની આજ્ઞાઓ પર અમલ કરવા માટે લોકો પ્રેરાય અને તેનો વિરોધ કરતાં ખચકાય. એટલા માટે **'સવાબ'** અને **'અઝાબ'**નાં વચનો આપવામાં આવ્યાં પરંતુ તેનો અર્થ એવો ન કરવો જોઈએ કે જન્નત અને જહન્નમનાં વચનો કેવળ વચનો જ છે અને તેમાં કશું તથ્ય નથી કેમકે તેનો અર્થ પછી એવો થઈ જશે કે અલ્લાહે ખોટાં વચનો આપ્યાં અને અલ્લાહ દરેક પ્રકારના ખોટાપણાથી વિમુક્ત છે.

અલ્લાહે ઈન્સાન, હેવાન, પશુ, પક્ષી, ઝાડ વિગેરે જેવી અસંખ્ય વસ્તુઓ સર્જી છે ઈન્સાન પોતાનાં કૃત્યો માટે, દરેક માણસ એ સમજી બુઝીને જાણી જોઈને અને વિચારીને કરતો હોવાથી, એ જ બધી રીતે જવાબદાર છે. (ક્રમશઃ)

COLORAMA

Interiors | Consultants


ફલેટ, બંગલો, ઓફિસ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ, અને શો રૂમના કમ્પલીટ ઈન્ટીરીયર ડીઝાઈનર.

કોન્ટેક્ટ : મોમીન નજરઅલી જી.એ.
મો. 09030979468

Hyderabad | Ahmedabad | Rajkot
Email : colorama.interiors@gmail.com

૭૮૬/૪૨૯/૪૪૦

# અલ V ટૂર (અલ-વી ટૂર)



**પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી ખડીયાસણા નિવાસી મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખીએ સતત સાત વર્ષથી હજ ઝિયારત અને ઉમ્રહ ઝિયારતનો સફળતાપૂર્વક સફર પૂર્ણ કરી ચૂકેલ છે. આગામી ઉમ્રહ ઝિયારત ટૂરનું આયોજન ૧૦/૬/૨૦૧૧ના રોજ ઈન્શાઅલ્લાહ વતનથી રવાના થશે તો જે મોમિન ભાઈ-બહેનોએ આ ટૂરમાં જોડાની ઈચ્છા હોય તો નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.**

**સંપર્ક ☞ મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખી**

**મુ. ખડીયાસણા, તા. સિધ્ધપુર, જિ. પાટણ. મોબાઈલ : ૯૮૨૫૪૧૧૪૪૦**

**ઝિયારતો**

**મદીના મુનવ્વરા** : મક્કાએ મોઅઝઝમા
**સિરિયાનો ઝિયારતો** : રક્કા, હલબ, નબી ઝકરીયા, સિરીયાનું કબ્રસ્તાન)
**ઈરાકની ઝિયારતો** : કરબલા, નજફ, કુફા, કાઝમૈન, હિલ્લા અને કરબલાની અતરાફની ઝિયારતો ઈન્શાઅલ્લાહ શામરરાહની ઝિયારતો
**ઈરાનની ઝિયારતો** : મશહદ (શાહે ખુરાસાન), માસુમાકુમ, મિસ્જદે ઝમકરાન, માસુમા કુમની અતરાફની ઝિયારતો, શાહ અબ્દુલ અઝીમ, બીબી શેરબાનુ, નિશાપુરની તમામ ઝિયારતો

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### બની અબ્દુલ મુત્તલિબના ફઝાઈલ

અનસ બિન માલિક કહે છે કે તેહકીકપૂર્વક જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે કે અમે બની અબ્દુલ મુત્તલિબ એહલે જન્નતના સરદાર છીએ. હું અને હમ્ઝા અને અલી અને જાફર અને હસન અને હુસૈન અને મહદી.

અનસ બિન માલિકથી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.) ફરમાવતા હતા, અય બની અબ્દુલ મુત્તલિબ ! મેં તમારા માટે ખુદાથી ત્રણ બાબતોની દુઆ કરી છે કે તમને સખી અને દિલેર અને રહીમ બનાવી દે.

ઈબ્ને અબ્બાસ નકલ કરે છે કે કુરૈશના કેટલાક માણસો સફીયા બિન્તે અબ્દુલ મુત્તલિબની પાસે ગયા અને ફખ્ર કરવા લાગ્યા અને અજ્ઞાનતાની વાત કરવા લાગ્યા. જનાબે સફીયાએ કહ્યું, અમારામાંથી જનાબે રસૂલિલ્લાહ(સ.) છે, તેઓ કહેવા લાગ્યા, એક વૃક્ષ કબાની જમીનમાં પેદા થયું છે. સફીયાએ કહ્યું, કઈ વસ્તુ છે ? તેઓ કહેવા લાગ્યા, શું એ જમીન છે કે જે સારી ન હોય ? આ બાબતને સફીયાએ જનાબે રસૂલિલ્લાહ(સ.) સમક્ષ બયાન કરી. આં હઝરત(સ.)એ બિલાલને કહ્યું, અય બિલાલ ! લોકોને નમાઝના માટે પોકારો. બિલાલ(રઝી.)એ લોકોને નમાઝ માટે પોકાર્યા. હઝરત મિમ્બર ઉપર ઊભા થઈને ફરમાવવા લાગ્યા, અય લોકો ! હું કોણ છું ? લોકોએ અરજ કરી, આપ રસૂલિલ્લાહ(સ.) છો. આપે ફરમાવ્યું, મારા નસબનું વર્ણન કરો. લોકોએ કહ્યું, આપ મોહંમદ(સ.) બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ છો. આપે ફરમાવ્યું, હા, હું મોહંમદ બિન અબ્દુલ્લાહ અને રસૂલિલ્લાહ છું. કેવી હાલત છે એ લોકોની કે જે મારી અહલને તુચ્છ સમજે છે. અલ્લાહ કસમ, હું અસલની અને વેષભુષાની બાબતમાં બધાયથી અફઝલ છું.

જનાબે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ (રઝી.)થી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ (સ.)ને ખબર પડી કે લોકો આપની અહલની બાબતમાં કંઈક કહે છે. તેથી હઝરત મિમ્બર ઉપર ચઢ્યા અને ફરમાવવા લાગ્યા, હું કોણ છું ? લોકોએ અરજ કરી, આપ રસૂલિલ્લાહ છો. હું મોહંમદ બિન અબ્દુલ્લાહ છું. ખુદાએ ખલ્કતને પેદા કરી છે અને મને પોતાની બેહતરીન ખલ્કતમાં ગણ્યો. ત્યાર પછી તેમના બીજા ગુરોહ બનાવ્યા અને મને તેના બેહતર ગુરોહથી બનાવ્યો પછી દરેક ફિરકામાંથી કબીલા બનાવ્યા અને મને તેમાંથી બેહતર કબીલામાંથી બનાવ્યો. ત્યાર પછી તેમનાં ઘર બનાવ્યાં અને મને એમાંથી સારા ઘરમાંથી ઉઠાવ્યો.

### જનાબે અબુતાલિબ બિન અબ્દુલ મુત્તલિબનું વર્ણન

જનાબે અબુતાલિબનું નામ અબ્દે મનાફ છે. કેટલાક ઈતિહાસકારોએ ઈમરાન પણ લખ્યું છે. હાકિમ લખે છે કે તેમનું નામ અબ્દે મુનાફ છે અને અબુતાલિબ તેમની કુન્નિયત છે. તેઓ આં હઝરત(સ.)ના પિતાશ્રી અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબના એક ભાઈ હતા. એ બન્ને ભાઈઓની માતા ફાતેમા બિન્તે ઉમરૂ બિન આઈઝુલ મખ્ઝુમિયા હતાં. સૈયદ એહમદ ઢલાન(રહે.) સીરતુન્નબુવ્વહમાં લખે છે કે અબુતાલિબ એ

લોકોમાંથી હતા કે જેમણે પોતાના પિતા અબ્દુલ મુત્તલિબની માફક જાહેલિયત(ના જમાના)માં પોતાના ઉપર શરાબ પીવાને હરામ કર્યો હતો.

અબુતાલિબ આં હઝરત(સ.)થી અંદાજે ૩૫ વર્ષ મોટા હતા અને નિર્ધન હોવા છતાં ય **શૈખુલ કુરૈશ** અને **સૈયદુલ બત્હા** અને **રઈસે મક્કા મોઅઝ્ઝમા** તરીકે પ્રખ્યાત હતા. જ્યારે આં હઝરત(સ.)ના પિતાશ્રી અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબનું અવસાન થઈ ગયું તો એ વખતે આપના દાદા અબ્દુલ મુત્તલિબ જીવતા હતા. હઝરત આપના પવિત્ર સાનિધ્યમાં ઉછેર પામતા રહ્યા. જ્યારે જનાબે અબ્દુલ મુત્તલિબનો ઈન્તેકાલ થયો તો જનાબે અબુતાલિબ હઝરત(સ.)નો ઉછેર કરનાર બન્યા.

અસાબા ફી તમીઝુલ સહાબામાં અલ્લામા ઈબ્ને હજર લખે છે : જ્યારે જનાબે અબ્દુલ મુત્તલિબનો ઈન્તેકાલ થઈ ગયો તો તેમણે જનાબે અબુતાલિબને આં હઝરત(સ.)ના ઉછેર માટે વસિયત કરી. આથી જનાબે અબુતાલિબે આપનો ઉમદા તરીકાથી ઉછેર કર્યો અને તેમના ઉછેરમાં પોતાના બાપની વસિયત ઉપર અમલ કર્યો અને આપને સાથે લઈને શામની સફર કરી. હઝરત એ વખતે યુવાન થઈ ચૂક્યા હતા અને જ્યારે હઝરત(સ.) રિસાલત ઉપર મબઊસ થયા તો જનાબે અબુતાલિબ હઝરત(સ.)ની મદદ કરવા માટે કટિબધ્ધ બની ગયા અને જે લોકો હઝરત(સ.)ના દુશ્મન થઈ ગયા હતા તેમના ઉપદ્રવથી હઝરત(સ.)ને દૂર કર્યા અને હઝરતનાં ખૂબ વખાણ કર્યાં. (ક્રમશઃ)

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૬ના જવાબો**

(૧) મસ્જિદે કુબા (૨) નમાઝે તહજ્જુદ (૩) મુરતદ (૪) જનાબે ઝયનબ(અ.) (૫) કુરઆન અને એહલેબયત (૬) મીકાઈલ (૭) હઝરત સલમાન ફારસી(રઝી.) (૮) મસ્જિદે બયતિલ મામૂર


મો. ૯૩૭૪૭૨૯૪૨૯
૯૩૨૮૦૭૫૩૪૦

BOSCH MICO SERVICE Lucas

**બેસ્ટ ડીઝલ્સ**
**માઈકો સર્વિસ**

**મોઈકો, બોસ, લુકાસ વગેરે**
**દરેક જાતના ડિઝલ પંપ રીપેર કરનાર.**

**ભિલોડા ત્રણ રસ્તા, સાગર કોમ્પલેક્ષ,**
**પહેલો માળ, ઈડર.**



**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### વફાદારી અને વચનભંગ

- વફાદારીનો અર્થ થાય પોતાની ફરજો પ્રત્યે, વચનો પ્રત્યે વફાદાર રહેવું. વફાદારી એક એવો શબ્દ છે કે જેનો આપણે ખૂબ ઉપયોગ કરતા આવ્યા છીએ તે કારણે તેના ઉપર વધારે ભાર મૂકવો નથી તેમ છતાં તેની ઈસ્લામમમાં અગત્ય હઝરત મોહંમદ પયગમ્બર(સ.)ની નીચેની હદીસથી દર્શાવી શકાય તેમ છે.

**'જે બિનવફાદાર છે તે ઈમાનદાર નથી.'**

- વફાદારી એ શિષ્ટાચારનો એક ભાગ છે કે જેને ઈસ્લામે આપણને શીખવ્યો છે. અલ્લાહની નજરમાં વફાદારી ધરાવનાર માણસનો દરજ્જો ખૂબ ઊંચો છે.
- આપણે જાણીએ છીએ કે વફાદારીનો વિરોધી શબ્દ બેવફાઈ-દગો છે. એટલે કે વચનભંગ કરવો અને કોઈને પછાડી દેવો.

હઝરત રસૂલે અકરમ(સ.)એ ફરમાવ્યું છે :

**'એના કરતાં વધારે ઊંચા પ્રકારની બીજી કોઈ બેવફાઈ નથી કે તમારા દીનબંધુની સાથે કોઈ પ્રસંગને જોડી દો જ્યારે કે તે તમારામાં વિશ્વાસ ધરાવતો હોય અને તેનાથી ઉલ્ટું તમે તેની સાથે જૂઠું બોલ્યા હો.'**

આ બાબત બતાવે છે કે પોતાની જીભને (વાણીને) અંકુશમાં રાખવી તે વફાદારીનો એક અગત્યનો ભાગ છે. તેમ છતાં ય વફાદારીમાં કાર્યોની બજવણીનો પણ સમાવેશ થાય છે.

જ્યારે આપણે કોઈને વચન આપીએ તો આપણે તે વચન પાળવા માટે બંધાયેલા છીએ. બીજા લોકો તમારા ઉપર આધાર રાખતા હોય છે અને તમે તેમને નીચે પછાડી શકો નહીં. જો તમને એવી ખાત્રી હોય કે તમે જે કંઈ કહ્યું છે તે તમે કરી નહીં શકો તો વચન આપવું જ નહીં. માત્ર એટલું જ કહેવું કે આ કાર્ય કરવા માટે હું પ્રયત્ન કરીશ.

લોકો ઘણી વખત વચનો આપે છે જે તેઓ પાળતા નથી કે પાળી શકતા નથી. આની પાછળનાં કારણો શું છે ? લોકો શા માટે આવાં વચનો આપે છે ? શું આપણે આવાં દૃષ્ટાંતોનો વિચાર કરી શકીએ ?

**યકીન :**

આપણે શ્રધ્ધા અને ઈમાન વિષે જાણીએ છીએ. યકીનનો અર્થ થાય ચોક્કસતા યથાર્થતા હોવી, ચોક્કસ હોવું અને યકીન ઈમાન કરતાં વધારે ઊંચા દરજ્જામાં છે.

આપણને કહેવામાં આવ્યું છે કે અલ્લાહ છે. શું આપણે તેને જોયો છે ખરો? જ્યારે આપણે વાંચીએ છીએ અને શીખીએ છીએ અને જ્યારે આપણને સમજાવવામાં આવે છે ત્યારે આપણને વિશ્વાસ થાય છે અને આપણે માનીએ છીએ કે અલ્લાહ અસ્તિત્વ ધરાવે છે. પછી આપણે આપણો તર્ક દોડાવીએ છીએ. આપણે જોઈએ છીએ કે અલ્લાહ અસ્તિત્વ ધરાવતો જ હોવો જોઈએ. આપણે તેની નિશાનીઓ આપણી આજુબાજુ જોઈએ છીએ અને આપણી બુધ્ધિ દ્વારા આપણે જાણીએ છીએ કે હા, ફક્ત એક જ ખુદા હોઈ શકે છે અને તેણે અસ્તિત્વ ધરાવવું જ જોઈએ. આ છે આપણી શ્રધ્ધા, આપણું ઈમાન.

- જ્યારે આપણામાં ઈમાન પેદા થાય છે ત્યાર પછી આપણે અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે હર વખતે સખત પ્રયત્ન કરીએ છીએ. આપણે દુઆઓમાં તેની સાથે વાત કરીએ છીએ, જ્યારે જરૂર પડે છે ત્યારે આપણે તેને સંબોધીને વાત કરીએ છીએ અને વળી જો આપણે પૂરતા પ્રમાણિક હોઈએ, જો આપણે શું કહીએ છીએ

તેનો ભાવાર્થ જાણતા હોઈએ તો આપણે તેનો જવાબ પણ અનુભવીશું. અલ્લાહ આપણી સાથે વાત કરશે. તે આપણા કાન સાથે વાત નહીં કરે પરંતુ તે સીધે સીધો આપણા દિલ સાથે વાત કરશે.

- એટલે જ તો જ્યારે ઈમામ અલી મુર્તઝા(અ.)ને પૂછવામાં આવ્યું,

'આપ એવા ખુદાની ઈબાદત કરો છો કે જેને તમે જોઈ શકતા નથી?'

'ના, હું એવાની તો કદી ઈબાદત ન કરું કે જેને હું જોઈ ના શકું. હું અલ્લાહને મારા હૃદયથી જોઉં છું, નહીં કે મારા મગજથી.'

- આ બાબત બતાવે છે કે જ્યારે આપણે યકીનના તબક્કે પહોંચીએ છીએ તો ઈન્શાઅલ્લાહ આપણે હકીકતમાં જાણીશું કે અલ્લાહ છે. આપણે દરેક ઠેકાણે તેની હાજરીનો અનુભવ કર્યો હશે અને આપણે નિઃશંકપણે એ બાબતમાં ચોક્કસ હોઈશું. પછી શયતાન આપણા મગજમાં વસવસાઓ પેદા નહીં કરી શકે.

તેથી જ તો યકીન આટલા બધા ઊંચા તબક્કે છે. ફક્ત એવો જ માણસ આ દરજ્જે પહોંચી શકે કે જેનામાં ધીરજ હોય.

## પ્રસન્નતા પેદા કરે તેવાં કાર્યો

- અલ્લાહ તઆલા કુરઆને મજીદ સૂરએ બકરહ, આયત-૨૭૭માં ફરમાવે છે :

**'જેઓ ઈમાન ધરાવે છે અને નેકીનાં કામો કરે છે અને નિયમિત ઈબાદત કરે છે અને નિયમિત દાન આપે છે, તેમનો બદલો તેમના પરવરદિગારની પાસે હશે, તેમને ન તો કોઈ ભય હશે કે ન તો તેઓ દુઃખી હશે.'**

એવાં તો ઘણાં બધાં કાર્યો છે કે જેમને જો નિયમિત પણે કરવામાં આવે તો તેવા લોકોથી કે જેઓ તે અદા કરે છે તેમનાથી અલ્લાહ ખુશ થાય છે.

આપણે નેક કાર્યો કરવાં જોઈએ કારણ કે આપણા દ્વારા લોકોને લાભ પહોંચે છે. નેક બનીને આપણે અલ્લાહની આજ્ઞાઓ પાળીએ છીએ અને તેને ખુશ કરીએ છીએ. વળી બીજાઓને મદદ કરીને આપણે સારી લાગણી અનુભવીશું.

આવાં કેટલાંક કાર્યો નીચે મુજબ છે :

(૧) નમાઝે તહજ્જુદ માટે અને નમાઝે ફજર માટે વહેલા ઊઠી જવું.

(આયતો : ૫૧:૧૫, ૫૧:૧૬, ૫૧:૧૭, ૫૧:૧૮)

(૨) સવારે જાગીને વડીલોને-મા બાપને સલામ કરવી અને તેમની કોઈ હાજત હોય તો પૂરી કરવા માટે તત્પર બનવું.

(૩) સવારના પહોરમાં કોઈ કાર્યની શરૂઆત પહેલાં કુરઆન શરીફની તિલાવત કરવી.

હઝરત મોહંમદ મુસ્તફા(સ.)એ ફરમાવ્યું છેઃ

**'તમારામાંથી સૌથી સારા લોકો એ છે કે જેઓ પોતે કુરઆન પઢતાં શીખે છે અને બીજાઓને કુરઆન પઢતાં શીખવાડે છે.'**

આપ(સ.)એ એવું પણ ફરમાવ્યું છે :

**'કુરઆનની તિલાવત દ્વારા તમારા ઘરમાં રોશની પ્રગટાવો અને તમારા ઘરોને અંધારી કોટડીઓ ન બનાવો કેમકે જ્યારે ઘરમાં કુરઆનનું વારંવાર વાંચન થાય છે ત્યારે અલ્લાહની રહેમત નાઝિલ થાય છે અને એ ઘરોમાં લોકો આરામપૂર્વક અને સુખપૂર્વકની જિંદગી જીવે છે અને તે ઘર જન્નતી મખ્લૂકના દૃશ્યથી ચમકે છે. જેવી રીતે પૃથ્વીની મખ્લૂક માટે તારાઓ ચમકતા હોય છે.'**

(૪) જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી. દરેક જણ

**આપ ખોવે તો પીયુ મિલે, પીયુ ખોવે તો સબ હાણ,**
**અકથ્ય કહાની પીયુકી, સમજો ચતુર સુજાણ.**

(માણસ પોતાની જાતને એટલે કે 'સ્વ'ને ગુમાવી દે તો પીયુ મળે અને જો પીયુને ગુમાવી દે તો નુકસાન જ નુકસાન છે. પીયુની કથા કહી ન શકાય તેવી છે. હે જ્ઞાની અને હોંશિયાર માણસ ! તું આ વાતને સમજ.)

અલ્લાહ પાસેથી મદદ મેળવે છે. અલ્લાહને એવા લોકો વધારે ગમે છે કે જેઓ બીજાઓ પ્રત્યે દયાભાવ રાખે અને તેમને મદદ કરવાના સખત પ્રયત્નો કરે.

(૫) ગરીબોને દાન આપવું. અલ્લાહે જ આપણને આપણી ધન દોલત આપી છે. આપણે જેને જરૂર હોય તેવા બીજા લોકોને તે ધન આપીને અલ્લાહનો આભાર વ્યક્ત કરવો જોઈએ.

(૬) સમયસર નમાઝ અદા કરવી.

આપણા છઠ્ઠા ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે :

**'જે સમયસર નમાઝ પઢતો નથી તે અમારામાંથી નથી.'**

(૭) હંમેશાં બધા જ સમયે સત્ય જ બોલવું.

હઝરત મોહંમદ મુસ્તફા(સ.)એ ફરમાવ્યું છેઃ

**'જૂઠનો ત્યાગ કરો અને સાચું બોલવાની આદત પાડો.'**

વળી આપણને એવું પણ કહેવામાં આવ્યું છે કે જૂઠ બીજા બધા જ અનિષ્ટોની જનેતા છે કેમકે જ્યારે આપણે જૂઠું બોલીએ છીએ ત્યારે આપણે બીજી કોઈ ખરાબ બાબત આચરવાનું શરૂ કરી દેવાના જ.

(૮) મહેમાનનવાઝ બનો.

ઘરમાં મહેમાનને બોલાવવાની બાબતમાં હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**'જ્યારે અલ્લાહ કોઈ કુટુંબનું ભલું કરવાનું ઈચ્છે છે તો તે તેના ઉપર એક ભેટ મોકલે છે અને આ ભેટ છે મહેમાન કે જે પોતાની સાથે અલ્લાહ તરફથી રોઝી લઈને આવે છે અને જ્યારે તે (મહેમાન) જાય છે ત્યારે ઘરના માણસોના ગુનાહ ધોઈ નાખે છે.'**

આનો અર્થ એવો થતો નથી કે કુટુંબના માણસોના ગુનાહ ગાયબ થઈ જશે. એનો અર્થ તો એવો થાય છે મહેમાન કુટુંબના માણસોને સારા બનવાની અને મહેમાનનવાઝ બનવાની તક આપે છે. જો કુટુંબના સભ્યો સારા મહેમાનનવાઝ બને તો અલ્લાહ પણ તેમનાથી ખુશ થશે અને તેની દયાથી તે લોકોના ગુના માફ કરશે.

(૯) જમ્યા પહેલાં અને જમ્યા પછી હાથ ધોવા.

(૧૦) તહારત (પાકો પાકીઝા)ની સ્થિતિમાં જ રહેવું. સૂઈ જતાં પહેલાં, જમતાં પહેલાં, કુરઆનની તિલાવત પહેલાં, નમાઝ પઢતાં પહેલાં હંમેશાં વુઝૂ કરવું.

(૧૧) જમાઅત સાથે નમાઝ અદા કરવી.

હઝરત મોહંમદ પયગમ્બર(સ.)એ ફરમાવ્યું છે કે જો તમે નમાઝ પઢી લીધી અને જો તમે એવી મસ્જિદમાં આવો કે જ્યાં જમાઅત સાથે નમાઝ થતી હોય તો તમારે અલ્લાહની ખુશી ખાતર ફરીથી નમાઝ પઢવી જોઈએ. *

## નુસ્ખા

### ગુમડું

* ગુમડા ઉપર માખણ લગાડીને રૂનો પાટો બાંધી રાખવાથી ગુમડું ફૂટી જશે.
* બાફેલા કાંદામાં મીઠું નાખી પોટીસ બનાવી ગુમડા પર બાંધવાથી ગુમડુ ફૂટી જશે.
* ઘઉંના લોટમાં હળદર અને મીઠું નાખી પોટીસ બનાવી ગુમડા પર બાંધવાથી ગુમડું પાકીને ફૂટી જશે.
* સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગુમડું બેસી જશે.
* કાંદાની કાતરીને ઘી અથવા તેલમાં શેકી તેમાં હળદર મેળવી પોટીસ કરીને બાંધવાથી ગુમડું પાકી જશે.
* પાલખ અથવા તાંદળજાના પાનની પોટીસ બનાવી ગુમડા પર બાંધવાથી ગુમડું પાકી જશે.
* બોરડીનાં પાનને વાટીને, ગરમ કરીને, પોટીસ બનાવીને ગુમડા પર બાંધવાથી ગુમડું પાકીને ફૂટી જશે.
* લસણ અને મરીને વાટીને લેપ કરવાથી ગાંઠ, ગુમડું પાકીને ફૂટી જશે.

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે :**



કેસરપુરા નિવાસી **મર્હૂમા મો.હલીમાબેન(અલુબેન) નુરભાઈ ડોડીયા** મુ.તા.૨૦, રબી.આખર-૧૪૩૨, તા.૨૬-૩-૨૦૧૧ને શનિવારના રોજ ૮૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમાએ સ્ટીમર પ્રવાસ ખેડીને કરબલા શરીફની ઝિયારત કરી હતી. પહેલું ધોરણ પુરૂ ભણ્યાં પણ ન હતાં છતાં પોતાની સહી અને લખી શકતાં હતાં. તેમને કુરઆન શરીફનો તરજુમો, જાફરી આવાઝ અને ધાર્મિક કિતાબો પઢવાનો ભારે શોખ હતો તથા યાદશક્તિ સારી હોવાના કારણે પોતાના ઝિયારત પ્રવાસનું વર્ણન કરતાં અને કોઈ પણ કિસ્સાનું છણાવટપૂર્વક બયાન કરી શકતાં હતાં. તેમને પીરાને તરીકતના ઘરાના પ્રત્યે બહું જ લગાવ હતો. તેઓ સ્વભાવે લાગણીશીલ, માયાળુ અને નમ્ર હતાં.



←--- બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અવલીબેન રસુલભાઈ મહેસાણીયા** મુ.તા. ૨૬, રબી.આખર-૧૪૩૨, તા.૧-૪-૨૦૧૧ને શુક્રવારના દિવસે ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળા, નેક દિલ અને આશિકે આલે મોહંમદ હતાં.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.દાઉદભાઈ નશીરભાઈ ડોડીયા** મુ.તા.૧૧, જમા.અવ્વલ-૧૪૩૨, તા.૧૬-૪-૨૦૧૧ને શનિવારના રોજ હૃદયરોગના હુમલાથી આશરે ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા અને પ્રેમાળ હતા. --->

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


રૂહાની રહેબર પ્રરિત એ.વી.એમ. સંકલિત

અમદાવાદ મિત્ર મંડળ સંચાલિત

## મશાયખી બોયઝ હોસ્ટેલ

પીર મશાયખ બાવાનો રોઝા, અમદાવાદ.

એહમદ વિકાસ મંડળ સેદ્રાણાની યાદી જણાવે છે કે મશાયખી હોસ્ટેલ અમદાવાદ ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. રાબેતા મુજબ માહે જૂન-૧૧થી શરૂ થતા નવા વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા જૂના વિદ્યાર્થીઓને વિનંતી કરવામાં આવે છે કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના રીજલ્ટ પછીના ત્રણ દિવસ સુધી હોસ્ટેલનું કાર્યાલય જૂના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ખુલ્લું રાખવામાં આવશે. પ્રવેશ મેળવવા માગતા જૂના વિદ્યાર્થીઓ જરૂરી ફોર્મ સાથે પ્રથમ સત્રની પુરી ફી ભરીને પ્રવેશ મેળવી લે તેવી વિનંતી કરવામાં આવે છે. સમય મર્યાદામાં પ્રવેશ નહીં લેનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ ગણીને ખાલી પડેલ જગ્યાઓ પર નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

**યુસુફભાઈ સુથાર** - રેકટર મશાયખી હોસ્ટેલ

**મોબાઈલ નંબર :** ૯૮૯૮૧૦૭૨૫૪ ઉપર સંપર્ક કરીને પ્રવેશ મેળવવા માટે આવવા વિનંતી.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હલીમાબેન નુરભાઈ ડોડીયા (કેસરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/-મો.ગુલામહૈદર નુરભાઈ ડોડીયા
રૂા.૧૧૦/-મો.શબ્બીરહસન નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/-મો.મર્હૂમા મરીયમબેન અલીભાઈ વિજાપુરાના સુપુત્રો તરફથી
રૂા.૧૦૦/-મો.અલુબેન હાસમભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/-મો.હુરીબેન ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૧૦૦/-મો.હુસૈનાબેન સુલેમાનભાઈ મતીયા
રૂા.૧૦૦/-મો.સુગરાબેન હાસમભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/-મો.ઝયનબબેન ગુલામહુસૈન ખણુશીયા
રૂા.૧૦૦/-મો.રહેમતબેન મહંમદઅલી વિજાપુરા
રૂા.૧૦૦/-મો.કુલસુમબેન ગુલામઅલી રાજપુરા
રૂા.૧૦૦/-મો.મદીનાબેન મેશમઅલી વિજાપુરા
રૂા.૧૦૦/-મો.ખુદયજાબેન મંજુરઅલી રેવાસીયા
રૂા.૧૦૦/-મો.આબેદાબેન મહેંદીઅલી ખણુશીયા
રૂા.૧૦૦/-મો.તાહેરાબેન કાસિમઅલી ડોડીયા
રૂા.૫૦/-મો.નજમાબેન ગુલામઅલી રાજપુરા
રૂા.૫૦/-મો.ઝયનબબેન ગુલામહુસૈન પટેલ
રૂા.૫૦/-મો.ઝહેરાબેન અકબરઅલી રાજપુરા
રૂા.૨૫/-મો.ઝયનબબેન ગુલામહૈદર મસી
રૂા.૨૫/-મો.સુગરાબેન મહંમદઅલી કોવડીયા
રૂા.૨૫/-મો.ફિજ્જાબેન શબ્બીરઅલી મસી
રૂા.૨૫/-મો.શીરીનબેન શબ્બીરઅલી ખણુશીયા
રૂા.૨૦/-મો.સલમાબેન મહંમદઅલી કોવડીયા
રૂા.૨૫/-મો.હલીમાબેન વલીમહંમદ પટેલ
રૂા.૨૫/-મો.હુસૈનાબેન શબ્બીરઅલી ખણુશીયા
રૂા.૨૫/-મો.હકીમાબેન મહેંદીઅલી પટેલ
રૂા.૨૫/-મો.હમીદાબેન મહેંદીઅલી પરબડીયા
રૂા.૨૫/-મો.તાહેરાબેન આબિદઅલી વિજાપુરા
રૂા.૨૫/-મો.આબેદાબેન હસનઅલી ખણુશીયા
રૂા.૨૫/-મો.હુસૈનાબેન આબિદઅલી પટેલ
રૂા.૨૫/-મો.નજમાબેન ઈમ્તિયાઝઅલી વિજાપુરા
રૂા.૨૫/-મો.મકબુલફાતેમા કરામતઅલી સુરપુરા
રૂા.૨૫/-મો.અઝમતફાતેમા અકબરહુસૈન દેધરોટીયા
રૂા.૨૫/-મો.ગુલામહૈદર અમદાભાઈ મસી
રૂા.૨૫/-મો.મહંમદઅલી અમદાભાઈ મસી
રૂા.૨૫/-મો.અકબરઅલી અલીભાઈ મસી
રૂા.૨૫/-મો.હૈદરઅલી અલીભાઈ મસી
રૂા.૨૫/-મો.કમરઅલી અલીભાઈ મસી
રૂા.૫૦/-મો.નૂરઅલી શરીફભાઈ મસી
રૂા.૨૫/-મો.કુલસુમબેન કાસમભાઈ ખરોડીયા
રૂા.૨૫/-મો.તાહેરાબેન મદદઅલી વિજાપુરા

**મર્હૂમ મો.સુલેમાનભાઈ સાવદીભાઈ કરમુલા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/-મો.ઈબ્રાહીમભાઈ મુસાભાઈ બુશાળ
રૂા.૫૧/-મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ બુશાળ

**રૂા.૧૦૦૧/-મર્હૂમા અવલીબેન રસુલભાઈ મહેસાણીયા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/-મો.ફાતેમાબેન સિકંદરભાઈ પિયારજી તરફથી મર્હૂમ હાજી અલીમદ શરીફ નાંદોલીયા(મેતા)ની રૂહના સવાબ અર્થે.

## ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદને મળેલ સ્વૈચ્છિક યોગદાન

**રૂા.૧૫૦૦/- મો.અસદઅલી શેરઅલી આગલોડીયા (રસુલપુર-ખેરાલુ) તરફથી**

રૂા.૧૫૦/-મો.ખાતુનબેન ગુલામહુસૈન વલુડા(મજાદર-મહેરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા અને જનાબા સૈયદા ખૈરૂન્નીસા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૨૧/-મો.ખાતુનબેન તથા તેમના પરિવારજનો (મજાદર-મહેરપુરા)તરફથી આરેફાફાતેમા મોહંમદઅલી વલુડાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- બંદએ ખુદા તરફથી મેતા ગામમાં બોસ્તાને તિફલાનના નવીન મકાનના બાંધકામ માટે સરકાર તરફથી વિના મૂલ્યે જગ્યા મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- બંદએ ખુદા તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા પીર સૈયદ મહેરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૮૦/-મો.જાફરઅલી શરીફભાઈ મોમિન(સુરત)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૦૦/-મો.મર્હૂમ દાઉદભાઈ નશીરભાઈ ડોડીયા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- હાજી બરકત યુ. શેખ (જામનગર)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/-મો.નરજીસબાનુ રૂસેદઅલી (લંડન)તરફથી તેમના પિતાશ્રી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/-સંતોષ બોડી પાર્ટસ(સાદિકઅલી) (સંધાણા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/-મો.શેરબાનુ ગુલામઅલી(વસો) તરફથી તેમની દીકરી સાહેરાબાનુની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/-મો.ગુલામહુસૈન ફત્તેહભાઈ મુખી (વસો)તરફથી તેમના દીકરા હસનઅબ્બાસની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/-મો.ગુલામઅલી અબ્દુલરહીમ (વસો)તરફથી તેમના માતુશ્રી અમીનાબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/-મો.ગુલામઅલી અબ્દુલરહીમ (વસો)તરફથી તેમના ધર્મપત્ની ઝયનબબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/-મો.કમ્બરઅલી મોહંમદઅલી (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/-મો.હુસૈનાબેન ગુલામઅબ્બાસ (લંડન)તરફથી તેમના દીકરા રીઝવાનઅલીની દીકરી ઝોહરાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ**
**ક્લોથ એન્ડ ટેલર્સ**


● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર**

# જાફરી આવાઝ

**વર્ષ : ૩૦ ❖ અંક : ૯ ❖ ૧૦, મે-૨૦૧૧**

**૫, જમા.આખર, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૭**

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨ હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૬ |
| ❋ ગડમથલ | ૦૮ |
| ❋ અલ્લાહની રસ્સી | ૦૯ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૩ |
| ❋ હુબ્બે અલી | ૧૭ |
| ❋ હદીસે કિસાઅ શાયરીમાં | ૨૫ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૩૦ |
| ❋ નહજુલ બલાગહ | ૩૩ |
| ❋ મશાયખવાણી | ૩૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૭ |
| ❋ આરોગ્યની સાચવણી | ૩૯ |
| ❋ જુંબિશે લબ | ૪૧ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| ❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૪૭ |
| ❋ તૌહીદ | ૫૧ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૩ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૫ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૮ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |


## ઊઘડતે પાને...

પયગમ્બરીનું પાંચમું વર્ષ.

મુસલમાનોની પ્રથમ હિજરત.

હઝરત રસૂલે ખુદા(સ.)ના હુકમથી મક્કામાંથી અગિયાર પુરૂષો અને ચાર સ્ત્રીઓ એમ કુલ પંદર મુસલમાનોએ હબશ તરફ હિજરત કરી. કુફ્ફારે કુરેશને આ વાતની જાણ થઈ કે જે મુસલમાનો હબશમાં હિજરત કરી ગયા છે તે લોકો નજ્જાશીની છત્રછાયામાં શાંતિ અને સલામતીનું જીવન પસાર કરી રહ્યા છે અને જે મુસલમાનો મક્કામાં છે તેઓ હઝરત અબુતાલિબની દેખરેખ હેઠળ છે.

કુફ્ફારે કુરેશે તાકીદની બેઠક બોલાવી અને તેમાં એવું નક્કી કર્યું કે જયાં સુધી હઝરત અબુતાલિબ અને બની હાશિમ મોહંમદ(સ.)ને તેમના હવાલે ન કરે ત્યાં સુધી તેમનો બહિષ્કાર કરવો. તેમની સાથે કોઈ પણ પ્રકારની લેવડ દેવડ ન કરવી અને કોઈ પણ પ્રકારનો સંબંધ ન રાખવો.

આ બાજુ હઝરત અબુતાલિબે પરિસ્થિતિની ગંભીરતા જોઈ. તેમણે પણ બની હાશિમની બેઠક બોલાવી અને કહ્યું,

'આપણે કોઈ પણ સંજોગોમાં હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ને કુફ્ફારને હવાલે નહીં કરીએ. મક્કા શહેર છોડીને પહાડની ખીણમાં રહેવા માટે ચાલ્યા જઈએ. ત્યાં જ રહીને દિવસો વિતાવવામાં સલામતી છે.'

અબુ લહબ સિવાયના બની હાશિમના બધા લોકોએ હઝરત અબુતાલિબની આ દરખાસ્તનો સ્વીકાર કરી લીધો. બની હાશિમ પહાડની એ ખીણમાં રહેવા ચાલ્યા ગયા. પાછળથી એ ખીણનું નામ પડી ગયું **શઅબે અબુતાલિબ.** શઅબે અબુતાલિબ એટલે અબુતાલિબની ખીણ.

હુઝૂર(સ.)ની સલામતી માટે હઝરત અબુતાલિબે કેવો બંદોબસ્ત ગોઠવ્યો હતો એ જુઓ. ખીણની બન્ને બાજુએ પહેરદાર રાખી દેવામાં આવ્યા. મધરાત થતી ત્યારે હઝરત અબુતાલિબ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ને તેમની પથારી ઉપરથી ઉઠાડી દેતા અને તેમની જગ્યાએ હઝરત અલી(અ.)ને સૂવાડી દેતા અને હઝરત અલી(અ.)ની પથારી ઉપર હુઝૂર(સ.)ને સૂવાડી દેતા. વળી તે જગ્યાએ હઝરત હમ્ઝા(રઝી.) તલવાર લઈને પહેરો ભરતા.

કેવી જડબેસલાક વ્યવસ્થા !

મક્કાના કુફ્ફારોએ બની હાશિમનો બહિષ્કાર કર્યો. તેમને કોઈ પણ વસ્તુ વેચવામાં આવતી નહીં. તેમની સાથે કોઈ પણ જાતની લેવડ દેવડ પણ કરવામાં આવતી નહીં.

શઅબે અબુતાલિબમાં બની હાશિમે બે કે ત્રણ વર્ષ સુધી રહેવું પડ્યું. એ સમય દરમિયાન ઘણી મુસીબતો અને કપરા સંજોગોનો સામનો કરવો પડ્યો. ભૂખના કારણે તેમને ઝાડનાં પાંદડાં ખાવાનો પણ વારો આવ્યો. કેટલીક વાર તો રાતના સમયે ચામડાના ટુકડા પાણીમાં પલાળી મૂકવામાં આવતા. ચામડું સવારે થોડું નરમ થઈ જતું અને બની હાશિમનાં બાળકો તેને ચાવીને સંતોષ મેળવતાં.

આખા વર્ષ દરમિયાન બની હાશિમને મક્કાના બજારોમાંથી કોઈ વસ્તુ મળતી નહીં. અલબત્ત જયારે હજની મોસમ આવતી ત્યારે બની હાશિમ શઅબે અબુતાલિબમાંથી બહાર આવીને ખાવા-પીવાની વસ્તુઓની ખરીદી કરી લેતા અને તે વસ્તુઓને ખીણમાં લઈ જતા.

જયારે કોઈ કાફિર તે લોકોને કોઈ વસ્તુની ખરીદી કરતો જોઈ જતો તો તે વસ્તુની બમણી કિંમત ચૂકવીને તે ખરીદી લેતો જેથી બની હાશિમને તે વસ્તુ ખરીદવા મળતી નહીં. જયારે બમણી કિંમતે બની હાશિમને કોઈ વસ્તુ વેચવા કોઈ વેપારી તૈયાર થઈ જતો તો કુરૈશના માથાભારે યુવાનો તે વેપારીનો માલ લૂંટી લેતા.

સતત ભૂખ અને બીમારીને કારણે બની હાશિમનાં બાળકો તરફડતાં હતાં. દિલને પીગળાવી નાખે તેવો તેમનો અવાજ ખીણની બહાર પણ સંભળાતો હતો જેના કારણે કુરેશના ઘણા લોકો ખુશ થતા પરંતુ કેટલાક લોકોનાં દિલ તો હચમચી જતાં.

નબુવ્વતના રક્ષક એવા હઝરત અબુતાલિબ પોતાની પથારી પોતાના ભત્રીજાની બાજુમાં જ બીછાવતા અને બીજી બાજુ પોતાના કોઈ પુત્રને સૂવડાવતા.

ઈબ્ને સઅદે રિવાયત કરી છે કે જ્યારે બાળકોના તરફડવાનો અવાજ ખીણ બહાર સંભળાતો ત્યારે તે સાંભળીને કુરેશ ખુશ થતા પરંતુ કેટલાક રહમદિલ લોકો એવા પણ હતા કે જેમને દયા આવી જતી.

એક દિવસ હઝરત બીબી ખદીજા(અ.)ના ભત્રીજા હકીમ બિન હેઝામે પોતાના ગુલામ સાથે થોડા ઘઉં હઝરત ખદીજા પર મોકલ્યા. અબુજહલે ગુલામને રસ્તામાં જતો જોઈ લીધો ત્યારે તેની પાસેથી ઘઉં ઝૂંટવી લેવાની ઈચ્છા કરી. અચાનક એ જ વખતે અબુલ બખ્તરી આવી ગયા. જોકે અબુલ બખ્તરી કાફિર હતા તેમ છતાં તેમને દયા આવી અને તેમણે તેને કહ્યું,

'કોઈ માણસ પોતાની ફોઈને ખાવાની વસ્તુ મોકલે છે તો તમે તેને શા માટે રોકો છો ?'

આં હઝરત(સ.)એ તેમજ બની હાશિમે આવી મુસીબતો સતત ત્રણ વર્ષ સુધી સહન કરી. છેવટે દુશ્મનોને જ દયા આવી અને તેમના તરફથી જ કરારને તોડવાની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ.

બની હાશિમના કુટુંબનો નજીકનો એક સંબંધી હશ્શામ આમરી કે જે પોતાના કબીલામાં લોકપ્રિય હતો તે ખાનગીમાં બની હાશિમને અનાજ, વગેરે વસ્તુઓ પહોંચાડતો હતો.

એક દિવસ હશ્શામ આમરી ઝોહેરની પાસે ગયો. ઝોહેર હઝરત અબ્દુલ મુત્તલિબના નવાસા થતા હતા.

હશ્શામ આમરીએ તેને કહ્યું,

'કેમ ઝોહેર ! શું તમે એ બાબત પસંદ કરો છો ખરા કે તમે પોતે તો ખાઓ-પીઓ છો અને તમામ પ્રકારનો આનંદ ઉઠાવો છો અને તમારા મામાને એક દાણો અનાજ પણ નસીબ ન થાય ?'

ઝોહેરે કહ્યું,

'હું શું કરું ? હું એકલો છું. મને જો કોઈ એક માણસ પણ સહકાર આપે તો હું બની હાશિમના વિરૂધ્ધ કરવામાં આવેલા કરારને ફાડીને ફેંકી દઉં.'

હશ્શામે કહ્યું,

'હું તમારી સાથે હાજર છું.'

ત્યાર પછી બન્ને ભેગા થઈને મુત્ઈમ બિન અદીની પાસે ગયા. તેમને અબુલ બખ્તરી ઈબ્ને હશ્શામ અને ઝમઆ બિન અસ્વદે પણ સાથ આપ્યો.

બીજા દિવસે તે લોકોએ સાથે મળીને કહ્યું,

'અય મક્કાવાસીઓ ! આ ન્યાય ક્યાંનો છે કે આપણે બધા તો આરામથી જિંદગી પસાર કરીએ છીએ અને બની હાશિમને એક દાણો પણ નસીબ ન થાય ?'

અબુ જહલે કહ્યું,

'કદાપિ નહીં. જ્યાં સુધી બની હાશિમ મોહંમદ(સ.)ને આપણા હવાલે નહીં કરે ત્યાં સુધી કરારમાં કોઈ ફેરફાર નહીં થાય.'

બરાબર એ જ અરસામાં હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાના કાકા હઝરત અબુતાલિબને ફરમાવ્યું,

'અય ચચાજાન ! મને અલ્લાહ તરફથી ખબર મળી છે કે કુરેશના લોકોએ આપણી સાથે જુલ્મ કરવાનો જે કરાર લખ્યો હતો તેના સમગ્ર લખાણનો ઉધઈએ નાશ કરી નાખ્યો છે. માત્ર **'બિસ્મેક અલ્લાહુમ્મ'** શબ્દો જ બાકી રહ્યા છે.

આ સાંભળીને હઝરત અબુતાલિબ કા'બાના હરમમાં આવ્યા અને ફરમાવ્યું,

'મારા ભત્રીજાએ મને ખબર આપી છે કે અલ્લાહે તમે લખેલા કરાર ઉપર ઉધઈને મોકલી છે અને તેણે **'બિસ્મેક અલ્લાહુમ્મ'** સિવાયના બાકીના બધા લખાણને કોરી ખાધું છે. જો મારા

ભત્રીજાની વાત સાચી હોય તો તમે લોકો એ જીર્ણ શીર્ણ થઈ ગયેલા જૂના પુરાણા કરારનો અંત લાવવાની જાહેરાત કરી દો અને જો મારા ભત્રીજાની વાત ખોટી સાબિત થાય તો હું મારા ભત્રીજાનું સમર્થન પાછું ખેંચી લઈશ.'

જ્યારે કા'બામાં લટકાવેલ તે કરારને ઉતારીને જોવામાં આવ્યો તો ખરેખર **'બિસ્મેક અલ્લાહુમ્મ'** સિવાયનું કોઈ લખાણ બાકી રહ્યું ન હતું. પછી તો મુત્ઈમે આગળ વધીને તે દસ્તાવેજ ફાડી નાખ્યો.

ત્યાર પછી મુત્ઈમ બિન અદી, અદી બિન કૈસ, ઝમઆ બિન અસ્વદ, અબુલ બખ્તરી અને ઝોહેર આ બધા ભેગા થઈને શઅબે અબુતાલિબની ખીણમાં ગયા. બની હાશિમને મળ્યા અને તેમને શઅબે અબુતાલિબમાંથી બહાર કાઢીને મક્કામાં લાવ્યા. *

(સંદર્ભ : તબ્કાત ઈબ્ને સઅદ, બિહારૂલ અન્વાર અને નાસીખુત્તવારીખ, પેજ-૪૯૩માંથી નકલ)


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરયમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**

**મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨**

**મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.**


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૦૬

**(૧) હિજરત પછી મુસલમાનોએ બનાવેલ સૌ પ્રથમ મસ્જિદ કઈ છે ?**
(A) મસ્જિદે કુબા (B) મસ્જિદે નમરા
(C) મસ્જિદે ખીફ

**(૨) અર્ધરાત્રી પછી કઈ નમાઝ પઢવામાં આવે છે?**
(A) નમાઝે આયાત (B) નમાઝે તહજ્જુદ
(C) નમાઝે કસર

**(૩) ઈમાન લાવ્યા પછી ઈસ્લામથી ફરી જનાર વ્યક્તિને શું કહેવાય ?**
(A) કાફિર (B) મુનાફિક (C) મુરતદ

**(૪) 'ખાતૂને કરબલા'ના ઉપનામથી કોણ ઓળખાય છે ?**
(A) જનાબે ઝયનબ(અ.)
(B) જનાબે સકીના(અ.)
(C) જનાબે ફિઝઝા(અ.)

**(૫) આપણા પયગમ્બર(સ.) પોતાની ઉમ્મતની વચ્ચે કઈ બે કિંમતી વસ્તુઓ મૂકતા ગયા છે?**
(A) કુરઆન અને નમાઝ
(B) કુરઆન અને એહલેબયત
(C) નમાઝ અને રોઝા

**(૬) વરસાદ ઉપર નિયુક્ત ફરિશ્તાનું નામ શું છે?**
(A) મીકાઈલ (B) જીબ્રઈલ (C) ઈસરાફીલ

**(૭) મદાયનમાં કયા પ્રખ્યાત સહાબીનો રોઝો આવેલો છે ?**
(A) હઝરત ઓવેશ કરની(રઝી.)
(B) હઝરત બિલાલ(રઝી.)
(C) હઝરત સલમાન ફારસી(રઝી.)

**(૮) ચોથા આસમાન પર આવેલ કઈ મસ્જિદના ફરતાં ફરિશ્તાઓ તવાફ કરે છે ?**
(A) મસ્જિદે બયતિલ મામૂર
(B) મસ્જિદુલ હરામ
(C) સિદ્રતુલ મુન્તહા

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ અને જે પણ મુસીબત તમને પહોંચે છે તે તમારા હાથોના કરતૂતોનું જ પરિણામ છે, અને તે ઘણી ખરી (ભૂલો)થી તો દરગુજર કરતો રહે છે.

**(પારો-૨૫, સૂરએ શુરા, આયત-૩૦)**

✻ આકાશો તથા જમીનની બાદશાહી અલ્લાહની જ છે; તે જે ચાહે છે પેદા કરે છે; જેને ચાહે છે પુત્રીઓ આપે છે, અને જેને ચાહે છે પુત્ર આપે છે : ✻ અથવા તેમને પુત્ર અને પુત્રીઓ (એમ બન્ને ય) આપે છે, અને જેને ચાહે છે તેને વાંઝિયા રાખે છે; બેશક તે સર્વજ્ઞ (અને) સર્વ શક્તિમાન છે.

**(પારો-૨૫, સૂરએ ઝુખરૂફ, આયત-૪૯ થી ૫૦)**

✻ અને જો એમ ન હોત કે (સઘળા) લોકો એક જ પંથના બની જાત (અર્થાત સઘળા જ ઈર્ષાળુ બની જવાની ધાસ્તી ન હોત)તો અમે તેમના માટે કે જેઓ દયાળુ (અલ્લાહ)નો ઈન્કાર કરે છે, તેમના મકાનોમાં છાપરાં ચાંદીનાં બનાવી દેત અને સીડીઓ પણ કે જેના ઉપર તેઓ ચઢે (ઉતરે) છે : ✻ અને તેમના મકાનો માટેનાં બારણાં, અને તે સિંહાસનો પણ કે જેમના પર તેઓ અઢેલીને બેસે છે ✻ અને (ચાંદીના જ નહીં, બલ્કે) સોનાનાં પણ; પરંતુ આ (સઘળું કેવળ) સંસારી જીવનની પૂંજી છે; અને તારા પરવરદિગાર પાસે તો પરહેઝગારો માટે આખેરત જ (લાભદાયી) છે.

**(પારો-૨૫, સૂરએ ઝુખરૂફ, આયત-૩૩ થી ૩૫)**


✻ અને અમોએ મનુષ્યને તેના માત પિતાના સંબંધમાં ઉપકાર (ભલાઈ) કરવાનો હુકમ આપ્યો છે; (કારણ કે) તેની માએ તેને કષ્ટ સાથે ગર્ભાશયમાં રાખ્યો અને (વળી) કષ્ટ સાથે તેને જણ્યો; અને તેના ગર્ભ(માં રહેવા)ની તથા દૂધ છોડાવવા(સુધી)ની મુદત ત્રીસ મહિના થઈ; અહીં સુધી કે જ્યારે તે પોતાની પૂરેપૂરી શક્તિએ પહોંચી ગયો અને ચાલીસ વર્ષની વયે ત્યારે તેણે અરજ કરી કે હે મારા પરવરદિગાર ! મને એવી પ્રેરણા આપ કે હું તારી બક્ષિસોનો પાડ માનું છું કે જે તેં મારા પર તથા મારા માત પિતા પર અર્પણ કરી છે, અને હું કોઈ એવું સત્કાર્ય કરું કે જે તને પસંદ પડે, અને મારા માટે મારી ઓલાદમાં સદાચારીઓ પેદા કરી દે; બેશક હું તારી હજૂરમાં રજૂ થાઉં છું, અને નિ:સંશય હું આજ્ઞાપાલકો માંહેનો છું.

**(પારો-૨૬, સૂરએ અહકાફ, આયત-૧૫)**

✻ હે તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો ! અગર તમારી પાસે કોઈ દુરાચારી અમુક ખબર લઈને આવે તો તેની(સચ્ચાઈની) ખાતરી કરી લો કે જેથી એમ ન બને કે કોઈ કોમને તમને જાણ્યા કર્યા વિના કાંઈ આઘાત પહોંચાડી બેસો, અને પછી તેમ જે કાંઈ કર્યું તેના માટે તમને પસ્તાવો કરવો પડે. **(પારો-૨૬, સૂરએ હુજરાત, આયત-૬)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યુટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## જાનવરોની દેખરેખ વિશે

કેટલાક લોકો એવી કલ્પના કરે છે કે જાનવરોની દેખભાળની સમસ્યા એવી બાબત નથી કે જેને આધુનિક જમાનો અસ્તિત્વમાં લાવ્યો હોય પરંતુ આ પ્રશ્નને વધારે વિસ્તૃત અને વધારે પૂર્ણ સ્વરૂપે ઈસ્લામી એહકામમાં જોઈ શકાય છે.

ઈસ્લામ ધર્મ માણસ અને જાનવરોના સંબંધોને એક એવો નિશ્ચિત કાનૂન ગણે છે અને જાનવરોના વિસ્તૃત અધિકારોનો સ્વીકાર કરે છે કે જેનો ખુલાસો નીચે આપેલી રિવાયતોમાં જોઈ શકાય છે.

હઝરત રસૂલે ખુદા(સ.) ફરમાવે છે :

**'સવારી માટેનું દરેક જાનવર પોતાના માલિક પર (નીચે મુજબના) છ અધિકારો ધરાવે છે.**

**(૧) જ્યારે તે કોઈ સ્થળે પડાવ કરે તો સૌથી પહેલાં તેને ઘાસચારો આપે.**

**(૨) જ્યારે તે પાણીની પાસે થઈને પસાર થાય તો તેને પાણી પીવડાવે.**

**(૩) તેના મોઢા ઉપર પ્રહાર ન કરે કેમકે તે ખુદાની હમ્દ(પ્રશંસા) પઢતો હોય છે.**

**(૪) ખુદાની રાહ સિવાય તેની પીઠ પર ન બેસે (એટલે કે ફક્ત રસ્તો પાર કરવાના સમયે જ તેના પર સવાર થાય અને જ્યારે રોકાણ કરે, દા.ત. રસ્તામાં કોઈની સાથે લાંબી વાતચીત કરવાની ઈચ્છા કરે તો પગપાળો બની જાય.)**

**(૫) તેની શક્તિ અને સામર્થ્ય કરતાં વધારે તેના પર બોજો ન લાદે.**

**(૬) તેને એવા રસ્તા પર ન ચલાવે કે જે તેના માટે અયોગ્ય હોય.'**

ઉપરોક્ત રિવાયતો ઉપરાંત દીનના પેશવાઓએ રજૂ કરેલાં એવાં વચનો પણ નકલ કરવામાં આવ્યાં છે કે જે જાનવરોના સંબંધમાં માણસની શું જવાબદારીઓ છે તે નક્કી કરે છે જેનો ખુલાસો નીચે આપેલો છે.

(૧) તેમના ઘાસચારાની તરફ પૂરેપૂરું ધ્યાન રાખો.

ઈમામ મૂસા બિન જાફર(અ.) ફરમાવે છે :

**'પુરૂષની સજ્જનતા એમાં રહેલી છે કે તેની સવારીનાં જાનવર હૃષ્ટ પુષ્ટ અને મોટાં હોય.' (એટલે કે તેમના માટે જિંદગીનાં માધ્યમોને પરિપૂર્ણ કરવા માટે કોઈ આળસ રાખવામાં ન આવી હોય.)**

**'જ્યારે ઈમામ અલી(અ.) જંગનો માલે ગનીમત વહેંચતા હતા અને લોકોના ભાગ આપતા હતા તો સવારોના માટે (અર્થાત એ લોકોના માટે કે જેઓ એક ઘોડો સવારી કરવા માટે અને એક ફાલતું ઘોડો પોતાની સાથે લાવતા હતા તેમના માટે) ત્રણ ભાગ (બે ભાગ ઘોડાઓના અને એક ભાગ ઘોડે સવારનો) અને પ્યાદાઓ (પાયદળ) માટે એક ભાગ નક્કી કરતા હતા.'**

(૨) અને(જાનવરને) તરસ્યુ ન રાખો.

ઈમામ મોહંમદ બાકિર(અ.) ફરમાવે છે :

**'ખુદા તઆલા બળતાં કાળજાંને ઠંડાં કરવાનું પસંદ ફરમાવે છે. જે માણસ ચોપગાં પ્રાણીઓ વગેરેનાં બળતાં હૃદયોને તૃપ્ત કરે છે તેને ખુદા તઆલા પોતાના છાંયડા નીચે જગ્યા આપી દેશે, એ દિવસે કે જે દિવસે તેના સિવાય બીજો કોઈ છાંયડો નહીં હોય.'**

(૩) તેના ચહેરા પર પ્રહાર ન કરો.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'દરેક વસ્તુનું ભાગ્ય અને સન્માન હોય છે અને**

ચોપગાં પ્રાણીઓનું ભાગ્ય તેમના ચહેરામાં છે.'
(૪) રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'ચોપગાં પ્રાણીઓ પર કૂદકો મારીને ન બેસો અને તેમની પીઠને મજલિસ ન ગણો.'**

(૫) રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'ચોપગાં પ્રાણીઓ પર ત્રણ વ્યક્તિઓ સવાર ન થાઓ કેમકે ત્રીજો માણસ મલઊન અને ખુદાની રહેમતથી દૂર છે.'**

(૬) દુબળાં-પાતળાં અને વૃધ્ધ જાનવરોનો બોજો દરેક મંઝિલ પર ઉતારી દો.

(૭) સૂકા રણપ્રદેશમાં વિલંબ ન કરો અને તેને પોતાની મંઝિલ ન બનાવો.

(૮) જે જંગલમાં પુષ્કળ પાણી અને ઘાસચારો હોય ત્યાં જાનવરોને ધીરે ધીરે ચલાવો જેથી તેઓ તે પાણી અને ઘાસનો ફાયદો ઉઠાવી શકે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'ખુદા તઆલા નમ્રતા અને મધ્યમસરની ચાલને પસંદ ફરમાવે છે. જેથી જો તમે દુબળાં-પાતળાં કે ઘરડાં જાનવરોની સાથે મુસાફરી કરો તો દરેક મંઝિલ પર તેમનો બોજ ઉતારી નાખો અને જો સૂકો પ્રદેશ હોય તો હવાની માફક પસાર થઈ જાઓ. લીલોતરીવાળા પ્રદેશમાં મંઝિલ કરો.'**

ઈમામ અલ બાકિર(અ.) ફરમાવે છે :

**'હરિયાળી જમીનોમાંથી જાનવરોને ધીમે ધીમે ચલાવો અને સૂકી જમીનોમાંથી પસાર થવામાં જલ્દી કરો.'**

(૯) જાનવરોને ઝડપથી ન ચલાવો :

ઈમામ અલ બાકિર(અ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ બધા હાજીઓના પહેલાં પોતાની મંઝિલ પર પહોંચે તેની સાક્ષીનો સ્વીકાર ન કરો કેમકે તેણે પોતાના જાનવરને તકલીફ પહોંચાડી છે.'**

(૧૦) જાનવરોને કારણ વગર ન મારો.

**'જો કોઈ જાનવર ઉપદ્રવ મચાવે કે તોફાન કરે અને નાસી જાય તો તેમને મારો પરંતુ તેમના લપસી પડવાથી કે જમીન પર પડી જવાના કારણે તેમને મારવાથી રોકાઈ જાઓ.'**

(૧૧) જાનવરને કારણ વગર ઝુબ્હ ન કરો.

રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જો કોઈ માણસ કોઈ પક્ષીને કારણ વગર ઝુબ્હ કરી દે તો તે પક્ષી કયામતના દિવસે ફરિયાદ કરશે અને કહેશે : પરવરદિગાર ! આ માણસને પૂછ કે તેણે મને કોઈ ફાયદા વગર શા માટે ઝુબ્હ કર્યું હતું?'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'એક સ્ત્રી અઝાબે ઈલાહીમાં ફસાઈ ગઈ. તેનું કારણ એ હતું કે તેણે એક બિલ્લીને બાંધી રાખી હતી જેથી તે તરસને લીધે મૃત્યુ પામી.'**

(૧૨) જાનવરોને એકબીજાની (નજર) સામે ઝુબ્હ ન કરો.

**'એક બકરાને બીજા બકરાની સામે, જ્યારે કે તે તેની સામે જોઈ રહ્યો હોય, તો તેને ઝુબ્હ ન કરો.'**

(૧૩) સારું તો એ છે કે જે જાનવરને તમે પાળ્યું હોય તેને તમે જાતે જ ઝુબ્હ ન કરો.

**'એક વ્યક્તિએ ઈમામ રઝા(અ.)ની સેવામાં અરજ કરી, એક બકરું આખું વર્ષ મારા ઘરમાં રહ્યું. મેં તેની કુરબાની કરવાની ઈચ્છા કરી. જ્યારે મેં તેને પકડીને જમીન પર સૂવાડ્યું તો તેણે મારી તરફ જોયું. મને તેના પર દયા ઉપજી. આથી મેં થોડી વાર માટે વિલંબ કર્યો અને ફરીથી તેને ઝુબ્હ કરી દીધું. હઝરતે ફરમાવ્યું, અમને તમારું આ કાર્ય સારું ન લાગ્યું. પોતાના હાથે પાળેલાને જાતે જ ઝુબ્હ ન કરો.** *


એ.એચ.આગલોડીયા મો.૯૪૨૯૫૪૫૪૫૫



ગ્રેસ બ્યુટીક

ફેન્સી ડ્રેસ મટીરીયલ્સ

ડૉ.ગાંધી રોડ, જાનિ ચેમ્બર્સની ગલીમાં, રાજુભાઈ જ્વેલર્સની પાસે, હિંમતનગર

# ગ ડ મ થ લ ૨૨૫

:::: સંપાદક::::
મો.હસનઅલી રફીકઅલી
પટેલ(મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ |
| | ■ | ■ | | ■ | ૬ | | | ૭ | ■ |
| ૮ | ૯ | ૧૦ | | ■ | | ■ | ■ | ૧૧ | ૧૨ |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | | | ■ | |
| | ■ | ■ | ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | |
| ૨૩ | ૨૪ | ૨૫ | | ■ | ■ | ૨૬ | | | ■ |
| ૨૭ | | | ■ | ૨૮ | | | ■ | ■ | ૨૯ |
| ■ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | ■ | |
| ૩૨ | | | | ■ | ■ | ૩૩ | | | |

### :::: આડી ચાવીઓ ::::

(૧) હાદીના હાથ ઉપર હાથ મૂકીને લેવામાં આવતી પ્રતિજ્ઞા (૪)
(૩) મુસાફરી, પ્રવાસ (૩)
(૫) ખૂનનું ટૂંકુ રૂપ, લોહી (૧)
(૬) દીનમાં પાક્કો હોય તે (૪)
(૮) ઝડપ, ગતિ (૪)
(૧૧) બેભાન અવસ્થા (૨)
(૧૩) વીર, બહાદુર, જવાંમર્દ (૨)
(૧૫) અરબીમાં પિતાના ભાઈ, કાકા (૨)
(૧૭) તપાસ, કસોટી (૩)
(૧૮) ભરપૂર, ભરેલું (૪)
(૨૦) મૂસા(અ.)ના સમકાલીન કાફિરનું નામ (૩)
(૨૧) જિંદગી, જીવન (૩)
(૨૩) ગામનો ચોક (૪)
(૨૬) મૃત્યુ પછીની અવ્વલ મંઝિલ (૩)
(૨૭) કા'બામાં આવેલ એક ટેકરીનું નામ (૩)
(૨૮) સુગંધ, ખુશ્બૂ (૩)
(૩૦) કેદમાંથી મુક્ત, આઝાદ (૨)
(૩૧) સિવાય, વગર (૨)
(૩૨) વેતન, પગાર (૪)
(૩૩) ઉપદેશ, હિદાયત (૪)

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) ગાય, કુરઆનનો એક સૂરો (૩)
(૨) ચિત્ર, ફોટો (૩)
(૩) દોસ્ત, મિત્ર (અરબી શબ્દ) (૩)
(૪) કલા, કારીગરી (૨)
(૭) નસ, નળી (૨)
(૯) સવાર, પ્રભાત (૩)
(૧૦) ઈતિહાસ (૩)
(૧૨) શિફારિશ, ભલામણ (૪)
(૧૪) પેન, લેખિની (૩)
(૧૫) આશ્ચર્ય અને દુઃખનો ઉદ્‌ગાર (૨)
(૧૬) ધર્મ, દીન, સંપ્રદાય (૪)
(૧૭) ધ્વજ, વાવટો (૪)
(૧૯) મુક્ત, આઝાદ, બંધનમુક્ત (૨)
(૨૦) હઝરત ઈબ્રાહીમ પયગમ્બરનાં એક બીબી (૨)
(૨૨) દોસ્ત, મિત્ર (૨)
(૨૪) દલીલ, તર્ક, પ્રમાણ, સાબિતી (કુરઆન માટે વપરાય છે.) (૪)
(૨૫) શેકવા માટેનું સપાટ પાત્ર (૨)
(૨૬) નાની ઉંમરનું (૪)
(૨૮) શાહ, બાદશાહ (૨)
(૨૯) કલાક, ઘડી, ક્ષણ (૩)
(૩૦) હવા, વરાળ(અરબી શબ્દ) (૨)

## ગડમથલ નં.૨૨૪નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ યા | ■ | ૨ દીં | ■ | ૩ મ | ૪ દ | દ | ■ | ૫ લા |
| ૬ હ | સી | ન | ■ | ૭ ક | ■ | મ | ■ | ૮ કા | ■ |
| ■ | ન | ■ | ૯ શ | રી | ફ | ■ | ૧૦ હા | રૂ | ન |
| ૧૧ રે | ■ | ૧૨ દ | ■ | બ | ■ | ૧૩ દા | ■ | ન | ■ |
| ■ | ૧૪ શ | ર | મ | ■ | ૧૫ ચ | મ | ન | ■ | ૧૬ જૂ |
| ૧૭ વ | ■ | ખ્ત | ■ | ૧૮ લ | ■ | ન | ■ | ૧૯ હ | ■ |
| ■ | ૨૦ હ | ■ | ૨૧ અ | ઝી | મ | ■ | ૨૨ દ | જ | લા |
| ૨૩ ક | સ | મ | ■ | ઝ | ■ | ૨૪ કા | ■ | ર | ■ |
| ■ | દ | ■ | ૨૫ મા | ■ | ૨૬ ફા | સિ | ક | ■ | ૨૭ જ |
| ૨૮ યા | ■ | ૨૯ તૌ | હી | ન | ■ | દ | ■ | ૩૦ વ | ફા |

# અલ્લાહની રસ્સી

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પારા-૪, સૂરા-૩, આયત-૧૦૨માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અને તમે બધા અલ્લાહની રસ્સીને મજબૂત પકડી રાખો અને આપસમાં ભંગાણ પાડો નહીં.'**

અલ્લાહે પોતાની રસ્સીને પકડવાનો હુકમ આપ્યો, પરંતુ અલ્લાહ તો દેખાતો નથી.

પારા-૭, સૂરા-૬, આયત-૧૦૩ પ્રમાણે

**'તેને આંખો જોઈ શકતી નથી, ન દુનિયામાં ન આખેરતમાં અને તે લોકોની નજરોને સારી રીતે જુએ છે.'**

તેથી અલ્લાહ તો દેખાવાનો નથી અને તેની રસ્સી પણ દેખાવાની નથી. અલ્લાહ પણ નૂર છે અને તેની રસ્સી પણ નૂર છે. રસ્સીમાં બે છેડા સાથે વણેલા હોય છે.

**પારા-૩૫, સૂરા-૪૩, આયત-૫૨** પ્રમાણે

કુરઆન નૂર છે, પંજેતન પાક નૂર છે. **અના વ અલી મિન નૂરે વાહિદ.** હું અને અલી એક જ નૂરથી છીએ અને કુરઆન અને એહલેબયત વિષે રસૂલિલ્લાહ(સ.)ની હદીસ છે :

**'હે લોકો ! હું તમારામાં બે મહાન વસ્તુઓ મૂકતો જાઉં છું. એક અલ્લાહની કિતાબ અને બીજી મારી એહલેબયત. આ બન્ને હૌઝે કૌસર પર મારા સમક્ષ આવ્યા સિવાય અલગ થઈ શકશે નહીં. હું તમને પૂછીશ કે આ બન્નેના હક તમે કેવી રીતે અદા કર્યા.'**

(મુસ્લિમ, જિલ્દ-૨, પાના નં.૨૮૦, મિશ્કાત, જિલ્દ-૪, પાના નં.૫૬૮)

આથી સાબિત થયું કે અલ્લાહની રસ્સીના બે વળ પણ નૂરના બનેલા છે કેમકે જો બેમાંથી એક પણ માટીનું હોત તો હૌઝે કૌસર સુધી પહોંચતાં પહોંચતાં છૂટા થઈ જાત પરંતુ બન્ને નૂરના છે માટે જ હૌઝે કૌસર સુધી અલગ થવાના નથી.

અલ્લાહ ફરમાવે છે કે **'મારી રસ્સી.'** સાબિત થયું કે એ રસ્સીનો એક છેડો અલ્લાહના હાથમાં હોવો જોઈએ. અલ્લાહ નજરમાં આવે તેવો નથી. તો પણ તેણે જેને **યદુલ્લાહ** કહ્યા હશે તેના હાથમાં રસ્સી હશે. યદુલ્લાહ હઝરત અલી(અ.) છે. સાબિત થયું કે એક છેડો હઝરત અલી(અ.)ના હાથમાં છે અને બીજો છેડો તમારા પીરના હાથમાં છે. એટલી લંબાઈ રસ્સીની છે.

આપણા મનમાં એમ થાય કે અલ્લાહે રસ્સી શા માટે રાખી ? કારણ કે આપણામાં દરેક જણ સરખી શક્તિ ધરાવનાર નથી. કેટલાંક બાળકો છે. કેટલીક સ્ત્રીઓ છે, કેટલાક ઘરડાઓ છે. દરેકની પકડ કંઈ સરખી હોઈ શકે નહીં. કદાચ કોઈનાથી રસ્સી છૂટી પણ જાય. એના કરતાં તો અલ્લાહે સોખંડની સાંકળ રાખી હોત અને બધાને સાંકળમાં બાંધી દીધા હોત તો સારું થાત કે કોઈ છૂટી જ ન શકે.

અલ્લાહ ફરમાવે છે કે ના, એવું ન થાય. **લા ઈકરાહા ફિદ્દીન.** દીનમાં બળજબરી નથી. જેની મરજી હોય તે રસ્સીને પકડે અને જેની મરજી ન હોય તે રસ્સીને છોડી દે. હા, પણ એટલું તો ખરું કે જેણે દુનિયામાં રસ્સી ન પકડી હોય તેને કયામતમાં સાંકળ વડે પકડીને જહન્નમમાં લઈ જવાશે.

અલ્લાહે મજબૂત પકડવાનું શા માટે કહ્યું ? એટલા માટે કે જો રસ્સીને હાથમાંથી છોડી દીધી તો

શયતાને તો તેની જાળ દુનિયામાં પાથરેલી છે. જો તેમાં આપણા પગ ફસાઈ ગયા તો જેમ જેમ નીકળવા પ્રયત્ન કરીશું તેમ તેમ શયતાની જાળમાં પગ વધારે ફસાઈ જશે.

અલ્લાહે નમાઝ, રોઝા, હજ, આ ઈબાદતોને પોતાની રસ્સી નથી કહી પરંતુ સંપને પોતાની રસ્સી કહી એટલે કે સંપ રાખીશું તો તેની રસ્સીને પકડીને આપણે અલ્લાહની સાથે જોડાયેલા ગણાઈશું અને જો ઝઘડા ફસાદ કર્યા તો અલ્લાહથી સંબંધ રહેશે નહીં. પછી ભલેને આપણે નમાઝ પઢીએ, રોઝા રાખીએ કે હજ પઢવા જઈએ.

આપણે બસ કે ટ્રેનમાં બેસીએ છીએ આપણી મંઝિલ સુધી પહોંચવા માટે. એવી જ રીતે અલ્લાહે આપણને દુનિયામાં મોકલ્યા છે આખેરત માટે.

બસ કે ટ્રેનમાં મુસાફરી માટે નીકળીએ તો ઘણી વખત બસમાં જગ્યા મળતી નથી કદાચ ઊભા ઊભા પણ જવું પડે તેમ છતાં ય આપણને સંતોષ હોય છે કે બસમાં દાખલ થયા તો જરૂર મંઝિલ સુધી પહોંચી જઈશું. ચાલતી બસમાં આપણી જાતને સંભાળવા માટે તેમાં ટેકા હોય છે તે પકડીને આપણે પોતાની જાતને સંભાળીએ છીએ.

વળી બસમાં લખેલું હોય છે કે બીડી પીવાની સખ્ત મનાઈ છે. પરંતુ કેટલાક પીવાવાળા બીડી પીતા જ હોય છે. તેમ છતાં આપણે તેમનાથી ઝઘડો કરતા નથી કે ચાલો આપણે તો આગળ જઈને ઉતરી જવાનું છે, પછી નકામો ઝઘડો શા માટે કરવો ? આપણું ધ્યાન મંઝિલ તરફ જ હોય છે. ક્યારે સ્ટેન્ડ આવે ને ઉતરી જઈએ. કદાચ બારી આગળ જગ્યા મળે તો આપણે બહારનાં દૃષ્યો તરફ જોઈએ છીએ. કેટલીક વખત તો બગીચાઓ, જંગલો, ઝાડીઓ દેખાય છે. કેટલીક વખત ઉકરડા દેખાય છે. એટલે કે કોઈ વખત મનગમતાં દૃષ્યો દેખાય છે અને કોઈ વખત અણગમતાં દૃષ્યો નજરે પડે છે. એવી જ રીતે દુનિયા પણ સ્થિર નથી. પોતાની ધરી પર ફરે છે એટલે જ દિવસ અને રાત તેમજ ઋતુઓ બદલાતી રહે છે. તો આવી અસ્થિર દુનિયામાં વગર સહારે આપણે ટકી ન શકીએ માટે તો અલ્લાહે પોતાની રસ્સીને મજબૂતીથી પકડવાનું આપણને કહ્યું છે.

અલ્લાહે એટલા માટે રસ્સીને મજબૂતી સાથે પકડવાનું કહ્યું કેમકે અલ્લાહ ઈચ્છી રહ્યો છે કે તેનાથી દરેકનો સંબંધ જળવાઈ રહે અને જ્યારે પણ તેના બંદાને જરૂર પડે અલ્લાહ મદદ કરવા તત્પર છે. રસ્સી હાથમાં હશે તો મદદ મળશે, નહીં તો મદદ નહીં મળે.

બસમાં મુસાફરી દરમિયાન પ્રવાસીઓ બદલાતા રહે છે. કેટલાક આપણા પહેલાં બસમાં બેસે છે અને આપણા પછી બસમાંથી ઉતરે છે. કેટલાક મોડા બેસે છે અને બસમાંથી વહેલા ઉતરે છે. દુનિયામાં પણ કેટલાક આપણા પહેલાં જન્મે છે અને આપણા પછી મૃત્યુ પામે છે. એટલે કે કેટલાકનું જીવન ટૂંકું હોય છે અને કેટલાકનું જીવન લાંબું હોય છે. આપણા મિત્રો પણ બદલાતા રહે છે. તો જેવી રીતે આપણે મુસાફરી દરમિયાન

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૧૫**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّتَوَفَّنَا مُسْلِمِيْنَ ﴿١٢٦﴾

**રબ્બના અફ્રિગ અલૈના સબરંવ વ તવફ્ફના મુસ્લેમીન.**

(પારો-૯, સૂરએ અઅરાફ, આયત-૧૨૬)

અર્થ : અય અમારા પરવરદિગાર ! તું અમને (અસાધારણ) ધીરજ(સબ્ર) અર્પણ કર અને અમારો અંત ઈસ્લામ ઉપર જ લાવજે. *

સહપ્રવાસીઓ સાથે વાતો કરીએ છીએ પરંતુ આપણું ધ્યાન તો મંઝિલ તરફ જ હોય છે. એમ દુનિયામાં પણ જે જાણ્યા અજાણ્યા જો કોઈ મળે તેમની સાથે સારી રીતે વાતો કરવી અને આખેરત તરફ ધ્યાન આપવું.

પહેલાંના સમયમાં ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસ અને થર્ડ ક્લાસ એમ ત્રણ વર્ગો હતા. તેમાં લોકો મુસાફરી કરતા હતા. પરંતુ દરેકને એક જ દિશા તરફ જવાનું હોય છે. ફર્સ્ટ ક્લાસમાં સગવડ વધારે, સેકન્ડ ક્લાસમાં તેનાથી ઓછી સગવડ અને થર્ડ ક્લાસમાં ભીડ પણ હોય. એમ દુનિયામાં પણ કેટલાક શ્રીમંતના ત્યાં જન્મે, કેટલાક મધ્યમ વર્ગના માણસના ત્યાં જન્મે અને કેટલાક ગરીબના ઘેર જન્મે છે. ટૂંકમાં જે પણ વર્ગમાં જન્મ થયો હોય પરંતુ અંત તો દરેકનો એક સરખો જ હોય છે.

હવે આપણે પારા-૧૨, સૂરા-૫૧, આયત-૧૫ થી ૧૬માં જોઈએ : અલ્લાહ ફરમાવે છે કે -

**'જે કોઈ સંસારી જિંદગી તથા દુનિયાના શણગારનો અભિલાષી હશે તેને અમે આ (જગત)માં જ કર્મોનો પૂરેપૂરો બદલો આપીશું અને તેમને તેમાં કાંઈ પણ ઓછું આપવામાં આવશે નહીં. તે એ જ લોકો છે કે જેમના માટે આખેરતમાં (જહન્નમની) આગ સિવાય બીજું કાંઈ નથી. અને તેઓ જે (સારાં કાર્યો દુનિયામાં) કરતા હતા તે (સઘળાં આખેરતમાં) નષ્ટ થઈ ગયાં અને જે કાંઈ તેઓ કરે છે તે વ્યર્થ જશે.'**

ઉપરની આયતથી જાણવા મળ્યું કે જો આપણે દુનિયાને મહત્વ આપીશું તો અલ્લાહ આપણાં કર્મોનો બદલો દુનિયામાં આપશે અને આખેરતમાં આગ સિવાય બીજું કંઈ નહીં મળે. આપણાં બધાં કર્મો વ્યર્થ જવાનાં. એનો અર્થ એ કે આપણું ધ્યાન હંમેશાં આપણી આખેરત સુધારવા તરફ જ હોવું જોઈએ. આપણે એવી જગ્યા અને એવાં કાર્યો પસંદ કરવાં જોઈએ કે જે આપણી આખેરત સુધારવામાં મદદરૂપ થાય. જે જગ્યાઓ અને કામો આપણને ફક્ત દુનિયા કમાવવા તરફ લઈ જતાં હોય તેનાથી દૂર રહેવું. વળી આપણે એવી દુઆ કરતા રહેવું જોઈએ કે અય અમારા પરવરદિગાર ! અમને દુનિયામાં પણ મદદ કર અને આખેરતમાં પણ સારામાં સારો બદલો આપ.

જો આપણું ધ્યાન આખેરત તરફ હશે તો દુનિયાને બહુ મહત્વ નહીં આપીએ. દુનિયાની તકલીફો નાની લાગશે અને દુનિયામાં નુકસાન પહોંચાડવાવાળાને આપણે સહન કરી લઈશું અને જો ફક્ત દુનિયા તરફ જ ધ્યાન હશે તો તેની તકલીફો પણ અસહ્ય લાગશે અને દુનિયામાં નુકસાન પહોંચાડવાવાળાથી બદલો લેવાનું પણ મન થશે.

હવે આપણે પારા-૪, સૂરા-૩, આયત-૧૦૨ની પૂરી આયત પર વિચાર કરીએ :

**'અને એકત્ર થઈને સર્વે જણા અલ્લાહની રસ્સીને મજબૂત પકડી લો અને (માંહે માંહે) ભંગાણ પાડો નહીં અને અલ્લાહની નેઅમત જે તેણે તમારા પર ઉતારી છે તેને યાદ કરતા રહો તે (નેઅમત એ) કે જ્યારે તમે એકબીજાના દુશ્મન હતા ત્યારે તેણે તમારા મનમાં (એકબીજા માટે) પ્રેમ ઉત્પન્ન કર્યો જેથી તેની મહેરબાનીથી તમે**

## કૂતરું કરડે ત્યારે શું કરવું ?

હડકાયું કે સાદુ કૂતરું કરડે ત્યારે તેને ઉતરાવવાની કે ગોળ પઢાવવાની માથાકૂટમાં પડ્યા વગર તાત્કાલીક સીધા ડૉક્ટર પાસે જઈને ઈલાજ કરાવવો હિતાવહ છે.

- જાફરીબાગ, સિધ્ધપુરના આદેશથી

**એકબીજાના ભાઈ ભાઈ બની ગયા. અને (વળી) તમે આગના ખાડાના કાંઠે હતા પછી તેણે તમને (તેમાં ગબડતાં) બચાવી લીધા. આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાની નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમે સન્માર્ગ મેળવો.'**

ઉપરની આયત પર મનન કરવાથી એમ જ લાગે છે કે જાણે અલ્લાહે મોમિન કોમને સંબોધીને જ કહ્યું હશે કે એકત્ર થઈને સર્વે જણ અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી લો અને માંહે માંહે ઝઘડો ફસાદ કરીને ભંગાણ પાડો નહીં. તમે જ્યારે નાત જાતના, ઊંચ નીચના ભેદભાવમાં વહેંચાયેલા હતા અને એકબીજાથી વેરભાવ રાખતા હતા ત્યારે તમારા ઉપર પીર રૂપી અલ્લાહની રહેમત ઉતરી અને તેમના ચહેરા તરફ નજર કરીને તમે કલમો પઢી લીધો અને તમારામાં ઊંચ નીચનો ભેદભાવ દૂર થઈ ગયો. તમારા દિલોમાં એકબીજા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કર્યો જેથી અલ્લાહની મહેરબાનીથી તમે એકબીજાના ભાઈ ભાઈ બની ગયા અને તમે જહન્નમની આગના કિનારે હતા અને કલમો પઢાવીને તમને બચાવી લીધા. આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાની નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમે સન્માર્ગ મેળવો અને મોમિન કોમે પીરને આધીન રહીને સિરાતે મુસ્તકીમ મેળવી લીધો.

અને હવે તમે એ સ્થિતિએ પહોંચી ગયા છો કે તમે બધા એકત્ર થઈને **મકતબા જાફરીયા, કામરાન હાઈસ્કૂલ, હિંમતનગરની ઝહીર હોસ્ટેલ, ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, બોસ્તાને તિફલાન, મસ્જિદો, ઈમામવાડાઓ** વગેરે સ્થાપિત કર્યા અને દુનિયા અને આખેરત કમાઈ લીધી અને આ જ પ્રમાણે હાથમાં રસ્સી પકડી રાખીને ઈન્શાઅલ્લાહ આગળ ને આગળ તરક્કી (વિકાસ) કરતા જ રહેશો. *


પાટણમાં ખુશખબર　　પાટણમાં ખુશખબર　　પાટણમાં ખુશખબર

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા**
(કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**

# ગેલેક્સી ઈન્ફોટેક

The Complete Computer Services



- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

intel Kingston Logitech SAMSUNG hp DELL ASUS COMPAQ LG acer

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.**

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૧૭**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે, **ખુદાયા ! કઝાઓ કદર મુઝકો ઉમ્મીદવાર બનાતે હૈ.** યા અલ્લાહ ! મારી તકદીર મને આશાવાન બનાવે છે. **જબ કે ખ્વાહિશે નફ્સને ચાહતકી ઝંજીરોં મુઝકો અસીર કર રખ્ખા હૈ.** અને મારી ઈચ્છાઓ મને તેમની ઝંજીરોમાં, તેમની સાંકળોમાં જકડી રહી છે. **પસ તું મેરે લીયે મદદગાર બન કર મેરી મદદ કર.** તો આમના વિરોધમાં તું મારી મદદ કર. **મુઝકો બસીરત અતા કર.** મને અંતરદષ્ટિ આપ. **ઔર અપને ફઝલ સે મુઝકો મુસ્તગ્ના કર દે.** અને તારા ફઝલ વડે મને મારા મુકદરની આશાઓથી પણ પર કરી દે અને મારી ઈચ્છાઓથી પણ પર કરી દે. **યહાં તક કે તેરી વજહસે સવાલ ઔર તલબસે મુસ્તગ્ના હો જાઉં.** એટલે સુધી કે તારા કારણે હું દરેક માગણી અને દરેક ઈચ્છાથી પર થઈ જાઉં.

**તૂને હી અપને અવલિયાકે દિલોંમેં અન્વાર કો ચમકાયા.** યા અલ્લાહ ! તેં જ તારા વલીઓના દિલોમાં નૂરને ચમકાવ્યું છે. **યહાં તક કે ઉન્હોંને તુઝકો પહેચાના.** એટલે સુધી કે એ નૂર વડે તારા વલીઓએ તને ઓળખી લીધો છે. **ઔર તેરી વહેદાનિયતકા ઈકરાર કીયા.** અને તને ઓળખીને તારી વહેદાનિયત તારા એકત્વનો સ્વીકાર કરી લીધો છે. **ઔર તૂને હી અપને દોસ્તોંકે દિલોંસે ગયરોકો મહ્વ કીયા.** અને તેં જ તારા મિત્રોના દિલોમાંથી અન્ય લોકોની મોહબ્બતને ખતમ કરી દીધી છે. **યહાં તક કે ઉન્હોંને સિવાય તેરે કીસી ઔર સે મોહબ્બત ન કી.** એટલે સુધી તેમણે તારા સિવાય કોઈ અન્યથી મોહબ્બત કરી જ નહીં પછી. **ઔર ન તેરે અલાવા કભી કીસી કી પનાહ કબૂલ કી.** અને તારા સિવાય કોઈ બીજાની શરણમાં પણ ગયા નહીં. **જબ તમામ અવાલિમને ઉનકો વહેશતમેં મુબ્તેલા કર દીયા તો તૂ ઉનકા મુનિસ બના.** દરેક પ્રકારની પરિસ્થિતિઓએ તેમને ભયભીત કરી દીધા તો તેં એમને હિંમત આપી. **ઔર જબ સારી નશાનીયાં ઉન પર વાઝેહ હો ગયી તો તૂને હી ઉનકી હિદાયત કી.** અને જ્યારે દરેક નિશાનીઓને એ લોકોએ ઓળખી લીધી એ પછી તેં જ યા અલ્લાહ! એમની હિદાયત કરી.

**ઉસને ક્યા પાયા જીસને તુઝકો ખો દીયા ?** યા અલ્લાહ ! એ માણસ શું પામ્યો કે જેણે તને જ ખોઈ દીધો ? **ઔર ઉસને ક્યા ખોયા જીસને તુઝકો પા લીયા ?** અને એવા માણસે કે જેણે બધું ખોઈને તને પામી લીધો એણે શું ખોયું ? **જીસને તેરા બદલ કીસી ઔર મેં તલાશ કીયા વો માયૂસ હુવા.** તારી જગ્યાએ કોઈ અન્ય વસ્તુની શોધમાં જે પણ માણસ નીકળ્યો તે નિરાશ થયો. **ઔર જીસને તુઝ સે મુહ મોડા વો ઘાટેમેં રહા.** જે માણસ તારાથી વિમુખ થઈ ગયો તે નુકસાનમાં ગયો.

આ બે વાક્ય **જીસને તેરા બદલ કીસી ઔર મેં તલાશ કીયા વો માયૂસ હુઆ ઔર જીસને તુઝસે મુહ મોડા વો ઘાટે મેં રહા.** આપણા ઉપર એવી રીતે લાગું થાય કે આપણે આજના જમાનામાં જો સારું સારું એજ્યુકેશન (education) પામીને સારી નોકરીઓ શોધતાં શોધતાં જો અલ્લાહને જ ભૂલી જઈએ તો આવા નુકસાનમાં આપણે પડવાના જ

છીએ. પરંતુ જો આપણે અલ્લાહની જ લગનમાં વધુને વધુ એજ્યુકેશન પામીએ ઈલ્મ ખાતર કે અલ્લાહને વધારે સારી રીતે ઓળખીશું અને અલ્લાહની નિશાનીઓને ઓળખીશું અને એ રીતે ઈલ્મ પામીએ અને લાયકાતમાં વધારો થતો જાય અને અલ્લાહને કદીયે ના ભૂલીએ અને પછી આપમેળે રોઝી પણ શરૂ થઈ જાય અને એ રીતે જે કામયાબી મળશે એ એવી કામયાબી હશે કે જેની સરખામણીમાં બીજી કોઈ કામયાબી નહીં આવે. તો ખાસ કરીને યુવા પેઢીને કહું છું કારણ કે કોમ્પીટીશન(competition)નો જમાનો છે એમ બધા મને કહે છે ત્યારે મને ખબર પડે છે, મને તો ખબર પડતી નથી કારણ કે હું તો અલ્લાહની મદદ વડે આગળ ચાલતો જ જાઉ છું મને તો કોઈ કોમ્પીટીશન દેખાતી નથી. પરંતુ તમને કદાચ કોમ્પીટીશન દેખાતી હોય તો એ કોમ્પીટીશન કે જ્યાં ઘેટાં બકરાંની માફક લોકો જતા હોય ત્યાં આપણું કામ જ નથી. આપણો રસ્તો બીજો જ છે અને એ રસ્તા ઉપર છેવટ સુધી અલ્લાહની મદદથી જવાનું છે અને એ આપણો જ રસ્તો છે અને ત્યાં આપણને કામયાબી મળીને જ રહેવાની છે આટલું યાદ રાખવાનું.

**તેરે અલાવા કીસી સે કૈસે ઉમ્મીદ કી જા સકતી હૈ ?** કોઈ અન્યથી, તારા સિવાય કોઈની પણ સાથે આશા બંધાય જ કેમ ? **જબ કે તૂને એહસાનકા સિલસિલા ખત્મ નહીં કીયા.** તેં અહેસાન કરવાનો સિલસિલો કોઈના ઉપર ખતમ કરી દીધો નથી. તો પછી બધી આશાઓ તારાથી જ બંધાય, કોઈ બીજાથી બંધાય જ નહીં. **ઔર તેરે અલાવા કીસી સે કૈસે તલબ કીયા જા સકતા હૈ જબ કે તૂને એહસાનકી આદતકો નહીં બદલા ?** યા અલ્લાહ ! તારી ટેવ છે અહેસાન કરવાની અને તું આ ટેવ બદલવાનો જ નથી તો પછી માગણી અમે કરીએ તો તારા સિવાય બીજા કોઈ પાસે કેમ કરીએ ? તું જ આપનારો છે અને તારાથી જ માગતા રહીશું.

**અય વો ઝાત ! જીસને અપને દોસ્તોંકો અપનેસે માનૂમ હોને કા વો મઝા ચખાયા કે વો તેરે સામને મિન્નતો સમાજત કે હાથ ફૈલાયે ખડે હો ગયે.** યા અલ્લાહ ! તું એવો છે કે તેં તારા મિત્રોને મોહબ્બતનો એવો સ્વાદ ચખાડ્યો કે એ લોકો પોતાની બાહોં ફેલાવીને તારાથી મિલાપ કરવા તૈયાર થઈ ગયા. **ઔર અય વો ઝાત ! કે જીસને જબ અપનેં દોસ્તોં કો અપની હયબતકા લિબાસ પહેનાયા તો વો ઉસકે સામને ઈસ્તિગ્ફાર કરતે હુએ ખડે હો ગયે.** અને તું એ જ છે કે જ્યારે તેં તારા મિત્રોના દિલોમાં ખૌફ પેદા કર્યો તો એ જ લોકો કે જે તારાથી મિલાપ કરવા માગતા હતા એ જ લોકો તારાથી ઈસ્તિગ્ફાર (માફી) માગવા લાગ્યા. **કબ્લ ઉસકે કે બંદે તુઝકો યાદ કરેં તું બંદોં કો યાદ કરતા હૈ.** લોકો, અલ્લાહના બંદાઓ, અલ્લાહને યાદ કરે તે પહેલાં અલ્લાહ તેમને યાદ કરે છે. **ઔર આબિદોંકી તવજ્જોસે પહેલે તૂ ઉન પર એહસાનકી ઈબ્તેદા કરતા હૈ** અને ઈબાદતગુઝાર લોકો ઈબાદત કરે તે પહેલાં અલ્લાહ પોતાનું ધ્યાન તેમના ઉપર નાખે છે. **તૂ તલબગારોંકી તલબસે પહેલે સખાવત કરતા હૈ,** માગનારા લોકો માગે તે પહેલાં તેં સખાવત શરૂ પણ કરી દીધી હોય છે. **ઔર તૂ બેશુમાર અતા કરતા હૈ.** તું આપે છે તો અગણિત આપે છે, ગણતરીમાં આવે એટલું નથી આપતો. **ફિર લુત્ફ યે હૈ જો તૂ હમેં દેતા હૈ ઉસીમેંસે હમસે કર્ઝ લેતા હૈ.** અને મજાની વાત તો એ છે કે જે તું અમને આપે છે તેમાંથી જ કર્ઝની માગણી કરે છે. અને કુરઆન શરીફમાં આ પણ છે ને કે કોણ છે કે જે અલ્લાહને કર્ઝે હસના આપે ? અલ્લાહને કર્ઝે હસના આપવું એ જરૂરતમંદોને કર્ઝે હસના આપવું એમ છે. તો પહેલાં તો અલ્લાહ આપે છે પછી અલ્લાહ જરૂરતમંદો વડે આપણી પાસે કર્ઝે

હસના મંગાવે છે અને એનો સવાબ પણ અલ્લાહ પોતે જ આપે છે.

**મેરે માઅબૂદ ! મુઝકો અપની બારગાહે રહેમતમેં તલબ કરતા કે મૈં તુઝસે મિલ જાઉં.** યા અલ્લાહ ! તું મને તારી બારગાહમાં બોલાવી લે કે જેથી હું તને મળી લઉં. **ઔર મુઝકો અપને એહસાનસે અપના ગર્વિદા બના દે તાકિ તેરી તરફ તવજ્જો કરું.** અને અહેસાન કરી કરીને મને તારો ગર્વિદા, તારો પોતાનો મને ખરીદી લે કે મારું આખું ધ્યાન તારા તરફ જ રહે.

**મેરે માઅબૂદ ! મેરી ઉમ્મીદ તુઝસે મુન્કત્અ નહીં હોતી ચાહે મૈં તેરી કીતની હીં મઅ્સિયત કરું.** યા અલ્લાહ ! હું કેટલાય પણ ગુનાહ કરું, મારી આશાઓ કે તું બક્ષી દેશે એ આશા કદી તૂટતી જ નથી. **ઈસી તરહ મેરા ખૌફ ખત્મ નહીં હોતા ચાહે મૈં કિત્ની હી તેરી ઈતાઅત કરું.** અને તારી કેટલી પણ ઈબાદત કરું હું તારા ખૌફથી, તારા ડરથી દૂર જઈ શકતો જ નથી. **હર આલમ મુઝકો તેરી તરફ બુલાતા હૈ.** મારી દરેક પરિસ્થિતિ મને તારી તરફ જ ખેંચી જાય છે. **ઔર તેરે કરમકે બારેમેં મેરા ઈલ્મ મુઝે તેરી જાનિબ ખીંચતા હૈ.** અને તું કેવો કરમ કરવાવાળો છે તેવી જાણકારી મને છે અને આ જાણકારી પણ મને તારી તરફ ખેંચી રહી છે.

**મેરે માઅબૂદ ! મૈં કૈસે નાકામ હો સકતા હૂં જબ કે તૂ મેરી ઉમ્મીદ હૈ ?** મને નાકામી થાય જ કેમ જ્યારે કે મારી આશા તું જ છે ? **યા મૈં કૈસે રૂસ્વા હો સકતા હૂં જબ કે તુઝ પર મેરા તવક્કુલ હૈ ?** અને તારા ઉપર હું ભરોસો કરીને બેઠો છું તો હું નિષ્ફળ અને બદનામ થઈ જ કઈ રીતે શકું ?

**ખુદાયા ! મૈં કીસ તરહ ઈઝ્ઝતકા દાવા કર સકતા હૂં જબ કે તૂને મુઝકો ઝિલ્લતમેં ડાલ દીયા હૈ ?** યા અલ્લાહ ! હું ઈઝઝતવાળો છું એવો દાવો કઈ રીતે કરી શકું છું જ્યારે કે તારી સરખામણીમાં ઝિલ્લતમાં તો તેં જ મને નાખ્યો છે બંદા હોવાની રીતે? **યા મૈં કૈસે ઈઝ્ઝત મહેસૂસ ન કરું જબ કે તૂને મુઝકો અપની તરફ નિસ્બત દી હૈ ?** આનાથી વિપરીત હું પોતાની જાતને ઈઝઝતવાળો કેમ ન માનું જ્યારે કે તેં મને તારાથી સંબંધિત કરી દીધો છે? **ખુદાયા ! મૈં કૈસે અપનેકો ફકીર ન સમઝૂં જબ કે તૂને મુઝકો ફિકરામેં રખ્ખા હૈ ?** યા અલ્લાહ! હું પોતાની જાતને ફકીર કેમ ન સમજુ જ્યારે કે તેં મને તારી ફકીરીમાં રાખ્યો છે ? **યા મૈં કૈસે ફકીર રહું જબ કે તૂને અપને જૂદો અતાસે મુઝકો ગની બના દીયા હૈ ?** અથવા તો હું કઈ રીતે પોતાને ફકીર માનું જ્યારે કે તેં પોતે મારા ઉપર સખાવત કરીને માલદાર બનાવી દીધો છે ?

**તૂ ઐસા હૈ જીસકે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ.** તું એવો છે કે તારા સિવાય કોઈ પૂજનીય છે જ નહીં. **તૂને હર એકકો અપની પહેચાન કરાર દી હૈ.** દરેકને, એકે એક વસ્તુને, એકે એક માણસને નહીં, અલ્લાહે પોતાની ઓળખ દરેક વસ્તુને એટલે સુધી કે પથરાઓને પણ કરાવી દીધી છે. કુરઆન શરીફમાં આપી છે કે પથ્થરો પણ અલ્લાહની ઈબાદત કરે છે એ પણ અલ્લાહની સામે સજદો કરે છે. એના ખૌફથી એમની અંદરથી પાણી નીકળી જાય છે. આવી બધી આયતો છે. **તો તૂને હર એક કો અપની પહેચાન કરા દી હૈ.** દરેક વસ્તુને અલ્લાહે પોતાની ઓળખ કરાવી દીધી છે અને આ અલ્લાહના આદિલ હોવાનો એક પુરાવો છે.

આપણે આમ પણ જોઈએ છીએ કે સૌથી પહેલાં માણસ કોણ હતા ? કુરઆન શરીફ કહે છે કે હઝરત આદમ(અ.). તો હઝરત આદમ(અ.) કોણ હતા ? રસૂલ હતા, અલ્લાહના નબી હતા. અલ્લાહના નબી અલ્લાહના બીજા સામાન્ય બંદાઓ કરતાં સૌથી પહેલા કેમ આવે ? એટલા માટે કે હિદાયત પહેલાં આવે કે જેથી કરીને કોઈ હિદાયત વગર ના રહી જાય. અલ્લાહે હિદાયત પહેલાં

મોકલી, જેમને હિદાયત કરવાની હતી એ બધા લોકોને પછી મોકલ્યા અને આવી જ રીતે કાએનાતની દરેક વસ્તુને અલ્લાહે પોતાની ઓળખ કરાવી જ દીધી છે અને એ ઓળખના આધારે હવે કયામતમાં કે આખેરતમાં અલ્લાહ દોઝખ અને જન્નતમાં તેમની વહેંચણી કરશે. જો આ ઓળખ ના કરાવી દીધી હોત તો અલ્લાહ ઈન્સાફવાળો ગણાત જ નહીં કારણ કે અલ્લાહે પહેલાં તો ઓળખ ના કરાવી અને પછી હિસાબ લે તો અલ્લાહના હિસાબનો આ તકાજો છે કે અલ્લાહ પહેલાંથી ઓળખ કરાવી દે પોતાની અને પછી જે આંખ બંધ કરી લે તેમને સજા થાય.

**પસ કોઈ ચીઝ તુઝસે જાહિલ નહીં હૈ. તૂ હી વો હૈ જીસને હર ચીઝમેં મુઝકો પહેચનવાયા.** તેં ઓળખ કરાવી દીધી એટલે કોઈ પણ વસ્તુ તારાથી અજ્ઞાની નથી અને તું એ છે કે જેણે પોતાની ઓળખ મને આપી. **તો મૈં હર ચીઝમેં તુઝકો ઝાહિર દેખતા હૂં.** એટલી તારી ઓળખ મને આપી કે હવે મને દરેક વસ્તુમાં તું દેખાય છે. **ઔર તૂ હર શય કે લીયે ઝાહિર હૈ.** અને તું દરેક વસ્તુ માટે જાહેર છે.

**અય વો ખુદા ! જો અપની રહેમાનિયત કે સાથ કાયમ હૈ.** યા અલ્લાહ ! તું તારી રહેમાનિયત, તારા દયાળુપણાની સાથે કાયમ છે. **યહાં તક કે અર્શ ઉસકી ઝાતમેં ગાયબ હૈ.** એટલે સુધી કે અર્શ, આખું ને આખું અર્શ અલ્લાહની ઝાતમાં વિલીન થઈ ચૂકયું છે. **તૂને આસારકો આસાર કે ઝરીયે નાબૂદ કીયા હૈ.** યા અલ્લાહ ! તેં એક નિશાનીને બીજી નિશાની વડે નાબૂદ કરી દીધી. **ઔર અગ્યારકો અફલાકકે અન્વાર કે અહાતેમે લેકર મહ્‌વ કર દીયા હૈ.** અને જે પણ તારા સિવાય બીજો છે તેને આસમાનોના નૂરના ઘેરામાં લઈને તેનો નાશ કરી દીધો છે.

**અય વો ખુદા ! જો અપને અર્શ કે પર્દોમેં ઈસ તરહ છૂપા હૈ કે નિગાહેં ઉસકો નહીં દેખ સકતીં.** યા અલ્લાહ ! તું તારા અર્શના પડદાઓમાં એવી રીતે છુપાઈ ગયો છે કે નજર તને જોઈ શકતી નથી. **અય ખુદા ! જો કમાલ નૂર કે સાથ રૌશન હુઆ તો ઉસકી અઝમતકા ગલ્બા મુતહકીક હુઆ.** યા અલ્લાહ ! તારો જે કમાલ, તારી જે સંપૂર્ણતા નૂરની સાથે લોકોની સામે રોશન થઈ તો લોકોને ખબર પડી કે તેની મહાનતા શું છે? **તૂ કયું કર મખ્ફી હો સકતા હૈ જબ કે તૂ હર શયમેં ઝાહિર હૈ ?** તું જયારે દરેક વસ્તુમાં જાહેર છે ત્યારે તું છૂપાયેલો કઈ રીતે હોઈ શકે ? **યા કયું કર ગાયબ હો સકતા હૈ જબ કે તૂ હર એક કે આ'માલકા નિગેહબાન ઔર હાઝિરો નાઝિર હૈ ?** અને તું ગાયબ કઈ રીતે થઈ શકે જયારે કે તું દરેકના કાર્યોને જોઈ રહ્યો છે અને દરેકની સામે હાઝિર અને નાઝિર છે ? **બેશક! તૂ હર શય પર કાદિર હૈ.** ખરેખર તું દરેક વસ્તુ કરવા ઉપર સક્ષમ છે. **ઔર તમામ હમ્દ ઉસ ખુદાસે મખ્સૂસ હૈ જો અકેલા હૈ.** અને બધી પ્રસંશા એ અલ્લાહ માટે વિશેષ છે કે જે એકત્વ ધરાવે છે.

**અલ્લાહનો લાખ લાખ શુકર કે અલ્લાહે મને શક્તિ આપી, આ ખુત્બાને વાંચવાની અને તમને આ ખુત્બો સમજાવવાની.**

**અલ્લાહથી દુઆ કરું કે આવી જ રીતે અલ્લાહ મારા ઉપર રહેમ કરતો રહે અને મારા વડે હિદાયત જ કરાવે, કદીય ગુમરાહી ના ફેલાવે.**

**તમારા માટે અલ્લાહથી દુઆ કરું કે અલ્લાહ તમને તમારા માથેથી દરેક બીમારી, બલા, આફત ટાળી દે અને દુનિયા અને આખેરતમાં સલામત અને ખુશખુશાલ રાખે અને તમારી બધી નેક મુરાદો પૂરી કરે.**

**આપણા માટે અલ્લાહથી દુઆ કરું કે અલ્લાહ ઈસ્લામને ખરી રીતે આપણને સમજાવે અને મુસ્લેમીનમાં શામેલ કરે અને ઈમાન આપણા દિલોમાં પયદા કરે અને મોમિનીનમાં શામેલ કરે અને આપણા ચરિત્રમાં અહેસાનને જન્મ આપે અને મોહસેનીનમાં શામેલ કરે.** *

(ઈલોલ તલાવ, તા.૩-૧૧-૨૦૦૯, મંગળવાર)

# Hubb-e-Ali

-------------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-------------------------------------------------------------------------------------------------------------------------------------

*It requires just one good spell of rains to change the otherwise pale and dull environment into a lush green one. One is motivated to go for a long drive and enjoy the beauty around.*

*On one such day I decided to take a drive along the nearby highway and enjoy the scenic beauty. I found* ***many agriculture fields full of greenery*** *but I also found* ***certain fields which were not as green as the others.*** *There* ***were also some non yielding patches of land.***

*In a discussion with an agriculturist friend of mine I learnt that there are* ***3 categories of land.***

- *A* ***fertile land*** *has* ***the ability to cultivate crops on its own****. It just requires water to harvest the crop.*
- *A* ***semi-fertile land*** *needs* ***<u>soil treatment based on the characteristics of the soil</u>*** *along with water and once it is treated it can become fertile.*
- *A* ***non-fertile land*** *is full of rocks and sand and whatever treatment you do on it, it would not yield any harvest.*

➔*This explains that though the same amount of rain was received; the land behaved differently based on its own ability.*

We have received the philosophy of Islam through the holy presence of Rasool (SAW) and The Holy Quran. The same message was conveyed to all but still based on **personal abilities each one has a different understanding and a different level of faith**. Like a fertile land whether we have the ability to harvest the crop of faith within us needs to be understood? We would thus refer the holy book in this regard.

Let me refer the following ayahs from the holy Quran:

- *"Aur tum teen giroh ho jaaoge. Pas daayein taraf waale* ***kya kehne daayein taraf walon ke****. Aur baayein taraf waale* ***phoot gaye naseeb unke baayein taraf waalon ke****. Aur aage badhne waale* ***<u>wo to aage hi badhne waale hain</u>****." – (Surah-e- Waaqia, ayah 7-8-9-10)*

> *"(And you shall be three sorts. Then (as to) the companions of the right hand; **how happy are the companions of the right hand!** And (as to) the companions of the left hand; **how wretched are the companions of the left hand**! And **<u>the foremost are the foremost</u>**.)"*

The above ayah divides people into 3 different categories based on their level of faith; the companions of the right hand, the companions of the left hand and the foremost. The ayah further says that the companions of the right hand would remain happy while the foremost are **the people who would remain ahead of everybody else**. They are ahead in faith and conduct. They have **a fertile heart** which **nurtures the harvest of faith**.

With reference to the above ayah, Allama Ibn-e-Marduiya has quoted a tradition from Ibn-e-Abbas and according to it '**<u>the foremost'</u>** are Yousha bin Nuon, Momin Aal-e-Yaseen and **Ali Ibn-e-Abu Talib (A.S)** and amongst them **Ali (A.S) is the best.** (Ref: Durr-e-Mansoor, Vol 6, P 154).

**Imam Fakhruddin Razi** has mentioned a similar tradition in his **Tafseer-e-Kabeer** that mentions **Mawla Ali as the best** amongst **'the foremost'**. And that is why Rasool (SAW) has often referred to Mawla Ali (A.S) as ***Kull-e-Imaan*** **(Complete in faith).**

In order to understand the faith and conduct of Mawla Ali, let us look at the battle of Ohad. On the 7th of Shawwal 3 A.H, Rasool (SAW) reached Ohad. Here, the Meccan forces were ready to advance for the battle. [1]The ring wing of the cavalry was led by Khalid bin Walid. **In the fierce battle around nine or ten standard bearers were slain by Mawal Ali (A.S)'s sword.** [2]

Mawla Ali (A.S) along with Muslim champions like Abu Dajana' Mos'ab b. Omeir and Sahel b. Honeif then broke the ranks of the enemy and gained their camp. This made the enemies flee. But the eagerness of Muslims for spoil turned the tide of victory. **The archers deserted the post and thus gave Khalid bin Walid ample opportunity to strike back.** [3] In this attack Mos'ab b Omeir, the champion warrior, who bore great resemblance to Mohammed (SAW) fell dead. Taking advantage of this Ibn-e-Soraqa proclaimed aloud that Mohammed (SAW) was slain**.** **Most of the Muslims including many of the companions of Rasool (SAW) took to flight and deserted him.** [4]

---

[1] Ibn Athir, Ibn Hisham; Tabari

[2] Tabari; Ibn Athir.

[3] Ibn Athir ; Tarikh-al-Khamis. Tabari; Tarikh-al- Khamis; Tafsir Kabir; Minhaj-al-Nabowat

[4] Tarikh al Khamis, Tabari, Tafsir Kabir, Tafsir Dur-re-Mansoor, Suyuti. Tafsir Gharaib-ul-Bajan Neshapuri, Mustadrik and ad at- i f-un-Nabowat

In the following ayah from Surah-e-Aal-e-Imran, Allah (SWT) has mentioned the flight of Muslims from the battlefield of Ohad.

- *"(Musalmanon tum) uss **waqt ko yaad karke sharmao jab tum (badhawaas) bhaage pahad per chale jaate the**. Pas (choonke) **Rasool (SAW) ko tum ne (aazurda) kiya Khuda ne bhi tum ko (iss) ranj ki sazaa main (shikast ka) ranj diya** taaki jab kabhi tumhari koi cheez haath se jaati rahe ya koi musibat pade to tum ranj na karo aur sabr karna sikho aur jo kuch tum karte ho Khuda uss se khabardaar hai." – (Surah-e-Aal-e-Imran, ayah 153)*

  *"(**Remember, as you were rushing up (the hill) without turning back to look, though the Prophet was calling you from the rear**, He requited you with anguish for an anguish that you do not fret for missed opportunity and what befell you, for God is aware of all that you do.)"*

This ayah clearly addresses to those people who deserted Rasool (SAW) and fled from the battlefield. **It was Mawla Ali (A.S) alone who stood with him and helped him.** [5] Rasool (SAW) then inquired as to why did he not flee with others, to which **Ali replied that he belonged to the prophet (pbuh) and had no business with others** and **he being a believer would not like to turn a disbeliever or an infidel by resorting to flight.**

Again in the following ayah The Quran says:

- *"Aur **Yeh (ittefaqi shikast issliye thi) taaki Khuda sacche imaandaron ko zaahiri muslamanon se alag dekhle** aur tum main se baaz ko darja-e-shahadat per faayaz kare aur Khuda (hukm-e-Rasool (SAW) se) sartaabi karne walon ko dost nahin rakhta. **Aur ye (bhi manzoor tha) ke sacche imaandaron ko (saabit kadmi ki wajah se) nira khara alag karle** aur naafarmaanon (bhaagne walon) ka matiya mait kar de." – (Surah-e-Aal-e-Imran, ayah 140-141)*

  *"(And that **Allah may know those who believe and take witnesses from among you;** and Allah does not love the unjust. **And that He may purge those who believe** and deprive the unbelievers of blessings)"*

Here, in the above ayah Allah (SWT) has clarified **that the defeat of the battle of Ohad was to differentiate between a believer from a non-believer.** By remaining steadfast on the

[5] Tabari ; Ibn Athir ; Madarij-al-Nabowat, Habib-ql-Siyar ; Rawdzat-al-Ahbab.

battlefield, **Mawla Ali (A.S) remained a believer** during the testing time and proved that **he is *Kull-e-Imaan* in a true sense which Quran testifies.**

Mawla Ali (A.S)'s steadfastness, courage and commitment to Rasool (SAW) was appreciated by Allah (SWT) as in this very battlefield *'Zulfiqaar'*, the sword was sent down for Mawla Ali (A.S). The holy Quran refers to this in the following manner:

- *"Aur **Hum hi ne lohe ko naazil kiya** jis ke zariye se sakht ladai aur logon ke bahot se nafa ki baatein hain aur taake **Khuda dekh le ke be dekhe bhaale Khuda aur usske Rasoolon ki kaun madad karta hai,** beshak Khuda bahot zabardast Ghalib hai." – (Surah-e-Hadid, ayah 25)*

  *"(And **We sent down Iron,** in which is (material for) mighty war, as well as many benefits for mankind, that **Allah may test who it is that will help, Unseen, Him and His messengers**: For Allah is Full of Strength, Exalted in Might (and able to enforce His Will)."*

The above ayah refers to **a specific Iron which was sent down.** In the battlefield of Ohad, Gabriel, the angel brought down the sword ***'Zulfiqar'*** and presented it to Mawla Ali (A.S) by saying: ***'La fataah illa Ali La Saif illa Zulfiqar.'*** (Zulfiqar is the only effective sword and Ali the unique champion).[6] **Allah (SWT) thus gave Ali (A.S) the sword and made him the leader of His army.**

In order to validate the above result let me quote the following ayahs from Surah-e-Maida:

- *"Ae Imaandaro tumhare **malik sarparast** to buss yehi hain **Khuda** aur uss ka **Rasool (SAW)** aur **woh momineen** jo pabandi se namaz adaa karte hai **aur haalat-e-ruku main zakat dete hai.** Aur jisne Khuda aur Rasool (SAW) aur **unhi Imaadaro ko apna sarparast banaya to Khuda ke lashkar main aagaya** aur issme shak nahin ke **Khuda hi ka lashkar ghalib rehta hai." – (Surah-e-Maida, ayah 55-56)***

  ***"(**Verily your leader is **only Allah** and **His messenger** and **those who believe**; those who establish worship and **pay the poor-rate while they bow down in ruku.** And whoever takes Allah and His apostle and those who believe for a guardian, then surely the **party of Allah** are **they that shall be triumphant**.)"*

[6] Habib-al-Siyar; Rawdzat-al-Ahbab.

Here, the believer who pays the poor-rate while bowing down in ruku is Mawla Ali. The ayah is referring to the incident where he gave his **ring to a beggar while bowing down in the 'ruku'**. (Ref: Imam Nasai in Saheeh-e-Nasai, Aljam'a Bain-ul-Sihah-ul-Sittah, Sa'labi).

➔Thus it is clear that **the leader of believers is none but Mawla Ali (A.S)** as seen on various occasions. And it was **Mawla Ali (A.S) alone for whom Allah (SWT) sent down the sword** and **<u>appointed him as Amir-ul-Momineen</u>**.

Are there any more references of Mawla Ali's faith and commitment apart from the holy wars in the Holy Quran? Let us see the following ayah for this purpose:

- *"Aur logon main se Khuda ke bande kuch aise hain **<u>jo Khuda ki (khushnudi) haasil karne ki gharaz se apni jaan tak bech daalte hain</u>** aur Khuda aise bandon per bada hi shafqat wala hai." – (Surah-e- Baqra, ayah 207)*

  *"(And among men is **<u>he who sells himself to seek the pleasure of Allah</u>**; and Allah is Affectionate to the servants.)"*

The above ayah mentions the event of Hijrat when Mawla Ali (A.S) slept on the bed of Rasool (SAW) during the night. The situation was dangerous and Rasool (SAW) had planned to go to Yasreb. **He asked Mawla Ali (A.S) if he would sleep on his bed covering himself with his cloak.** Unlike any other person who would have been concerned about his own safety, Mawla Ali (A.S) inquired if this act would insure the safety of Rasool (SAW)'s life. When Rasool (SAW) answered in the positive Mawla Ali (A.S) thanked Allah and slept on the bed of the holy prophet (pbuh) covering himself with his cloak. **Thus he was ready to sacrifice his life for the sake of Rasool (SAW) and hence he sold <u>his soul to Allah (SWT).</u>**

Imam Husain (A.S), son of Mawla Ali (A.S) was **praying for forgiveness of Umah of Rasool (SAW) rather than safety of his own household** even as he offered his last '*sajda'* on the day of Ashura. We have seen in the holy Quran that Allah (SWT) promised safety to His prophets and their households from atrocities; thus Nuh (A.S) prayed to Allah (SWT) to save his son and Yaqub (A.S) constantly prayed for the safety of Yusuf (A.S), but here Imam Husain (A.S) had submitted himself to the Will of Allah in a manner that **<u>surpassed the manner of the prophets.</u>**

➔Thus Mawla Ali and his household **<u>displayed a different level of faith and willingness to submit themselves to Allah's Will.</u>**

It was 18th Zil Hajj, 10 A.H at Ghadir-e-Khum, the point on the journey from which the various pilgrims would disperse to their respective destinations, after performing his last pilgrimage Rasool (SAW) called all the pilgrims for one huge assemblage here. He instructed Salman (R.A) and other companions to make a pulpit of rocks and he then sat on the '*mimber*' thus created.

In front of this gathering he declared Mawla Ali (A.S) as his successor and announced **"Man Kunto Mawla fa hazaa Ali un-Mawla".** (Ref: Sahih Tirmizi, V2, P298, Bukhari, V5, Book 59).

At this point Allah sent down the following ayah:

- *"**Aaj Maine tumhare din ko kaamil kardiya** aur tum per **apni ne'mat poori kardi** aur tumhare iss Deen-e-Islam ko pasand kiya." – (Surah-e-Maida, ayah 3)*

  *"(**This day have I perfected your religion for you**, **completed My favour** upon you, and have chosen for you Islam as your religion.)*

It has been mentioned by compilers that this ayah was revealed after the announcement of "**Man Kunto Mawla"** at Ghadir-e-Khum. (Ref: Durr-e-Mansoor, Jalalluddin Suyuti, V3, P 19, Tarikh by Khatib al Baghdadi, V8 P 290, 596, Yanabi-al-Mawaddah from Abu Hureira by Al-Qudoozi Al-Hanafi).

This was the revelation of commencement of Imamate **in the house of Ahl-ul-bait**. Thus it can be inferred that by **acknowledging Mawla Ali (A.S)** as **the successor of Rasool (SAW) and our Imam, our religion is perfected** failing which we are at a **risk of getting an imperfect religion**.

➔If we see the life of Mawla Ali (A. S) during Rasool (SAW)'s time we would find that Allah (SWT) did test him on various occasions be it holy wars or Rasool (SAW)'s bed on the night of Hijrat. After proving to the world his steadfastness and submission to Divine Will, Allah sent down the sword, made him the **'Commander of Faithfuls'** and **'Imam-e-Muttaqeen'** and perfected the religion on these acknowledgments.

It seems then that Allah (SWT) has made it mandatory for the Umah of Rasool (SAW) to acknowledge the status and stature of Mawla Ali to be a true-believer. Let us see the following ayahs for confirmation on the above inference:

- *"To Jab farishte **un ki jaan nikalenge** uss waqt un ka kya haal hoga ke **unke chehron per aur unki pusht per maarte jayenge.** Ye iss sabab se ke **jin cheezon se Khuda na khush hai uss ki to yeh log pairvi karte hai** aur jis main **Khuda ki khushi hai uss se bezar hain** to Khuda ne bhi un ki **karastaniyon ko akaarat kar diya**" – (Surah-e-Mohammad, ayah 27-28)*

  *"(So how (dreadful) will it be **when the angels remove their souls**, **striking at their faces and their backs!** This is because **they followed the matter which displeases Allah**, and they **disliked what pleases Him** – He therefore **squandered away all their deeds**.)"*

Here, the above ayah is mentioning **the state of a specific group of people on their death-bed**. It would be a **dreadful death for them** as the angels would **remove their souls by striking at their faces and backs**, a rather scary and unfortunate thing.

The subsequent ayah further clarifies that since **they disobeyed Allah by following whatever was disliked by Him** and **did not follow what pleased Him**; they were meted with such a treatment.

While commenting on the above ayah Ibn-e-Marduiya and Ibn-e-Asaker have quoted a tradition from Abu Saeed Khudri that *'Munafikeen'* would be recognized by **their animosity for Mawla Ali (A.S).** Also, Ibn-e-Masood has quoted a tradition that during the time of holy prophet (pbuh), we would identify a ***'Munafik'*** due to his **hatred for Mawla Ali (A.S).** (Ref: Durr-e-Mansoor, vol 6, P 66).

Thus it is the dreadful state of *'Munafik'* on his death-bed which above ayah mentions. He gets the treatment for his **hatred and disloyalty to Mawla Ali**, **which displeases Allah. Their hearts are like the non-fertile land from which a crop of faith cannot be nurtured.**

Let us see one more ayah related to death in Quran:

- *"Yeh woh log hain jinki* ***roohain farishte iss haalat main qabz karte hain ke woh (najaasat-e- kufr se) paak-o-pakizah hote hai*** *to farishte unse (nihayat tapaak se) kehte hai* ***salaam-un-alay kum jo naikiya duniya main tum karte the uss ke sile main Jannat main (be-takalluf) chale jao."*** *– (Surah-e-Nahl, ayah 32)*

  *"(When the angels* ***receive the souls of those who are blameless*** *they will say: "****Peace on you. Enter Paradise as recompense for what you did.)"***

Now, when we contemplate on the above ayah, we would understand that there are the groups of people who are blameless and who would get the reward of Paradise on their death-bed. **There is no long wait till the Day of Judgment for them to enter the comforts of Paradise and thus they are successful in true sense.**

The ayah also mentions that **they are rewarded for whatever they did in this world.** That means that whatever they did **Allah has liked and appreciated it**. In the previous ayah from Surah-e-Mohammed we found out that **It is hatred for Mawla Ali (A.S) that Allah dislikes the most**. That means that **Love for Mawla Ali (A.S) is the quality He likes the most**.

That is why the holy Prophet (pbuh) has said this for Love for Mawla Ali (A.S):

- **<u>As per the order of God, I give these tidings that your friends will be rewarded in Heaven and your enemies are doomed for Hell."</u>** - (Ref: Yanabi-al-Mowaddat (Bombay Edition, P 107)

➔ Thus **Hub-e-Ali (Love for Mawla Ali) is the doctrine to be successful on the death-bed** and **get rewarded by the limitless bounties of Paradise then and there** while animosity against **Amir-ul-Momineen** results in **painful death** and **gloom of Hell.**

Just as the semi-fertile land needs an appropriate treatment so that it becomes fertile, there is a section of people if well-guided, can have the fertile hearts which can nurture faith. Let us see few ayahs in this connection.

- *"Tum **kya achhe giroh ho** ke logon ki **hidayat <u>ke waaste paida kiye gaye ho</u>.** Tum logon ko **achhe kaam ka to hukm karte** ho **aur buray kaamon se rokte** ho aur Khuda per **Imaan rakhte ho** aur agar ahl-e-kitab bhi isi tarah imaan laate to unke haq main bahot achha hota un main se kuch to imaandar hai aur aksar badkaar". – ( Surah-e-Aale Imran, ayah 110)*

  *"(You are the **best of the nations raised up for (the benefit of) men**; you enjoin **what is right and forbid the wrong and believe in Allah**; and if the followers of the Book had believed it would have been better for them; of them (some) are believers and most of them are transgressors.)"*

The above ayah is addressed to the best of the people, who are born to guide the mankind and help it differentiate between right and wrong. Ibn-e-Abi Hakim has quoted Hazrat Abu Ja'far that this group of people are **<u>Ahl-ul-bait of Rasool (SAW).</u>** (Ref: Tafseer-e-Suyuti, Vol 2, P 64)

Thus it is Ahl-ul-bait who can guide the mankind. Now let us see one more ayah from Surah-e-Tur:

- *"Aur jin logon ne imaan qubool kiya aur **unki aulaad ne bhi imaan main unka saath diya** to Hum **unki aulaad ko** bhi **unke darje tak pahoncha denge** aur Hum unki kaarguzariyon main se kuch bhi kam na karenge, har shakhs apne a'maal ke badle main girvi hai." – ( Surah-e-Tur, ayah 21)*

  *"(And those who accepted faith, and **whose descendants followed them with faith** – **We have joined their descendants with them,** and **have not reduced anything for them from their deeds**; every soul is trapped in its own deeds.)"*

The above ayah says that the faithful descendants of faithful forefathers would join them and thus Allah (SWT) shall increase their stature and rank in that sense.

We just saw that Ahl-ul-bait are the best people created to guide mankind. Later on their descendants (Saiyeds) in form of Pirs and Sufis successfully carried the mission of spreading the **perfect religion.**

And by doing this they increased **their rank and stature in Allah's court**. The religion is perfected by way of **acknowledging the leadership of Mawla Ali** and hence these **Sufi saints propagated Hubb-e-Ali (Love for Mawla) and induced Mawla Ali's love in the hearts of their followers and strengthen their faiths.**

So while Mawla Ali is '***Mushkil Kusha'*** Hazrat Khwaja Moinnuddin Chisti (R.A) is ***'Gharib Nawaz'.*** Again Mawla Ali (A.S) is ***'Kull-e-Imaan'*** then Hazrat Hasan Kabir-ud-din (R.A) is '***Kufra-Shikan'.*** Lastly, while Rasool (SAW) is ***'Habib-e-Khuda',*** Hazrat Nizam-ud-din Auliya (R.A) is ***'Mehboob-e-Ilahi'.***[7]

I would like to end my article with the famous 'Munajaat' by great Sufi Lal Shahbaaz Qalandar displaying his love for Mawla Ali (A.S):

- *Haiderium Qalandaram Mastam Banda-e-Murtuza Ali Hastam*
  *Peshwa-e-Tamaam Rindaanam Ke Sag-e-koo-e-Sher-e-Yazdaanam*

*( I am Haideri (a follower of Haider), I am a Qalandar and I am intoxicated (with inspiration).**I am a servant of Ali Murtaza (aka Ali ibn Abi Talib)***

*I am leader of all saints, Because I am **a dog of the lane of "Allah's Lion**" (referring to Ali Murtaza))*

➔O Our Lord! We have found the **perfect religion** and **doctrine of salvation**. Give us enough strength so that we hold onto this tightly as it is a great favour which You have bestowed on us. And include us in Your successful servants." Aamin.

---

[7] Hazrat Khwaja Moin-ud-din Chisti (R.A) is from the lineage of Imam Musa Kazim (A.S).
Hazrat Hasan Kabir-ud-din (R.A) is from the lineage of Imam Jafar-e-Sadiq (A.S)
Hazrat Nizam-ud-din Auliya (R.A) is from the lineage of Imam Ali Naqi (A.S)

# હુબ્બે અલી(અ.)

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*નિસ્તેજ અને શુષ્ક પર્યાવરણને લીલાછમ પર્યાવરણમાં ફેરવી નાખવા માટે માત્ર એકાદ સારા વરસાદી ઝાપટાની જરૂર પડે છે. આજુબાજુમાં જ આવેલ આવી સુંદરતાને માણવા માટે પોતાના વાહનમાં લાંબી સહેલગાહે જવા માટે કોઈ પણ માણસ પ્રેરિત થઈ જતો હોય છે.*

*આવા જ એક દિવસે મેં સૃષ્ટિ સૌંદર્યની મજા માણવા માટે નજીકમાં આવેલ ધોરીમાર્ગ પર વાહનની લાંબી સહેલગાહે જવાનો નિર્ણય કર્યો. મને* ***લીલોતરીથી ભરપૂર ઘણાં ખેતીવાળાં ખેતરો*** *જોવા મળ્યાં પરંતુ મને* ***અમુક એવાં પણ ખેતરો જોવા મળ્યાં કે જે ખેતરો અન્ય ખેતરો જેટલાં લીલાં ન હતાં.*** *વળી* ***અમુક ઠેકાણે તો પડતર જમીનના ટુકડા પણ આવેલા હતા.***

*મારા એક ખેતીવાડી નિષ્ણાત મિત્ર સાથેની ચર્ચામાંથી મને જાણવા મળ્યું હતું કે* ***જમીન ત્રણ પ્રકારની હોય છે : (૧) ફળદ્રુપ જમીન (૨) અર્ધફળદ્રુપ જમીન અને (૩) બિનઉપજાઉ જમીન.***

- ***ફળદ્રુપ જમીનમાં પાકનો વિકાસ કરવાની પોતાનામાં જ ક્ષમતા*** *હોય છે. આવી જમીનને પાક પકવવા માટે માત્ર પાણીની જ જરૂર હોય છે.*
- ***અર્ધફળદ્રુપ જમીનને <u>માટીના ગુણધર્મો ઉપર આધારિત માટીની માવજત</u> આપવાની*** *જરૂર પડતી હોય છે અને એક વખતે જો આવી માવજત કરી દીધી હોય તો પછી તે જમીન ફળદ્રુપ બની જતી હોય છે.*
- ***બિનઉપજાઉ જમીન*** *ખડકો અને રેતીથી ભરપૂર હોય છે અને આવી જમીનની તમે ગમે તેટલી માવજત કરો તેમ છતાં તેમાં કોઈ પણ જાતનો પાક પાકતો નથી.*

→ *આ બાબત આપણને સમજાવે છે કે જો સરખા પ્રમાણમાં વરસાદ મળતો હોય તેમ છતાં ય જમીન તો પોતાના ગુણધર્મોને આધારે અલગ અલગ રીતે જ વર્તન કરતી હોય છે.*

*આપણે બધાએ રસૂલ(સ.)ની પવિત્ર ઉપસ્થિતિ દ્વારા અને પવિત્ર કુરઆન દ્વારા ઈસ્લામ ધર્મની ફિલસૂફીને પ્રાપ્ત કરી છે. પયગામ તો બધાને એક જ પ્રકારનો પહોંચાડવામાં આવેલ છે તેમ છતાંય દરેકની* ***વ્યક્તિગત શક્તિઓને આધારે દરેકની સમજણ અલગ અલગ હોય છે અને ઈમાનના સ્તર પણ અલગ અલગ હોય છે.*** *ફળદ્રુપ જમીનની માફક ઈમાન રૂપી પાક પકવવાની જે ક્ષમતા આપણામાં છે તેને સમજવાની જરૂર છે. આ સંદર્ભમાં આપણે પવિત્ર કિતાબ (કુરઆન)નો હવાલો જોઈએ.*

પવિત્ર કુરઆનમાંથી નીચેની આયતોનો સંદર્ભ મને આપવા દો :

- **'અને તમે ત્રણ ટોળાં થઈ જશો. ✻ પછી જમણીબાજુવાળા, શું કહેવું જમણી બાજુવાળાઓનું! (તેઓ હર્ષથી પ્રફુલ્લિત હશે.) ✻ અને ડાબી બાજુવાળા, કેવી માઠી દશા હશે તે ડાબી બાજુવાળાઓની ! ✻ અને (બીજાઓ કરતાં સત્કાર્યોમાં) આગળ વધી જનારા <u>તો આગળ વધી ગયેલા હશે.</u>'**

(સૂરએ વાકિઆ, આયત-૭ થી ૧૦)

ઉપરોક્ત આયત લોકોને તેમના ઈમાનના

સ્તરને આધારે ત્રણ પ્રકારોમાં વહેંચી નાખે છે. જમણા હાથવાળા લોકો, ડાબા હાથવાળા લોકો અને સૌથી આગળ નીકળી જનારા લોકો. આ આયત વધુમાં જણાવે છે કે જમણા હાથવાળા લોકો આનંદિત રહેશે જયારે **સૌથી આગળ નીકળી જનારા લોકો એવા છે કે જેઓ બીજા બધાયનાથી હંમેશાં આગળ જ રહેશે.** તે લોકો ઈમાનની બાબતમાં અને સદવર્તનની બાબતમાં આગળ છે. તેમનામાં **ફળદ્રુપ હૃદય** છે કે જે **ઈમાન રૂપી પાકની માવજત કરે છે.**

ઉપરોક્ત આયતના સંદર્ભમાં અલ્લામા ઈબ્ને મરુદિયાએ ઈબ્ને અબ્બાસ પાસેથી એક હદીસ ટાંકી છે અને તે અનુસાર **'સૌથી આગળ વધી જનારા'** યુશાઅ બિન નૂન, મોમિને આલે યાસીન અને **અલી ઈબ્ને અબુતાલિબ(અ.)** છે અને તેમનામાં અલી(અ.) સર્વોત્તમ છે.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૬, પેજ-૧૫૪)

**ઈમામ ફખ્રુદીન રાઝી**એ આવી જ એક હદીસનો ઉલ્લેખ પોતાની **'તફસીરે કબીર'**માં કર્યો છે કે જે **મૌલા અલીને સૌથી આગળ નીકળી જનારાઓમાં સર્વોત્તમ** જણાવે છે અને તેથી જ તો રસૂલ(સ.) મૌલા અલી(અ.)ને **'કુલ્લે ઈમાન'** (સંપૂર્ણ ઈમાન) કહીને ઘણી વખત ઉલ્લેખ કરતા હતા.

મૌલા અલી(અ.) ના ઈમાન અને વર્તનને સમજવા માટે ચાલો આપણે જંગે ઓહદ તરફ એક દૃષ્ટિપાત કરીએ. ૭મી શવ્વાલ, હિજરી સન-૩ના દિવસે રસૂલ(સ.) ઓહદમાં પહોંચ્યા. અહીં મક્કાનાં લશ્કરી દળો યુધ્ધ માટે આગળ વધવા તૈયાર હતાં. [1]ઘેરો ઘાલનાર અશ્વદળની સરદારી ખાલિદ બિન વલીદની હતી. **આ ભીષણ લડાઈમાં લગભગ નવથી દસ ઝંડાધારીઓને તો મૌલા અલી(અ.)ની તલવારે મોતને ઘાટ ઉતરી દીધા હતા.[2]**

પ્રબળ મુસ્લિમ સમર્થકો જેવા કે અબુ દજના, મુસય્યબ બિન ઓમૈર અને સહેલ બિન હોનૈફની સાથે મૌલા અલી(અ.)એ ત્યાર પછી તો દુશ્મનોની હરોળોને તોડી નાખી અને તેમની છાવણી ઉપર કબજો કર્યો. આનાથી દુશ્મનો નાસી ગયા. પરંતુ માલે ગનીમત લૂંટવાની મુસલમાનોની આતુરતાએ જીતની બાજીને પલટી નાખી. **તીરંદાઝ ટુકડીએ જગ્યાને સૂની મૂકી દીધી અને તેમણે ખાલિદ બિન વલીદને વળતો હુમલો કરવાની પૂરતી તક આપી દીધી.[3]** આ હુમલામાં પ્રખર યોધ્ધા મુસય્યબ બિન ઔમેર કે જેમનો ચહેરો મોહંમદ(સ.)ના ચહેરા સાથે ખૂબ મળતો આવતો હતો તે શહીદ થઈને નીચે પડી ગયા. આ તકનો લાભ લઈને ઈબ્ને સોરાકાએ મોટા અવાજે એવો ઢંઢેરો પીટ્યો કે મોહંમદ(સ.) કતલ થઈ ગયા છે. **મોટા ભાગના મુસલમાનો કે જેમાં રસૂલ(સ.)ના ઘણા સમર્થકો હતા તે ત્યાંથી નાસી ગયા અને આપને એકલા છોડી દીધા.[4]**

સૂરએ આલે ઈમરાનની નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ ઓહદના મેદાનમાંથી મુસલમાનોના નાસી જવાનો ઉલ્લેખ આ મુજબ કર્યો છે :

[1]ઈબ્ને અશીર, ઈબ્ને હિશાબ, તબરી

[2]તબરી, ઈબ્ને અશીર

[3]ઈબ્ને અશીર, તારીખ અલ-ખમીસ, તબરી, તફસીરે કબીર, મિન્હાજ અલ-નબુવ્વત

[4]તારીખ અલ-ખમીસ, તબરી, તફસીરે કબીર, તફસીરે દુર્રે મન્સુર, સુયુતિ, તફસીર ગરાયેબુલ બજન, નેશાપુરી, મુસ્તદરક અને અદાતિફુન્નબુવ્વત

• **(અય મુસલમાનો ! તમે એ સમયને યાદ કરીને શરમ અનુભવો કે) જ્યારે તમે બદહવાસ આગળને આગળ નાસી જતા હતા અને પાછા વળીને કોઈને જોતા પણ ન હતા અને પાછળથી રસૂલ તમને બોલાવી રહ્યો હતો, પછી અલ્લાહે તમારા પર દુઃખ ઉપર દુઃખ નાખ્યું. આ એટલા માટે કે જ્યારે કદી પણ તમારા હાથમાંથી એકાદ વસ્તુ જતી રહે અથવા તમારા ઉપર એકાદ સંકટ આવી પડે તો તેના પર અફસોસ કરો નહીં; અને જે કાંઈ કરણી તમે કરો છો, અલ્લાહ તેનાથી ખબરદાર છે.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૫૩)

આ આયત સ્પષ્ટપણે એવા લોકોને સંબોધન કરે છે કે જેઓ રસૂલ(સ.)ને એકલા છોડીને રણ મેદાનમાંથી નાસી ગયા હતા. **ફક્ત મૌલા અલી(અ.) એકલા જ એવા હતા કે જેઓ તેમની સાથે ઊભા રહ્યા અને તેમની મદદ કરી હતી.[5]** રસૂલ(સ.)એ ત્યાર પછી (અલી(અ.)ને) પૂછ્યું કે તેઓ બીજાઓની સાથે નાસી કેમ ન ગયા ? **તેનો જવાબ અલી(અ.)એ એવો આપ્યો કે તેઓ પયગમ્બર(સ.) સાથે નિસ્બત ધરાવે છે અને તેમને બીજાઓ સાથે કોઈ સંબંધ નથી.** વળી <u>ઈમાન ધરાવતા હોવાને કારણે તેમને નાસી જઈને બેઈમાન અથવા કાફિર બની જવાનું નહીં ગમે.</u>

ફરીથી નીચેની આયતમાં કુરઆન ફરમાવે છેઃ

• **અને <u>(આ અણધારી હાર) એ માટે (હતી) કે ઈમાન લાવનાર કોણ છે તે અલ્લાહ જાણી લે</u> અને તમારામાંથી અમુક(લોકો)ને શહાદતના દરજ્જા પર ચઢાવેઃ અને અલ્લાહ જુલમગારોને દોસ્ત રાખતો નથી * <u>અને એ (પણ મંજૂર હતું) કે અલ્લાહ ઈમાન લાવનારાઓને, કસોટી કરીને, અલગ પાડી નાખે</u> અને નાફરમાનોને (નાસી જનારાઓને) (પોતાના) આશીર્વાદથી વંચિત રાખે.**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૪૦ થી ૧૪૧)

અહીંયાં, ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ સ્પષ્ટતા કરી નાખી છે કે **ઓહદના જંગના પરાજયનો હેતુ ઈમાનદારો અને બેઈમાનદારોને અલગ તારવવાનો હતો.** જંગના મેદાનમાં અડીખમ રહીને **મૌલા અલી(અ.) કસોટીના સમયે ઈમાનદાર જ રહ્યા** અને એ બાબત સાબિત કરી દીધી કે **તેઓ સાચા અર્થમાં, એટલે કે જે રીતે કુરઆન ગવાહી આપે છે તે અર્થમાં, કુલ્લે ઈમાન છે.**

મૌલા અલી(અ.)ની અડગતા, હિંમત અને રસૂલ(સ.) પ્રત્યેની સમર્પણની ભાવનાને અલ્લાહે બિરદાવી છે જેમકે આ એ જ યુધ્ધભૂમિ છે કે જેમાં મૌલા અલી(અ.) માટે ઝુલ્ફિકાર તલવારને નાઝિલ કરવામાં આવી હતી. કુરઆન શરીફ આ રીતે તેનો સંદર્ભ આપે છે :

• **'અને <u>અમોએ લોખંડને ઉતાર્યું</u> જેમાં (લડાઈનું) સખત બળ છે અને લોકોના માટે લાભો પણ, અને આ હેતુથી પણ કે <u>અલ્લાહ જાણી લે કે તેને જોયા વિના તેની તથા તેના રસૂલોની કોણ સહાય કરે છે,</u> બેશક અલ્લાહ મહા બળવાન અને સમર્થ છે.'** (સૂરએ હદીદ, આયત-૨૫)

ઉપરોક્ત આયત **'એક ખાસ લાંખડ કે જેને નીચે ઉતારવામાં આવ્યું'** તેનો સંદર્ભ આપે છે. ઓહદના જંગમાં જિબ્રઈલ ફરિશ્તા **ઝુલ્ફિકાર** તલવાર લઈને નીચે આવ્યા અને તે તલવાર મૌલા અલી(અ.)ને એવું કહીને ભેટ આપી કે - **'લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર'** (અલી(અ.) જેવો કોઈ જવાંમર્દ નથી અને ઝુલ્ફિકાર જેવી અસરકારક બીજી કોઈ તલવાર

[5]તબરી, ઈબ્ને અશીર, મદારેજુન્નબુવ્વત, હબીબુસ્સેર, રૌઝતુલ અહબાબ

નથી).[6] **<u>આમ અલ્લાહ(સુ.વ.ત.)એ અલી (અ.)ને તલવાર અર્પણ કરી અને આપને લશ્કરના સરદાર બનાવી દીધા.</u>**

ઉપરોક્ત તારણને પ્રમાણભૂત બનાવવા માટે મને સૂરએ માએદામાંથી નીચેની આયતોને ટાંકવા દો :

- **(હે ઈમાનદારો !) તમારા <u>માલિક અને સરપરસ્ત</u> (રક્ષક) તો માત્ર <u>ખુદા</u> અને તેના <u>રસૂલ(સ.)</u> અને <u>એ મોમિનો છે</u> કે જેઓ નમાઝને કાયમ કરે છે અને <u>રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.</u> * અને જે કોઈ અલ્લાહને તથા તેના રસૂલને તથા <u>એ મોમિનોને પોતાના સરપરસ્ત બનાવશે (તો તે અલ્લાહના લશ્કરમાં દાખલ થઈ જશે)</u> અને નિઃશંકપણે <u>અલ્લાહના પક્ષવાળા જ હંમેશાં વિજયી રહેશે.</u>** (સૂરએ માએદા, આયત-૫૫-૫૬)

અહીં જે મોમિન રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે તે મૌલા અલી(અ.) છે. અ આયત એ પ્રસંગનો સંદર્ભ આપે છે કે જ્યારે આપ રૂકૂઅની સ્થિતિમાં હતા ત્યારે આપે એક **સાઈલને પોતાની વીંટી આપી હતી.**

(સંદર્ભ : ઈમામ નસાઈ-સહીહે નસાઈમાં, અલજામની બૈનુલ સિહાહુલ સિત્તાહ, સેલાબી)

→ આના ઉપરથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે **ઈમાનદારોના સરદાર બીજું કોઈ નહીં પરંતુ મૌલા અલી(અ.) છે** જેવી રીતે કે વિવિધ પ્રસંગોએ આપ જોવા મળ્યા છે. અને એક **માત્ર મૌલા અલી(અ.) જ હતા કે જેમના માટે અલ્લાહ (સુ.વ.ત.)એ તલવાર નીચે મોકલી હતી અને <u>અમીરુલ મોમિનીન તરીકે આપને નિયુક્ત કર્યા.</u>**

શું મૌલા અલીના ઈમાન અને તેમની જવાબદારી વહન કરવાની ભાવના વિષેની આ સિવાય બીજી કોઈ બાબત કુરઆન શરીફમાં છે ખરી ? આ હેતુ માટે ચાલો આપણે નીચેની આયત જોઈએ :

- **'અને લોકોમાંથી (કોઈ) એવો (પણ) છે કે જે <u>અલ્લાહની ખુશી સંપાદન કરવા (માટે) પોતાનો જીવ (સુધ્ધાં) પણ વેચી નાખે છે</u> અને અલ્લાહ સર્વે બંદાઓ ઉપર માયાળુ છે.'**

(સૂરએ બકરહ, આયત-૨૦૭)

ઉપરોક્ત આયત હિજરતના પ્રસંગનો ઉલ્લેખ કરે છે કે જ્યારે મૌલા અલી(અ.) રસૂલ(સ.)ની પથારી પર તે રાત્રે સૂઈ રહ્યા હતા. પરિસ્થિતિ ખૂબ જ ભયંકર હતી અને રસૂલ(સ.)એ યસરબ તરફ (હિજરત કરી) જવાની યોજના બનાવી હતી. **આપે મૌલા અલી(અ.)ને પૂછ્યું, શું તમે મારી ચાદર ઓઢીને મારી પથારી પર સૂઈ જશો ?** જો કોઈ બીજો માણસ આ જગ્યાએ હોત તો પ્રથમ પોતાની સલામતીની ચિંતા કરત પરંતુ તેનાથી ઉલ્ટું મૌલા અલી(અ.)એ આપને પૂછી જોયું કે શું મારા સૂઈ જવાથી આપનો જીવ બચી જશે ? જ્યારે રસૂલ(સ.)એ આ પ્રશ્નનો જવાબ હકારમાં આપ્યો તો મૌલા અલી(અ.)એ અલ્લાહનો આભાર માન્યો અને પવિત્ર પયગમ્બર(સ.)ની ચાદર ઓઢીને તેમની પથારી ઉપર સૂઈ ગયા. **આમ તેઓ રસૂલ(સ.) ખાતર પોતાના જીવનું બલીદાન આપવા માટે તૈયાર હતા અને આવી રીતે આપે <u>પોતાનો જીવ અલ્લાહ(સુ.વ.ત.)ને</u> વેચી દીધો.**

ઈમામ હુસૈન ઈબ્ને મૌલા અલી(અ.)એ આશુરાના દિવસે જ્યારે અલ્લાહની જનાબમાં છેલ્લો સિજદો કર્યો ત્યારે પણ આપ **પોતાની અહેલેબયતની સલામતી માટે દુઆ માગવાને બદલે ઉમ્મતે રસૂલ(સ.)ની બક્ષિસ માટે દુઆ કરી રહ્યા હતા.** આપણે બધાએ કુરઆન શરીફમાં જોયું કે અલ્લાહે તેના પયગમ્બરોને અને તેમની

[6]હબીબ અલ સિયાર, રૌઝતુલ અહબાબ

એહલેબયતને મુસીબતોમાંથી બચાવી લેવાનું વચન આપ્યું છે તેથી તો નૂહ(અ.)એ પોતાના પુત્રને બચાવવા માટે અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ દુઆ માગી હતી. યાકૂબ(અ.) યૂસુફ(અ.)ની સલામતી માટે સતત દુઆ માગ્યે જ જતા હતા પંરતુ અહીં ઈમામ હુસૈન(અ.)એ પોતાની જાતને અલ્લાહની મરજીમાં એવી રીતે સમર્પિત કરી દીધી કે જે રીત **પયગમ્બરોની રીત કરતાં ય ઊંચેરી સાબિત થઈ ગઈ.**

→ આમ મૌલા અલી(અ.) અને તેમની અહેલેબયતે અલ્લાહ(સુ.વ.ત.)ની **મરજીમાં પોતાની ઝાતને આધીન બનાવી દેવાનું એક જુદા જ પ્રકારના ઈમાનનું સ્તર પ્રદર્શિત કર્યું.**

૧૮મી ઝિલહજ હિજરી સન-૧૦ના રોજ ગદીરે ખૂમ, મુસાફરીનું એક એવું સ્થળ હતું કે જ્યાંથી જુદા જુદા હજયાત્રાળુઓ પોત પોતાના ગંતવ્યસ્થાને જવા વિખુટા પડવાના હતા, તેથી રસૂલ(સ.)એ પોતાની અંતિમ હજયાત્રા બજાવી લીધા પછી અહીં આ સ્થળે હજયાત્રાળુઓના મોટા સમુદાયને થંભાવી દીધો. આપ(સ.)એ સલમાન(રઝી.) અને અન્ય અસ્હાબોને પથ્થરોનો એક મિમ્બર બનાવવાની આજ્ઞા આપી અને ત્યાર પછી આપ આ રીતે તૈયાર થયેલા મિમ્બર ઉપર બિરાજમાન થયા. આ માનવમહેરામણ સમક્ષ આપે મૌલા અલી(અ.)ને પોતાના ઉત્તરાધિકારી (વસી) બનાવવાની જાહેરાત કરી અને ફરમાવ્યું, **મન કુન્તો મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલા.**

(સંદર્ભ : સહીહ તિરમિઝી, ભાગ-૨, પેજ-૨૯૮, બુખારી ભાગ-૫, પુસ્તક-૫૯)

આ પ્રસંગે અલ્લાહે આ આયત નાઝિલ કરીઃ

- **'<u>આજે મેં તમારા માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો છે</u> અને <u>મારી નેઅમતો તમારા પર સંપૂર્ણ કરી દીધી છે</u> અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે...'** (સૂરએ માએદા, આયત-૩)

હદીસવેત્તાઓએ એવો ઉલ્લેખ કર્યો છે કે આ આયત ગદીરે ખૂમમાં **મન કુન્તો મૌલા**ની જાહેરાત થઈ ગયા પછી નાઝિલ થઈ હતી. (સંદર્ભ : દુર્રે મન્સુર, જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૩, પેજ-૧૯, ખતિબ અલ બગદાદીની તારીખ, ભાગ-૮, પેજ-૨૯૦, ૫૯૬, યનાબેઉલ મોવદ્દત-અબુહુરૈરાથી - અલકુદૂઝી અલ હનફી)

**એહલેબયતના ઘરમાં** ઈમામતના પ્રારંભની આ એક ઈલાહી જાહેરાત હતી. તેથી આના ઉપરથી એવું અનુમાન કરી શકાય કે **મૌલા અલી(અ.)નો રસૂલ(સ.)ના ઉત્તરાધિકારી (વસી) તરીકે અને આપણા મૌલા તરીકે સ્વીકાર કરી લીધા પછી જ આપણો દીન સંપૂર્ણ બને છે.** અને જો આ બાબતનો સ્વીકાર કરવાનું ચૂકી જઈએ તો આપણે **એક અપૂર્ણ દીન મેળવી લેવાનું જોખમ વહોરીએ છીએ.**

→ રસૂલ(સ.)ના જમાનામાં જો આપણે મૌલા અલી(અ.)ના જીવન તરફ નજર કરીએ તો આપણને જાણવા મળશે કે અલ્લાહ(સુ.વ.ત.)એ તેમની ઘણા બધા પ્રસંગોએ અજમાયશ કરી જ છે, પછી તે જેહાદો હોય અથવા તો હિજરતની રાતની રસૂલ(સ.)ની પથારી હોય. દુનિયા સમક્ષ તેમની અડગતા અને ઈલાહી મરજીને તાબે થવાની ભાવનાને સાબિત કર્યા પછી જ અલ્લાહે તેમના ઉપર તલવાર મોકલી અને તેમને **અમીરુલ મોમિનીન** અને **ઈમામે મુત્તકીન** બનાવ્યા અને આ બધી સ્વીકૃતિઓ(કબૂલાતો) થઈ ગયા પછી જ દીનને સંપૂર્ણ બનાવ્યો.

તો પછી એવું જ લાગે છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ મૌલા અલીની એક સાચા મોમિન તરીકેની યોગ્યતા અને બુલંદીનો સ્વીકાર કરવો તે બાબત રસૂલ(સ.)ની ઉમ્મત ઉપર વાજિબ કરી દીધી છે. ઉપરોક્ત અનુમાનના સમર્થનમાં ચાલો

આપણે નીચેની આયતો જોઈએ :

● **'પણ એ વખતે (તેમની) કેવી દશા થશે કે જ્યારે ફરિશ્તાઓ <u>તેમનો અંત એવી સ્થિતિમાં લાવશે કે તેમનાં મોઢાં તથા પીઠો ઉપર માર મારતા હશે.</u> આ એ માટે કે તેમણે <u>તે વસ્તુનું અનુકરણ કર્યું કે જે અલ્લાહને નારાજ કરતી હતી, અને તેની ખુશી તરફ અણગમો દેખાડ્યો, આથી તેણે પણ તેમની કરણીઓને નિરર્થક કરી નાખી.'</u>**

(સૂરએ મોહંમદ, આયત-૨૭ થી ૨૮)

અહીં ઉપરોક્ત આયતો **એક ખાસ પ્રકારના લોકોના સમૂહનો તેમના મોત વખતની પરિસ્થિતિનો ઉલ્લેખ** કરી રહી છે. તેમના માટે **મોત બિહામણું હશે** કેમકે ફરિશ્તાઓ **તેમના મોઢા ઉપર અને પીઠો ઉપર પ્રહારો કરતાં કરતાં તેમના જીવ કાઢતા હશે** કે જે બાબત ભયાનક અને કમનસીબ હશે.

ત્યાર પછીની આયત વધુમાં સ્પષ્ટતા કરે છે કે **અલ્લાહને જે બાબત ગમતી ન હતી તેનું અનુસરણ કરીને અને જે કંઈ તેને ગમતું હતું તેનો ત્યાગ કરીને તેમણે અલ્લાહની નાફરમાની કરી હોવાથી** તેમની સાથે આવો વર્તાવ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત આયત ઉપર વિવેચન કરતાં ઈબ્ને મરદુઈયા અને ઈબ્ને અસાકિરે અબુ સઈદ ખુદરીની એક હદીસ ટાંકી છે કે **મુનાફિકોને મૌલા અલી(અ.) પ્રત્યેના દ્વેષભાવ (બુગ્ઝ)**ને લીધે ઓળખવામાં આવશે. વળી ઈબ્ને મસૂદે એવી એક હદીસ ટાંકી છે કે પયગમ્બરે અકરમ(સ.)ના જમાનામાં અમે લોકો **મુનાફિકો**ને તેમની મૌલા અલી(અ.) પ્રત્યેની અદાવતને કારણે ઓળખી કાઢતા હતા.

(સંદર્ભ : દુર્રે મન્સુર, ભાગ-૬, પેજ-૬૬)

આમ ઉપરોક્ત આયતમાં ઉલ્લેખ છે તે મુજબ તો મોતના સમયે **મુનાફિક**ની હાલત ખૂબ જ ભયંકર હોય છે. **મૌલા અલી પ્રત્યેની તેની અદાવત અને બેવફાઈ** કે જે બાબત અલ્લાહને નારાજ કરે છે, તેની સજા તે ભોગવી રહ્યો છે. તેમનાં દિલ જાણે કે બિનફળદ્રુપ જમીન જેવાં છે કે જેમાંથી ઈમાનનો એક દાણો સુધ્ધાં પણ માવજત પામી શકતો નથી.

મોત વિષેની એક વધુ આયત ચાલો આપણે કુરઆનમાંથી જોઈએ :

● **'(એ એવા લોકો હશે) કે જેમનો અંત ફરિશ્તાઓએ એવી સ્થિતિમાં આણ્યો હશે કે તેઓ (નાસ્તિકપણાની નાપાકીથી) પાક સાફ હશે, ફરિશ્તાઓ તેમને એ(વું) કહેતા હશે કે 'સલામુન અલયકુમ' (તમારા ઉપર શાંતિ હોજો), જે (સુ) કરણી તમે કર્યા કરતા હતા તેના બદલામાં તમે જન્નતમાં દાખલ થઈ જાઓ.'**

(સૂરએ નહલ, આયત-૩૨)

હવે જો આપણે ઉપરની આયત ઉપર ચિંતન-મનન કરીએ તો આપણને જાણવા મળશે કે લોકોનાં એવાં પણ ટોળાં છે કે જેઓ દોષરહિત છે અને તેઓ મોતના સમયે જન્નતનો બદલો મેળવશે. **જન્નતની સુવિધાઓમાં પ્રવેશ કરવા માટે તેમને કયામતના દિવસ સુધી લાંબી રાહ જોવાની નથી અને આમ તેઓ સાચા અર્થમાં સફળ છે.**

વળી આયત એવો પણ ઉલ્લેખ કરે છે કે **દુનિયામાં તેમણે જે કંઈ કર્યું હતું તેનો બદલો તેમને આપવામાં આવે છે.** તેનો અર્થ એવો થયો કે જે કંઈ તેમણે કર્યું છે તે **અલ્લાહને ગમ્યું છે અને તેને બિરાદાવ્યું છે.** સૂરએ મોહંમદમાંની અગાઉની આયતમાં આપણે એવું શોધી કાઢ્યું હતું કે **મૌલા અલી(અ.) પ્રત્યેનો તિરસ્કાર એવી બાબત છે કે જે અલ્લાહને સૌથી વધારે અપ્રિય છે.** તેનો અર્થ એ થયો કે **મૌલા અલી(અ.) પ્રત્યેની મોહબ્બતનો ગુણ તેને સૌથી વધારે પ્રિય છે.**

એટલે જ તો પયગમ્બરે અકરમ(સ.)એ મૌલા અલી(અ.) પ્રત્યેની મોહબ્બત વિષે ફરમાવ્યું છે :

**<u>'અલ્લાહના હુકમ અનુસાર, હું તમને એવી ખુશખબરી આપું છું કે (અય અલી !) તમારા દોસ્તોનો બદલો જન્નત છે અને તમારા દુશ્મનો જહન્નમ માટે નિર્મિત થયેલા છે.'</u>** (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, મુંબઈ આવૃત્તિ, પેજ-૧૦૭)

→ આમ, **હુબ્બે અલી (મૌલા અલી પ્રત્યેની મોહબ્બત) મૃત્યુશૈયા ઉપર સફળતા પ્રાપ્ત કરવાનો તેમજ જન્નતમાં અને તત્કાર બેશુમાર નેઅમતો મેળવવા માટેનો (સોનેરી) સિધ્ધાંત છે** જયારે **અમીરુલ મોમિનીન** પ્રત્યેની અદાવત ખૂબ જ **દુઃખદાયક મોત અને દોઝખની હતાશામાં** પરિણમે છે.

જેવી રીતે અર્ધફળદ્રુપ જમીનને યોગ્ય માવજત આપવાની જરૂર હોય છે જેથી કરીને તે ફળદ્રુપ બને એવી જ રીતે લોકોના એક વિભાગને કે જો તેમને સારું માર્ગદર્શન આપવામાં આવે તો તેમનાં દિલ ફળદ્રુપ બની શકે કે જે ઈમાનને પેદા કરી શકે. આ સંદર્ભમાં ચાલો આપણે કેટલીક આયતો જોઈએ :

- **'જે ઉમ્મતોને લોકોની <u>હિદાયત માટે પેદા કરવામાં આવી છે</u> તેઓમાં તમે સર્વશ્રેષ્ઠ હોવાના કારણે (લોકોને) નેકી કરવા માટે આજ્ઞા કરો છો તથા બદીથી મના કરો છો તથા અલ્લાહ પર ઈમાન રાખો છો; અને જો કિતાબવાળાઓ પણ ઈમાન લઈ આવત તો તેમના માટે વધારે સારું થાત; તેઓ માંહેના કેટલાક તો માનનારા છે અને તેઓ માંહેના ઘણા ખરા આજ્ઞાનો અનાદર કરનારા છે.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૧૦)

ઉપરની આયત સર્વશ્રેષ્ઠ લોકોને સંબોધીને કહેવામાં આવી છે કે જેમને માનવજાતની હિદાયત કરવા અને હક અને બાતિલ વચ્ચેનો તફાવત કરવામાં મદદ કરવાના હેતુથી પેદા કરવામાં આવેલ છે. ઈબ્ને હાકિમ હઝરત અબુ જા'ફરને ટાંકીને કહે છે કે લોકોનો આ સમુદાય **<u>એહલેબયતે રસૂલ(સ.)</u>** છે.

(સંદર્ભ : તફસીરે સુયુતિ, ભાગ-૨, પેજ-૬૪)

આમ એહલેબયત જ એવા છે કે જે માનવજાતની હિદાયત કરી શકે છે. હવે ચાલો એક વધુ આયત સૂરએ તૂરમાંથી જોઈએ.

- **'અને જે લોકો ઈમાન લાવ્યા <u>અને તેમની સંતતિએ ઈમાન(લાવવા)માં તેમનું અનુકરણ કર્યું</u> તો <u>તેમની સંતતિનો</u> (કદાચને કાંઈ કસૂર થયો હશે તો પણ તે સ્વર્ગવાસીઓની ખાતર તેમનો) પણ અમે <u>તેમની સાથે (સ્વર્ગમાં) મેળાપ કરાવી દઈશું,</u> અને તેમનાં સત્કાર્યો(ના બદલા)માંથી કાંઈ પણ ઓછું નહીં કરીએ; (ખરે જ) દરેક શખસ પોતાની કરણી(ના બદલા)માં ગીરવી (જોખમદાર) છે.'**

ઉપરોક્ત આયત બતાવે છે કે ઈમાનદાર વડવાઓના ઈમાનદાર વંશજો પણ તેમની સાથે જોડાશે અને આ રીતે અલ્લાહ(સુ.વ.ત.) તેમના મરતબાને અને દરજ્જાને એ અર્થમાં વધારશે.

આપણે હમણાં જ જોયું કે માનવજાતની હિદાયત માટે પેદા કરવામાં આવેલ સર્વશ્રેષ્ઠ લોકો એહલેબયત છે. પાછળથી તેમના વંશજો (સૈયદો)માંથી પીરો અને સૂફીઓના સ્વરૂપમાં આ **સંપૂર્ણ દીન**ને ફેલાવવાના નિર્ધારિત કાર્યને સફળતાપૂર્વક ઉપાડી લીધું.

આવું કરીને તેમણે **અલ્લાહના દરબારમાં દરજ્જામાં અને મરતબામાં વધારો** કર્યો. **મૌલા અલી(અ.)ની ઈમામતના સ્વીકારની રીત** દ્વારા દીનને સંપૂર્ણ બનાવવામાં આવ્યો છે અને તેથી જ તો આ **સૂફી સંતોએ હુબ્બે અલી(મૌલાની મોહબ્બત)નો પ્રચાર કર્યો અને પોતાને માનનારા અનુયાયીઓના દિલોમાં મૌલા અલી(અ.)ની મોહબ્બત પેદા કરી અને તેમના ઈમાનને મજબૂત બનાવ્યાં.**

તેથી જ્યારે મૌલા અલી **'મુશ્કિકુશા'** છે તો હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(રહે.) **'ગરીબ નવાઝ'** છે. ફરીથી જોઈએ તો મૌલા અલી(અ.) **'કુલ્લે ઈમાન'** છે તો પછી હઝરત હસન કબીરૂદ્દીન(રહે.) **'કુફ્શીકન'** છે. છેલ્લે જોઈએ તો રસૂલ(સ.) **'હબીબે ખુદા'** છે તો હઝરત નિઝામુદ્દીન ઔલિયા(રહે.) **'મહેબૂબે ઈલાહી'** છે.[7]

મને મારા લેખનું સમાપન, મૌલા અલી(અ.) પ્રત્યેના પ્રેમને પ્રદર્શિત કરતી સૂફી લાલ શાહબાઝ કલંદરની પ્રખ્યાત 'મુનાજાત'થી કરવાનું ગમશે.

- **હૈદરીયમ્ કલંદરમ્ મસ્તમ્,**
  **બંદએ મુર્તુઝા અલી હસ્તમ્**
  **પેશવાએ તમામ રિન્દાનમ્**
  **કે સાગે કૂએ શેરે યઝદાનમ્**

(હું હૈદરી(હૈદરને માનવાવાળો) છું. હું કલંદર છું અને હું આપના પ્રેમમાં મસ્ત છું. **હું અલી મુર્તઝા(આકા અલી બિન અબીતાલિબ)નો દાસ છું.**)

હું બધા જ સંતોનો સરદાર છું, કારણ કે હું **અલ્લાહના શેર**(અલી મુર્તઝા)**ની** ગલી**નો એક કૂતરો** છું.

→ અય અમારા પાલનહાર ! અમોએ **સંપૂર્ણ દીનને** અને **નજાતના સિધ્ધાંતને** જાણી લીધેલા છે. અમને એવી તૌફીક (સામર્થ્ય) અર્પણ કર કે જેથી અમે તેને ચુસ્ત રીતે પકડી રાખીએ કેમકે આ તો તારી અમારા ઉપર થયેલી મોટી મહેરબાની છે અને તારા સફળ બંદાઓમાં અમારો બધાયનો સમાવેશ કરજે, આમીન ✻

---

[7]-હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(હે.) ઈમામ મૂસા કાઝિમ(અ.)ના વંશમાંથી છે.
- હઝરત હસન કબીરૂદ્દીન(રહે.) ઈમામ જા'ફર સાદિક(અ.)ના વંશમાંથી છે.
- હઝરત નિઝામુદ્દીન ઔલિયા(રહે.) ઈમામ અલી નકી(અ.)ના વંશમાંથી છે.

## General Knowledge Corner 116

**(૧) ભારતની કઈ દિશામાં પંજાબ રાજ્ય આવેલું છે ?**
(A) ઉત્તર (B) પશ્ચિમ
(C) ચશ્ચિમોત્તર (D) પૂર્વોત્તર

**(૨) વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ક્યાં આવેલું છે ?**
(A) ત્રિવેન્દ્રમ (B) નાગરકોઈલા
(C) કોચીન (D) નિઝામાબાદ

**(૩) 'માસ્ટર બ્લાસ્ટર' બિરૂદથી ઓળખાનાર ખેલાડી કોણ છે ?**
(A) રાહુલ દ્રવિડ (B) વિરેન્દ્ર સહેવાગ
(C) સચિન તેંડુલકર (D) હરભજનસિંઘ

**(૪) વિશ્વમાં ઝડપથી ઉડવાનો વિક્રમ કયું પક્ષી ધરાવે છે ?**
(A) ગરૂડ (B) બાજ
(C) આઉલ (D) સ્વિફ્ટ

**(૫) નકશા બનાવવાના વિજ્ઞાનને શું કહે છે ?**
(A) જિયોગ્રાફી (B) કાર્પોલોજી
(C) કાર્ટોગ્રાફી (D) જીઓલોજી

**(૬) અકબરના દરબારમાંના પ્રસિધ્ધ સંગીતકાર તાનસેનનું મૂળ નામ શું હતું ?**
(A) લાલકુલવર્ત (B) બંદા બહાદુર
(C) રામતનુ પાંડે (D) માર્કંડેય પાંડે

**(૭) ભારતમાં પ્રથમ વાર રાષ્ટ્રપતિ શાસન ક્યાં લાદવામાં આવ્યું હતું ?**
(A) કેરળ (B) પંજાબ
(C) બિહાર (D) ઓરિસ્સા

**(૮) ભારતના રાષ્ટ્રચિહ્નમાં કેટલા સિંહો છે ?**
(A) બે (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

Hadees-e-Kisa in Rymes

# હદીસે કિસા શાયરીમાં — حدیثِ کسا منظوم

**અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ**

**اللّٰھُمَّ صلِ علیٰ محمدؐ و آلِ محمدؐ**

શુરૂઅ કરતા હૂં મૈં નામે ખુદાસે,
બ નામે પંજેતન એહલે કિસાસે.
રિવાયત હૈ જનાબે ફાતેમાસે,
દિલો જાને હબીબે કિબ્રિયાસે.

شروع کرتا ہوں میں نامِ خدا سے
بہ نامِ پنجتن اہلِ کسا سے
روایت ہے جنابِ فاطمہؑ سے
دل و جانِ حبیبِ کبریا سے

રસૂલે હક મિસાલે બદ્રે કામિલ,
હુએ બયતુશશરફમેં મેરે દાખિલ.
શિકાયત કી ગઈ ઝોઅફે બદનકી,
કહા ચાદર કોઈ લાઓ યમનકી.

رسولِ حق مثالِ بدرِ کامل
ہوئے بیت الشرف میں میرے داخل
شکایت کی گئی ضعفِ بدن کی
کہا چادر کوئی لاؤ یمن کی

દુઆ કી મૈંને ઔર ચાદર ઉઠાઈ,
નઝર શાને ખુદા ચાદરમેં આઈ.
ચમક ઊઠા હર એક ગોશા કિસાકા,
યકીં હોતા થા સબ બદરૂદદુજાકા.

دُعا کی میں نے اور چادر اُٹھائی
نظر شانِ خدا چادر میں آئی
چمک اُٹھا ہر ایک گوشہ کسا کا
یقیں ہوتا تھا سب بدرالدجا کا

પસ અઝ સાઅત હસન જબ ઘરમેં આયે,
ઝબાં પર અપની યે અલ્ફાઝ લાયે.
રસૂલે પાકકી પાકીઝા દુખ્તર,
મુઝે આતી હૈ ખુશબૂએ પયમ્બર.

پس از ساعت حسنؑ جب گھر میں آئے
زباں پر اپنی یہ الفاظ لائے
رسولِ پاک کی پاکیزہ دُختر
مجھے آتی ہے خوش بوئے پیمبر

કહા મૈંને કે નૂરે ચશ્મે માદર,
તેરે નાના હૈ નાઈમ ઝેરે ચાદર.
બઢે આયે હસન સરકો ઝુકાએ,
કહા, નાના ! હસન ચાદરમેં આએં?

کہا میں نے نورِ چشمِ مادر
تیرے نانا ہیں نائم زیرِ چادر
بڑھے آئے حسنؑ سر کو جھکائے
کہا نانا ! حسنؑ چادر میں آئے؟

હસનકો જબ ઈજાઝતખ્વાહ પાયા,
બુલાયા ઔર સીનેસે લગાયા.
કે ઈત્નેમેં કોઈ દરસે પુકારા,
હુસૈન આયા મેરી આંખોંકા તારા.

حسنؑ کو جب اجازتخواہ پایا،
بُلایا اور سینے سے لگایا
کہ اتنے میں کوئی در سے پُکارا
حسینؑ آیا میری آنکھوں کا تارا

કહા, અય વાલેદા, બિન્તે પયમ્બર,
યહાં નાના હૈ, જો ઘર હૈ મુઅત્તર.
કહા મૈંને કે ભાઈ ઔર પયમ્બર,
હૈ દોનોં આજ ઈસ ચાદરકે અંદર.

کہا اے والدہ بنتِ پیمبر
یہاں نانا ہے جو گھر ہے معطر
کہا میں نے کہ بھائی اور پیمبرؐ
ہیں دونوں آج اس چادر کے اندر

સલામે શૌક ખિદમતમેં ગુઝારા,
કહા, નાના ! હુસૈન આયા તુમ્હારા.
ઈજાઝત હૈ કે મૈં ચાદરમેં આઉં?
ઝિયારતકા શરફ હઝરતકી પાઉં.

سلامِ شوق خدمت میں گزارا
کہا نانا ! حسینؑ آیا تمہارا
اجازت ہے کہ میں چادر میں آؤں؟
زیارت کا شرف حضرت کی پاؤں

નિદા આઈ, મેરી આંખોંકી ઠંડક,
ચલે આઓ બુલાતા ખૈર બેશક.
કે ઈત્નેમેં અબુલ હસનૈન આયે,
કહા, કયા ઈબ્ને અમ તશરીફ લાયે?

ندا آئی میری آنکھوں کی ٹھنڈک
چلے آؤ بلاتا خیر بے شک
کہ اِتنے میں ابوالحسنینؑ آئے
کہا کیا ابنِ عم تشریف لائے؟

સલામત રહો તુમ બેટી નબીકી,
મૈં પાતા હૂં શમીમ અપને અખીકી.
કહા મૈંને બજા કહેતે અલી હો,
વલી હક હો તુમ બેશક વસી હો.

سلامت رہو تم بیٹی نبیؐ کی
میں پاتا ہوں شمیم اپنے اخی کی
کہا میں نے بجا کہتے علی ہو
ولی حق ہو تم بے شک وصی ہو

રસૂલે હાશમી હૈ ઔર પિસર હૈ,
યે તીનોં ઝેરે ચાદર જલ્વાગર હૈ.
કહા બઢ કર અલી મુર્તઝાને,
સલામ ઉસ પર જિસે ભેજા ખુદાને.

رسولِ ہاشمی ہیں اور پسر ہیں
یہ تینوں زیرِ چادر جلوہ گر ہیں
کہا بڑھکر علیؑ مرتضےٰ نے
سلام اُس پر جسے بھیجا خدانے

ઈજાઝત હૈ કે મૈં ગોશા ઉઠા કર,
ઝિયારત કર સકૂં ચાદરમેં આકર.
અલીકી જૈસે હી આવાઝ આઈ,
ઈજાઝત હૈ, કહા આ જાઓ ભાઈ.

اجازت ہے کہ میں گوشہ اُٹھا کر
زیارت کر سکوں چادر میں آکر
علی کی جیسے ہی آواز آئی
اجازت ہے کہا آ جاؤ بھائی

બઢી મૈં ભી અદબસે સર ઝુકાએ,
ઈજાઝત હો તો યે બેટી ભી આએઁ.
નિદા આઈ કે નૂરેચશ્મ મેરી,
ચલી આ મુન્તઝર રહેમત હૈ તેરી.

بڑھی میں بھی ادب سے سر جھکائے
اجازت ہو تو یہ بیٹی بھی آئے
ندا آئی کہ نورِ چشم میری
چلی آ منتظر رحمت ہے تیری

જમ્આ થે પંજેતન જબ એક કિસામેં,
સુના યે હુકમ હાતિફકી નિદામેં.
કહા, ખાલિકને સુક્કાને સમા'સે,
કસમ ખાકર બસદ શાને ખુદાસે.

جمع تھے پنجتن جب ایک کسا میں
سُنا یہ حکم حاتف کی ندا میں
کہا خالق نے سکّانِ سما' سے
قسم کھاکر بصد شانِ خداسے

બનાતા મૈં ન હરગિઝ આસમાંકો,
ન પૈદા કરતા મૈં હરગિઝ જહાંકો.
ન રોશન કરતા મૈં શમ્સો કમરકો,
બનાતા મૈં ન હરગિઝ બહરોબરકો.

بناتا میں نہ ہرگز آسماں کو
نہ پیدا کرتا میں ہرگز جہاں کو
نہ روشن کرتا میں شمس و قمر کو
بناتا میں نہ ہرگز بہر و بر کو

મગર મકસૂદ યે પેશે ખુદા હૈ,
યે હી જો પંજેતન ઝેરે કિસા હૈ.
કહા જિબ્રઈલને બઢ કર અદબસે,
કદીર વ કાદિર વ કૈયૂમ રબસે.

مگر مقصود یہ پیشِ خدا ہیں
یہی جو پنجتن زیرِ کسا ہیں
کہا جبرئیلؑ نے بڑھ کر ادب سے
قدیر و قادر و قیوم رب سے

ખુદાયા ! કૌન યે તહ્તે કિસા હૈ,
જો વજહે ખલ્કતે અર્ઝો સમાં હૈ.
કહા, વો ફાતેમા હૈ ઔર અબૂહા,
હૈ ઈસમેં બઅ્લોહા ઈસમે બનૂહા.

خدایا ! کون یہ تحتِ کسا ہے
جو وجہِ خلقتِ ارض و سما ہے
کہا وہ فاطمہؑ ہے اور ابوہا
ہے اس میں بعلُھا اس میں بنوہا

કહા જિબ્રઈલને અય રબ્બો અકબર,
કદીરો કાદિર કૈયૂમો દાવર.
અગર હો હુકમ ખલ્લાકે ઝમનકા,
છઠા બન જાઉં મૈં ભી પંજેતનકા.

کہا جبرئیلؑ نے اے ربّ اکبر
قدیر و قادر قیوم و داور
اگر ہو حکم خلاقِ زمن کا
چھٹا بنجاؤں میں بھی پنجتن کا

ઈજાઝત લેકે જબ જિબ્રઈલ આયે,
સલામે હક પૈ તકરીમ લાયે.
કહા, ફરમાતા હૈ યે રબ્બો અકબર,
જલાલતકી કસમ હર બાર ખાકર.

اجازت لے کے جب جبرئیلؑ آئے
سلامِ حق پہ تکریم لائے
کہا فرماتا ہے یہ ربّ اکبر
جلالت کی قسم ہر بار کھا کر

નહીં પૈદા કીયા મૈંને જહાંકો,
ન ઈસ અર્ઝોસમાં કૌનો મકાંકો.
ન દર્યાકો જો દાયમ રવાં હૈ,
ન કશ્તિ જો કે મૌજાં પર રવાં હૈ.

نہیں پیدا کیا میں نے جہاں کو
نہ اس ارض و سماں کون و مکاں کو
نہ دریا کو جو دائم رواں ہے
نہ کشتی جو موجوں پر رواں ہے

બનાઈ હૈ મુહબ્બતમેં તુમ્હારી,
ઝમીનો આસમાં દુન્યા યે સારી.
ખુદાસે આયા હૂં મૈં ઈઝન લેકર,
મુઅઝ્ઝિઝ કીજીએ એ'જાઝ દેકર.

بنائی ہے محبت میں تمہاری
زمین و آسماں دنیا یہ ساری
خدا سے آیا ہوں میں اذن لیکر
معزز کیجئے اعجاز دیکر

હુએ દાખિલ રિદામેં ઔર સુનાયા,
વહી ખલ્લાકે આલમસે હૂં લાયા.
ઈરાદા કર ચૂકા હૈ રબ્બો અકબર,
રહે હર રિજસસે યે ઘર મુતહ્હર.

ہوئے داخل ردا میں اور سنایا
وحی خلاقِ عالم سے ہوں لایا
ارادہ کر چکا ہے ربّ اکبر
رہے ہر رجس سے گھر مطہر

તહારતકી સનદ લાયા હૂં હઝરત,
ખુદાને ભેજા હૈ ફરમાને ઈસ્મત.
સુના પૈગામે ઈસ્મત જબ અલીને,
રિસાલતસે કહા, હકકે વલીને.

طہارت کی سند لایا ہوں حضرت
خدانے بھیجا ہے فرمانِ عصمت
سنا پیغامِ عصمت جب علیؑ نے
رسالت سے کہا حق کے ولی نے

| | |
|---|---|
| **જમ્આ ઈસ વક્ત હમ તહ્તે કિસા હૈ,** | جمع اس وقت ہم تحتِ کسا ہیں |
| **ફઝાઈલ હો બયાં ઈસકે કયા હૈ.** | فضائل ہو بیاں اس کے کیا ہیں |
| **રસૂલે પાકને, બાબાને સુનકર,** | رسولؐ پاک نے، بابا نے سنکر |
| **અબુલ હસનૈનસે ફરમાયા હંસકર.** | ابوالحسنینؑ سے فرمایا ہنسکر |
| | |
| **કસમ ઉસકી કે દી જિસને રિસાલત,** | قسم اُسکی کہ دی جس نے رسالت |
| **કસમ ઉસકી કે દી જિસને સદાકત.** | قسم اُسکی کہ دی جس نے صداقت |
| **બયાં હોગી જહાં ભી યે રિવાયત,** | بیاں ہوگی جہاں بھی یہ روایت |
| **હમારે દોસ્તોંમેં યે હિકાયત.** | ہمارے دوستوں میں یہ حکایت |
| | |
| **નુઝૂલે રહેમતે ગફ્ફાર હોગી,** | نُزولِ رحمتِ غفار ہوگی |
| **દુઆએ મગ્ફેરત હર બાર હોગી.** | دُعائے مغفرت ہر بار ہوگی |
| **અગર શીઆ કોઈ મગ્મૂમ હોગા,** | اگر شیعہ کوئی مغموم ہوگا |
| **પઢેગા ઉસકા ગમ મો'દૂમ હોગા.** | پڑھے گا اسکا غم مودوم ہوگا |
| | |
| **હર એક હાજતમેં યે હાજતરવા હૈ,** | ہر ایک حاجت میں یہ حاجترَوا ہے |
| **હર એક મુશ્કિલમેં યે મુશ્કિલકુશા હૈ.** | ہر ایک مشکل میں یہ مشکلکشا ہے |
| **કહા મસ્રૂર હોકર યે અલીને,** | کہا مسرور ہوکر یہ علیؑ نے |
| **વસીએ મુસ્તફા હકકે વલીને.** | وصی ئے مصطفٰے حق کے ولی نے |
| | |
| **ખુદાકા શુકર હૈ ફાએઝ હુએ હમ,** | خدا کا شکر ہے فائز ہوئے ہم |
| **મિટાએ દોસ્તોંકે હકને સબ ગમ.** | مٹائے دوستوں کے حق نے سب غم |

* *

**શબ્દાર્થ** **બદ્રે કામિલ :** ચૌદવીનો ચાંદ / પૂનમનો ચંદ્ર, **બયતુશ્શરફ :** પ્રતિષ્ઠિત ઘર, **ઝોઅફે બદન :** શરીરની સુસ્તી, **બદરૂદદુજા:** અંધારી રાતનો ચંદ્ર, **સાઅત :** ઘડી, પળ, ક્ષણ, **અલ્ફાઝ :** શબ્દો, વાક્ય **નાઈમ :** સૂતેલા **ઈજાઝતખ્વાહ:** રજા મેળવવાની ઈચ્છાવાળા **મુઅત્તર :** સુગંધિત, ખુશ્બૂદાર **શરફ :** સન્માન, પ્રતિષ્ઠા **નિદા :** અવાજ **અબુલહસનૈન:** ઈમામ હસન-હુસૈન(અ.)ના પિતા, હઝરત અલી(અ.) **ઈબ્ને અમ :** કાકાના દીકરા, ભાઈ **શમીમ :** સુગંધ, ખુશ્બૂ **અખી :** ભાઈ **બજા :** યોગ્ય, સાચુ **જલ્વાગર :** ઉપસ્થિત, હાજર **ગોશા :** (ચાદરનો) છેડો **મુન્તઝિર :** વાટ જોઈ રહેલી **હાતિફ :** પોકારનાર **સુક્કાને સમા :** આકાશમાં રહેનારાઓ, આસમાનવાસીઓ **બસદ :** સાથે **શમ્સો કમર :** સૂર્ય અને ચંદ્ર **બહરોબર :** ભીની અને સૂકી વસ્તુઓ, ખુશ્કોતર **મકસૂદ :** ઈચ્છા, ખ્વાહિશ **ઝેરે કિસા :** ચાદરની નીચે **કદીર, કાદિર, કૈયૂમ :** અલ્લાહનાં ગુણદર્શક નામો **તહ્તે કિસા :** ચાદરની નીચે **વજ્હે ખલ્કત :** સૃષ્ટિના સર્જનનું કારણ **અર્ઝો સમા :** પૃથ્વી અને આકાશ **અબૂહા :** પિતા **બઅ્લોહા :** શૌહર **બનૂહા :** ફરઝંદો **તકરીમ :** આદર, સત્કાર **પૈ :** વાસ્તે, માટે **રવાં :** પ્રવાહિત, વહેતું **ઈઝન :** પરવાનગી, રજા **મુઅઝ્ઝિઝ :** પ્રતિષ્ઠિત **એ'જાઝ :** પ્રતિષ્ઠા, ઈજ્જત **ઈસ્મત :** પાકીઝગી **સદાકત :** સચ્ચાઈ **હિકાયત :** બોધકથા **નુઝૂલ :** પ્રગટ થવાની/નાઝિલ થવાની ક્રિયા **દુઆએ મગ્ફેરત :** સલામતી/માફી માટેની દુઆ **મગ્મૂમ :** દુઃખી **મો'દૂમ :** નષ્ટ, ગાયબ, બરબાદ **મસ્રૂર :** ખુશ, આનંદિત

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### ઈલ્મ અને ફિલોસોફીની સમજૂતી

(ગતાંકનું ચાલુ)

આજે જ્યારે ઈલ્મની હદો જાણી લેવાઈ છે ત્યારે આપણને એ વાત ઉપર કોઈ આશ્ચર્ય થતું નથી કે ફિલોસૉફીને ઈલ્મથી જુદી કેમ સમજવામાં આવે છે. જે દિવસથી ઈમામ જાફર સાદિક(અ.)એ ફિલોસૉફી (હિકમત)ને ઈલ્મથી જુદી કરી દીધી છે તે દિવસથી જ આપનો દૃષ્ટિકોણ એક ક્રાંતિકારી દૃષ્ટિકોણ તરીકે સ્વીકારવામાં આવ્યો છે કારણ કે ઈમામ જાફર સાદિક(અ.)એ તફાવત વિષે એક એવી વાત કહી છે કે જે વાતે દરેક ફિલોસૉફરને સ્તબ્ધ બનાવી દીધો છે. ઈમામ જાફર સાદિક (અ.)નો આ દૃષ્ટિકોણ બે ભાગ ઉપર આધારિત છે અને તે આ પ્રમાણે છે :

ઈલ્મ કોઈ નક્કર નિષ્કર્ષ સુધી પહોંચી જાય છે પછી ભલેને તે નિષ્કર્ષ ખૂબ જ સંક્ષિપ્ત અને સીમિત જ કેમ ન હોય. પરંતુ ફિલોસૉફી(હિકમત) કોઈ પણ નિષ્કર્ષ સુધી પહોંચતી નથી.

ઈમામ જાફર સાદિક(અ.)ના આ દૃષ્ટિકોણના આ ભાગને કારણે એવા ફિલોસૉફરોની કોશિશો નષ્ટ થઈ જાય છે કે જેઓ આખુંય જીવન ફિલોસૉફીની ગૂંચવણોને ઉકેલવામાં જ પસાર કરી નાખે છે.

આ ઈરશાદનો ભાવાર્થ એ છે કે દુનિયાના અય ફિલોસૉફરો ! જે કંઈ તમે વાંચ્યું અને જેનો તમે અભ્યાસ કર્યો છે તે બધી વસ્તુઓ નિરર્થક છે. તમે લોકોએ તમારું જીવન નિરર્થક વસ્તુઓમાં વેડફી નાખ્યું છે કારણ કે જે વસ્તુને તમે પ્રાપ્ત કરી છે તેનો તમને ન તો કોઈ ફાયદો થયો છે કે ન તો તેના વડે બીજા લોકો ફાયદો ઉઠાવી શકે છે.

આપણે જાણીએ છીએ તેમ જે જમાનામાં કોઈ પણ દાર્શનિકે બીજાના ઈલ્મની કદર અને કિંમતનો ઈન્કાર કર્યો હોય તો એવા બધા લોકો અને તેમના હિમાયતીઓ એવા દાર્શનિકના દુશ્મન બની જાય છે. જો કોઈ માણસ બીજા માણસના ઘરનો અથવા તેની ખેતીવાડીનો ઈન્કાર કરી નાખે તો તે તેનાથી દુશ્મની વહોરી લેતો નથી પરંતુ કોઈ માણસના ઈલ્મનો જો ઈન્કાર કરવામાં આવે તો તે કટ્ટર દુશ્મન બની જાય છે કારણ કે જે લોકો પાસે ઈલ્મ હોય છે તે લોકોને પોતાના ઈલ્મ ઉપર ગર્વ હોય છે અને તેઓ કદીય પણ પોતાના ઈલ્મનું અપમાન સહન કરી શકતા નથી એટલે સુધી કે મહાન માણસો પણ જ્યારે સાંભળે છે કે તેમના ઈલ્મની કંઈ કિંમત રહી નથી તો તેમને ઘણો અફસોસ થાય છે.

ઈસ્લામના બુઝુર્ગોમાંથી માલિકી ફિરકાના સ્થાપક માલિક બિન અનસ છે કે જે ચાર મશહૂર ઈસ્લામી ફિરકાઓ જેમકે માલિકી, શાફઈ, હનફી અને હમ્બલીમાંથી એક ફિરકાના સ્થાપક છે, તેમને તેમના એક મુરીદ ઈબ્રાહીમ ગઝીએ ઈમામ જાફર સાદિક(અ.)નો આ દૃષ્ટિકોણ કહી સંભળાવ્યો અને કહ્યું કે જે કંઈ તમે હિકમતથી શીખ્યા છો તેનો કોઈ જ ફાયદો નથી. રિવાયતમાં તો છે કે તે નેક સીરત માણસ (એટલે કે માલિક બિન અનસ) ઈબ્રાહીમ ગઝીથી એટલા બધા ગુસ્સે થઈ ગયા કે ઈબ્રાહીમ

ગઝીના મરણ સુધી નારાજ રહ્યા. જ્યારે માલિક બિન અનસ જેવો માણસ પોતાના ઈલ્મના અપમાનથી એટલો બધો દુઃખી થઈ જાય છે તો પછી બીજા લોકોની તો વાત જ શી કરવી?

પ્રખ્યાત સમકાલીન ફ્રેન્ચ ફિલોસૉફર જૉ દુ લા-ક્વા ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણના પ્રથમ ભાગની સમીક્ષા કરતાં કહે છે કે જો ફિલોસૉફી ઈલ્મના સ્વરૂપમાં સામે ન આવે તો નિરર્થક છે. પરંતુ જ્યારે ઈલ્મના સ્વરૂપમાં સામે આવે છે તો તેનાં પરિણામ ફાયદાકારક આવે છે. ફ્રેન્ચ ફિલોસૉફર કહે છે કે માત્ર એટલું જ નહીં કે ફિલોસૉફી ઈલ્મના સ્વરૂપમાં સામે ન આવે તો નિરર્થક છે બલ્કે દરેક ઈલ્મ કે જે થીઅરીની હદ સુધી સીમિત છે એટલે કે તેનો વ્યવહારિક ઉપયોગ થઈ શકતો નથી તે પણ નિરર્થક છે. ક્યારેક કોઈ ઈલ્મમાં એવા સિધ્ધાંતો શોધી લેવાય છે કે જ્યાં સુધી તેમનો વ્યવહારિક ઉપયોગ ન થાય ત્યાં સુધી તે નિરર્થક જ હોય છે.

મશહૂર ખગોળશાસ્ત્રી કૉપ્લર કે જેણે સૂર્યના ફરતાં ગ્રહોના હલનચલનના ત્રણ સિધ્ધાંતો જ્યારે પ્રસ્તુત કર્યા ત્યારે ખગોળશાસ્ત્રીઓ અને ભૌતિકશાસ્ત્રીઓમાંથી કોઈ પણ એવો ન હતો કે જે આ સિધ્ધાંતો ઉપર શંકા કરે. વૈજ્ઞાનિકો જાણતા હતા કે આ સિધ્ધાંતો થીઅરી નથી બલ્કે ઈલ્મ અને હકીકત છે. પરંતુ ન તો કૉપ્લરના સિધ્ધાંતથી કોઈ ફાયદો થયો કે ન તો ન્યૂટનની ગુરૂત્વાકર્ષણની શોધથી કોઈ ફાયદો થયો.

ઈ.સ. ૧૯૫૭માં જ્યારે રશિયાએ પોતાનો પ્રથમ ઉપગ્રહ આકાશમાં મોકલ્યો તો કૉપ્લરના ત્રણ સિધ્ધાંતોથી અને ગુરૂત્વાકર્ષણથી ફાયદો થવાની શરૂઆત થઈ અને બધા ઉપગ્રહો અને અવકાશયાનો કે જે ઉપગ્રહની આજુબાજુ પરિભ્રમણ કરે છે તે આ સિધ્ધાંતોના અંતર્ગત ફરી રહ્યા છે. વળી માનવજાતને આ સિધ્ધાંતોનો વ્યવહારિક ફાયદો એ મળ્યો કે આજે ટેલિવિઝનના કોઈ પ્રોગ્રામને ઉપગ્રહની મદદથી પૃથ્વી પર વસતા બધા લોકો સુધી પહોંચાડી શકાય છે અને ઉપગ્રહો વડે વાવાઝોડાઓ વિશે સંપૂર્ણ ભવિષ્યવાણી કરી શકાય છે અને આવી જ રીતે ભૂગોળના ખોટા નકશાઓને પણ સુધારી શકાય છે.

આપણે જાણીએ છીએ તેમ ઈમામ જાફર સાદિક(અ.) પોતાના મદ્રેસામાં ફિલોસૉફી પણ ભણાવતા હતા એટલે અહીં એવી સમીક્ષા કરી શકાય કે જે માણસ એવું કહેતો હોય કે ફિલોસૉફી સચોટ અને વ્યવહારિક ફાયદો પહોંચાડવામાં નિષ્ફળ છે તો તે પોતે તેને કેમ ભણાવતો હશે ? ઈમામ જાફર સાદિક(અ.) જેવા માણસ કે જે આલિમ હોવાની સાથે સાથે મઝહબી પેશવા પણ હતા તેમણે શા માટે પોતાના શિષ્યોને અમુક મુદત સુધી નિરર્થક વસ્તુઓમાં વ્યસ્ત રાખ્યા કે જે વસ્તુઓનો કોઈ જ વ્યવહારિક ફાયદો ન હતો ?

આ વાતને સમજવા માટે આપણે ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણના બીજા ભાગ ઉપર એટલે કે ફિલોસૉફી અને ઈલ્મના તફાવત ઉપર નજર નાખવી પડશે. જ્યારે આપણે ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણના બીજા ભાગનો અભ્યાસ કરીએ છીએ તો આપણે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આપ ફિલોસૉફી અને ઈલ્મના સંદર્ભમાં આ વાત કહે છે ન કે મઝહબના સંદર્ભમાં. ઈમામ જાફર સાદિક(અ.) મઝહબી પેશવા હોવાના કારણે ફિલોસૉફીની હકીકતને કે જે અલ્લાહથી સંબંધિત છે, તેને મઝહબનો ભાગ તો સમજતા જ હતા પરંતુ પોતાના દૃષ્ટિકોણના બીજા ભાગની વાત તેમણે ફિલોસૉફી અને ઈલ્મને કેન્દ્રમાં રાખીને કરી છે અને તે આ પ્રમાણે છે :

ઈલ્મ દૂરની હકીકતને ધ્યાનમાં રાખી શકતું નથી જ્યારે કે ફિલોસૉફી દૂરની હકીકતને ધ્યાનમાં રાખે છે. આ દૃષ્ટિકોણને ઉપલક દૃષ્ટિથી ન જુઓ

અને તેને સમજ્યા વગર આગળ ન વધી જાઓ કારણ કે જ્યાં સુધી માણસ આ દૃષ્ટિકોણના ઊંડાણમાં જાય નહીં ત્યાં સુધી તેને સમજી શકશે નહીં કે આ મહાન માણસે ઈલ્મ અને ફિલોસૉફી વચ્ચેના તફાવત તરીકે કઈ વસ્તુને ગણાવી છે અને તેઓ ફિલોસૉફીના વ્યવહારિક ફાયદાના ઈન્કારી છે તેમ છતાં તેને શા માટે ભણાવે છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે ઈલ્મ હકીકતોને શોધી શકે છે પછી ભલેને તે હકીકતો મામુલીમાં મામુલી પણ કેમ ન હોય. કોઈ એવો માણસ કે જે એવું કહે છે કે ઈલ્મ દૂરની હકીકતને શોધી શકતું નથી પરંતુ ફિલોસૉફી આવું કરી શકે છે. શું તેની આ બન્ને વાતોમાં વિરોધાભાસ જણાતો નથી ?

ઈમામ જાફર સાદિક(અ.) ફરમાવે છે કે ઈલ્મ હકીકતોને શોધી શકે છે અને જો મોટી હકીકતોને ન પણ શોધી શકે તો નાની હકીકતોને તો શોધી જ શકે છે. પરંતુ ઈલ્મ તે હકીકતને અસ્તિત્વમાં લાવવાનો આશય વર્ણવી શકતું નથી. કદાચ આ વાતને આવી રીતે પણ પ્રસ્તુત કરી શકાય કે ઈલ્મ આંખની જેમ બધી વસ્તુઓને જોઈ શકે છે પરંતુ પોતાને જોઈ શકતું નથી કે ન તો એ વાત સમજી શકે છે કે હકીકતો સુધી પહોંચી જવામાં તેનો ફાયદો શું છે.

પરંતુ ફિલોસૉફી કે જે હજી સુધી કોઈ હકીકત સુધી પહોંચી શકી નથી તેમ છતાં ય દૂરની હકીકતને ધ્યાનમાં રાખે છે અને જાણે છે અને સમજવા માગે છે કે દુનિયા અને તેની અંદરની માનવજાતિ શા માટે અસ્તિત્વમાં આવી અને તેમનો સર્જક કોણ છે અને દુનિયાનું સર્જન કરવા પાછળ તેનો શું આશય છે અને આ દુનિયામાં માનવજાતિનો અંત તેમજ આ દુનિયાનો અંત શું હશે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવેલા આ શબ્દોને આજે ૧૨૦૦ વર્ષ વિતી ગયાં છે. આજે પણ આ એક એવો તફાવત છે કે જે ઈલ્મને ફિલોસૉફીથી જુદો પાડે છે. આજે પણ ઈલ્મ એ જાણતું નથી કે શા માટે તે હકીકતોને શોધી રહ્યું છે અને તે કઈ મંઝિલ સુધી પહોંચવા માટે તેની શોધ ચાલુ રાખી રહ્યું છે. ઈલ્મ આ વાતથી પણ વાકેફ નથી કે તે ક્યાંથી આવ્યું અને ક્યાં જઈ રહ્યું છે. ઈલ્મ પોતે એક એવું ત્રાજવું છે કે જેની અંદર દરેક વસ્તુને સારી રીતે તોલી શકાય છે. પરંતુ જો તેને એવું પૂછવામાં આવે કે આ દોડધામ અને શોધખોળ શા માટે કરી રહ્યું છે ? તો તેને તેનો જવાબ નહીં સૂઝે. જ્યારે ફિલોસૉફી જવાબ આપી શકે છે અને કહે છે કે શા માટે તે હાથ પગ ચલાવી રહી છે અને કઈ મંઝિલ સુધી આગળ ધપવાની છે પછી ભલેને ફિલોસૉફી શરૂઆતથી લઈને આજ પર્યંત કોઈ પણ હકીકતને શોધી શકી ન હોય.

ઈમામ જાફર સાદિક(અ.) ફિલોસૉફીનો જે પરિચય આપે છે તેનાથી એ વાત સમજમાં આવી જાય છે કે માણસ ઈલ્મની સરખામણીમાં ફિલોસૉફીને વધારે મહત્વ આપતો રહ્યો છે કારણ કે આપે ફરમાવ્યું છે તેમ ઈલ્મ દૂરની હકીકતને સમજી શકતું નથી જ્યારે ફિલોસૉફી તે હકીકતને ધ્યાનમાં રાખે છે. જે હકીકતની તલાશ ફિલોસૉફી કરી રહી છે તે અલ્લાહ તઆલા સિવાય બીજી કોઈ હકીકત નથી કારણ કે જ્યારે ફિલોસૉફીના બધા તબક્કાઓ પાર થઈ જાય છે ત્યારે ફિલોસૉફી એવા તબક્કામાં પ્રવેશે છે કે જ્યાં તે એવું જાણવા માગે છે કે અલ્લાહ તઆલા કોણ છે ? અને તે શા માટે સર્જન કરી રહ્યો છે અને તેના સર્જનનો અંત શું છે? તો પછી આપણે એવું તારણ કાઢી શકીએ કે ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં ફિલોસૉફી અલ્લાહ તઆલા તરફનું માર્ગદર્શન કરે છે જ્યારે કે ઈલ્મ આવું કોઈ માર્ગદર્શન કરતું નથી. બસ જો આપણે ઈલ્મનો સામાન્ય અર્થ જ ધ્યાનમાં લઈએ એટલે કે સમજદારીનો અર્થ તો પછી ઈલ્મ ફિલોસૉફીમાં પણ શામિલ થઈ જાય છે. (ક્રમશઃ)



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

ભાગ-3

## બોધ વચનો અને ઉપદેશો

હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૩૪૭) પ્રશંસામાં સમતોલપણું :**

યોગ્યતાથી વધુ વખાણ કરવાં ખુશામદ છે અને યોગ્યતાથી ઓછાં વખાણ કરવાં લાચારી છે અથવા ઈર્ષા.

**(૩૪૮) મોટા ગુનાહ :**

સૌથી આકરો ગુનો એ છે કે જેને ગુનેગાર હલકો ગણે.

**(૩૪૯) સારા નરસા ગુણો :**

જે પોતાના એબો પર નજર રાખે છે તે બીજાના એબોથી ગાફિલ થઈ જાય છે અને જે ખુદાએ આપેલ રોઝી પર રાજી રહે છે તે કોઈ ચીજ હાથમાં નીકળી જવા પર ગમગીન નથી થતો. જે બંડખોરીની તલવાર ખેંચે છે, પોતે તેનાથી જ માર્યો જાય છે અને જે અગત્યના કાર્યોને જબરદસ્તી પૂરાં કરવા માગે છે તે તબાહ થઈ જાય છે. ઉછાળાઓમાં કૂદી પડનારો ડૂબી જાય છે અને ખોટી જગ્યાએ પ્રવેશનાર બદનામ થઈ જાય છે. જે વાતો કરે છે તેમાં ભૂલો પણ વધારે કરે છે અને જેની ભૂલો વધારે હોય છે તેની શરમ ઓછી થઈ જાય છે અને જેની શરમ ઓછી થઈ જાય છે તેની પરહેઝગારી પણ ઓછી થઈ જાય છે અને જેની પરહેઝગારી ઓછી થઈ જાય છે તેનું દિલ મરી જાય છે અને જેનું દિલ મરી જાય છે તે જહન્નમમાં દાખલ થઈ જાય છે.

જે માણસ લોકોના એબો જોઈને અણગમો દેખાડે છે અને પછી એ જ એબ પોતાના માટે પસંદ કરે છે તો તેને મૂર્ખ કહેવામાં આવે છે.

સંતોષ એક એવી મૂડી છે કે જે કદી ખતમ થવાવાળી નથી.

જે મોતને બરાબર યાદ કરતો રહે છે તે દુનિયાના થોડા ભાગ પર પણ રાજી થઈ જાય છે અને જેને એ ખબર હોય છે કે વાણી પણ અમલનો એક ભાગ છે તો જરૂર કરતાં વધારે બોલતો નથી.

**(૩૫૦) જાલિમની નિશાનીઓ :**

લોકોમાં જાલિમની ત્રણ નિશાનીઓ હોય છેઃ પોતાનાથી ઊંચા(ઉપરી) પર અવગણનાથી જુલ્મ કરે છે. પોતાનાથી નાના પર જોર જબરથી જુલ્મ કરે છે અને પછી જાલિમ લોકોની હિમાયત કરે છે.

**(૩૫૧) સખ્તી પછી આસાની :**

સખ્તીઓના અંત પર જ સુખદ સ્થિતિ જન્મે છે અને આફતોની સાંકળોના સંકડાવા સાથે જ આરામ ઉદ્‌ભવે છે.

**(૩૫૨) બાલ બચ્ચાંથી લાગણી :**

પોતાના કેટલાક અસ્હાબોને સંબોધીને ફરમાવ્યું, બાલ બચ્ચાંઓની વ્યાધિમાં વધારે સમય સુધી ન પડ્યા રહો. જો તેઓ અલ્લાહના દોસ્ત છે તો અલ્લાહ તેમને દુઃખી થવા નહીં દે અને જો તેના દુશ્મન છે તો તમે અલ્લાહના દુશ્મનોના વિશે શું કામ ચિંતા કરો છો.

(હેતુ એ છે કે ઈન્સાન પોતાના વર્તુળમાંથી નીકળી સમાજ અને લોકો વિશે પણ ચિંતા કરે. માત્ર કૂવાનાં દેડકાં બનીને ન રહે.)

**(૩૫૩) છિદ્રો શોધવા :**

ખરાબમાં ખરાબ એબ એ છે કે જે ઈન્સાન કોઈ એબને ખરાબ કહે અને પછી તેનામાં એ જ એબ દેખાતો હોય.

**(૩૫૪) બાળ જન્મની મુબારકબાદ :**

હઝરતની સામે એક શખ્સે બીજા શખ્સને પુત્રની મુબારક બાદ દેતાં કહ્યું કે શેહસવાર મુબારક થાય. તો આપે ફરમાવ્યું, એમ ન કહો બલ્કે એમ કહો કે તમે આપનારનો શુક્ર અદા કર્યો છે એટલે તમને આ ભેટ મુબારક થાય. ખુદા કરે કે આ નિપુણ બને અને તમને એની નેકીનો લાભ પહોંચે.

**(૩૫૫) દોલતની અસરો :**

આપના અમલદારોમાંથી એક માણસે વિશાળ ઈમારત ઊભી કરી લીધી તો આપે ફરમાવ્યું કે ચાંદીના સિક્કાઓએ માથું ઊંચક્યું છે. ખરેખર આ ઈમારત તમારી માલદારીની ચાડી ખાય છે.

**(૩૫૬) રોઝીની પહોંચ :**

કોઈએ આપને પ્રશ્ન કર્યો કે અગર કોઈ શખ્સના ઘરનો દરવાજો બંધ કરી દેવામાં આવે અને તેને એકલો મૂકી દેવામાં આવે તો તેની રોઝી ક્યાંથી આવશે ? ફરમાવ્યું, જયાંથી તેનું મોત આવશે.

**(૩૫૭) શોક પ્રદર્શન :**

એક જમાઅતને કોઈ મરવાવાળાનો શોક વ્યક્ત કરતાં કહ્યું, આ વાત તમારે ત્યાં નવી નથી અને ન તમારા પર તેનો અંત છે. તમારો આ સાથી સફરમાં રચ્યો પચ્યો રહેતો હતો તો સમજો કે આ પણ એક સફર છે. ત્યારે પછી તે તમારી પાસે આવી પહોંચશે અથવા તમે તેની પાસે જઈ પહોંચશો.

**(૩૫૮) નેઅમત અને વબાલ :**

લોકો ! અલ્લાહ નેઅમતના મોકા પર પણ તમને એવા જ ડરેલા જુએ છે કે જેવી રીતે અઝાબના મામલામાં પરેશાન જુએ છે, જે શખ્સનો હાથ વિશાળ થઈ જાય અને તેને તે અઝાબની લપટ ન સમજે તો તેણે ભયાનક વસ્તુથી પણ પોતાને સંતોષી સમજી લીધો અને જે તંગદસ્તીમાં આવી જાય અને તેને પરીક્ષા ન સમજે તેણે એ સવાબ પણ ખોઈ નાખ્યો કે જેની આશા રાખવામાં આવતી હતી.*


**SHOBHA** Fashion Stop

**આથી અમોને જણાવતા આનંદ થાય છે કે અમારુ નવીન સાહસ 'શોભા ફેશન સ્ટોપ' જેમાં**

- જીન્સ • ટી-શર્ટ • ગોગલ્સ • ટ્રાઉઝર • પરફ્યૂમ
- ઘડીયાળ • શર્ટ • બેલ્ટ • શૂઝ • અન્ય એસેસરીઝ

**ઉપર લખેલી તમામ વસ્તુઓ વ્યાજબી ભાવે હાજર સ્ટોક માં મળશે.**

::::: CONTECT :::::

**KARAMAT ALI** 99134 34429 **HASAN ABBAS** 78743 64429

**ADD. F:78, SAMARTH COMPLEX, TAVADIYA CHAR RASTA, OPP. HOTEL SIDDHARTH, SIDHPUR**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

### બયાન નં.૮૫

**સુન રે પંથી પીયા કેરી રાહા,**
**પંથ તો પામે જો તન ગમાહા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા પોતાના મુરીદોને બોધ આપતાં ફરમાવે છે કે અય તરીકતના પંથી ! પીયુજીનો પંથ તો એવો છે કે જો તું તારું તન અર્થાત શરીર ગુમાવી દે ત્યારે જ તે પ્રાપ્ત થઈ શકે તેમ છે.)

**દેખોને ભીતર પંથ રે બજારા,**
**ચોક નો દુકાનાં હે રે અપારા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તમે તમારા પંથની અંદર નજર કરો કે તેમાં બજારો, ચોક અને દુકાનો પાર વગરનાં આવેલાં છે.)

**પંથી જો આપ મન જો સબકું પિછાંને,**
**જે રે જિસ ઠાંહાં ઉસે વેસા જાંને.**

(તરીકતનો પંથી જો પોતાના મનથી આ બધાયને ઓળખી લે કે જેની જે જગ્યા હોય એ પ્રમાણે તેને જાણી લે.)

**ચોવટે નો ચકલે સબ ફિર દેખે,**
**ગલીયાં નો કુચીયાં લાવે રે લેખે.**

(તરીકતનો પંથી પોતાના ભીતરમાં જે ચૌટે એટલે કે બજારો અને ચકલે એટલે કે મોહલ્લાના આગળ આવેલી છૂટી જગ્યા આ બધું ફરી ફરીને જુએ અને કઈ કઈ સાંકડી ગલીઓ અને અટપટા વાંકા ચૂંકા માર્ગો આવેલા છે તેને પણ ધ્યાનમાં લે.)

**સાદે ભી ભીતર હે રે મેવાસા,**
**વે રે ઢુંઢ કાઢે એક એક પાસા.**

(ભીતરની અંદર નેક લોકો ક્યાં ક્યાં છે અને ચોર લૂંટારાઓના વસવાટવાળી જગ્યા ક્યાં આવેલી છે તે એકે એકની પાસે જઈને તે શોધી કાઢે.)

**ઈસ પંથ માંહી હે દુરિજન તોરા,**
**મેવાસા બાંધે ભીતર બોતેરા.**

(અય પંથી ! આ પંથમાં તારો દુરિજન-શયતાન પણ આવેલો છે અને ભીતરમાં તેણે લૂટફાટ કરવા માટેના ઘણા વસવાટો બાંધેલા છે.)

**જમણે રે પાસે સાદુકી બસતી,**
**ડાબે રે પાસે ગમાંન ને મસતી.**

(અય તરીકતના પંથી ! તારી જમણી બાજુએ નેક માણસોની વસ્તી આવેલી છે અને તારી ડાબી બાજુએ અભિમાની અને મસ્તીખોર લોકોની વસ્તી આવેલી છે.)

**ડાબે રે પાસ હે દુરિજન ઠાંમા,**
**શેતાંન અપના વે કરતા હે કાંમા.**

(અય તરીકતના પંથી ! તારી ડાબી બાજુએ દુરિજન અર્થાત શેતાનના રહેવાની જગ્યા છે. એ જગ્યાએ એટલે કે ડાબી બાજુએ રહીને શેતાન પોતાનું કાર્ય કર્યે જાય છે.)

**જાં રે દુરિજન વાં પીયાકા નિશાંના,**
**ચોકી પીયાકી જાં શેતાંન મકાંના.**

(અય તરીકતના પંથી ! એક બાબત સારી રીતે સમજી લે કે જે જગ્યાએ શેતાન હોય એ જગ્યાએ તારો પીયુજી આવેલો છે તે નિશાની યાદ રાખજે. જ્યાં શેતાનની જગ્યા આવેલી હોય ત્યાં તારા

પીયુની ચોકી આવેલી હોય છે.)

**ઉસ ઠાંમ કહીએ તખત બજારા,**
**ઉસ માંહે બેઠે પીયુજી હમારા.**

(એ જગ્યાએ બજારમાં તખત અર્થાત સિંહાસન આવેલું છે એવું માની લેજે અને સિંહાસન ઉપર આપણો પીયુજી બિરાજમાન થયેલો છે.)

**વે જીવ તો તેરા, ખોલ નાં કહીએ,**
**પંથી ઉસ પંથમાં પીયાજી રે લહીએ.**

(અય પંથી ! એ જગ્યાએ તું તારો જીવ ખોલી ના દેતો. એ પંથમાં તારો પીયુજી આવેલો છે તે માની લેજે.)

**શીશ રે ઉપર બજાર સ્નેહા,**
**ચલે બિના પંથી નાં આવે રે છેહા.**

(શીશ અર્થાત માથાના ઉપરના ભાગમાં સ્નેહ અર્થાત પ્રેમનું બજાર આવેલું છે. તે બજારમાં ચાલ્યા વગર અય પંથી ! તેનો છેડો આવી શકે તેમ નથી.)

**કરાર કા બાસા ઉસ ઠાંમ કહીએ,**
**અરશ પીયાકા ઉસ માંહી લહીએ.**

(અય પંથી ! એ જગ્યામાં પરમ શાંતિનો વાસ આવેલો છે એવું કહેવાય છે અને પીયુનું અર્શ તે કરાર અર્થાત શાંતિધામમાં આવેલું છે.)

**અસમાંન સાતું પીયા ઉસ માંના,**
**જો પંથી પાવે જો હોવે રે દાંના.**

(સાત આસમાન પર પીયુનો વાસ છે એવું માની લીધું. જો તરીકતનો પંથી અક્કલવાળો હોય તો આ માહિતીને પામી શકે.)

**પીયા પંથ એસા દુર દિખાવે,**
**સો ચલે બિના પંથી હાથ નાં આવે.**

(પીયુજીનો પંથ આટલો બધો દૂર આવેલો દેખાય છે. તેથી તેના ઉપર ચાલ્યા વગર તે માર્ગ પંથીના હાથમાં આવે તેમ નથી.)

**પીયાકે રે'નેકા હે શીશ મકાંના,**
**ખોલ સો કહીયા, નાં રાખા રે છાંના.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુજીના રહેવાની જગ્યા છેક ટોચ ઉપર આવેલી છે. આ ભેદને મેં તમારી આગળ ખોલીને બતાવી દીધો અને તમારાથી ગુપ્ત રાખ્યો નથી.)

**એ સમજ ને પંથી, સાવચેત રહીએ,**
**નિત ઉઠ પંથમાં યું કર કહીએ.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ! આ બધી બાબતો સમજીને તું સાવચેત રહેજે અને દરરોજ ઊઠીને પંથમાં અલ્લાહનો ઝિકર કરતો રહેજે.)

**ગઢ પંથી પીયાકા દેખીયા, ભીતર બોત મેદાંન રે,**
**ભીતર બોત મેદાંન;**
**પંથી થે સો ચલ ગયે, રહે અબુઝ અગાંન રે,**
**રહે અબુઝ અગાંન.**

(તરીકતના પંથીએ પીયાનો ગઢ - પીયાનું સ્થાન જોયું કે અંદર તો ખૂબ મોટું મેદાન હતું. જે તરીકતના (સાચા) પંથીઓ હતા એ તો આગળ ચાલ્યા ગયા અને જે લોકો હિદાયત વગરના અને અજ્ઞાન હતા તે પાછળ રહી ગયા.) *


**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**

**સરહિંદ**
**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

### કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૮** **સૂરએ કલમ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **નિઃસંશય તારો પરવરદિગાર તેમને સારી રીતે જાણે છે કે જે તે(અલ્લાહ)ના માર્ગથી ભટકી ગયા છે, અને હિદાયત પામેલાઓને પણ સારી રીતે જાણે છે. (૭)**

**માટે તું જૂઠલાવનારાઓની વાત (હરગીઝ) માનજે નહીં. (૮)**

**તેઓ આ ચાહે છે કે અગર તું નરમી ધારણ કરે તો તેઓ પણ નરમ પડી જાય. (૯)**

**અને તું કોઈ હડહડતી કસમ ખાનારા નીચની વાતોમાં આવી જજે નહીં. (૧૦)**

**(કે જે) એબ શોધનાર, હરતાં ફરતાં લોકોની નિંદા કરનાર. (૧૧)**

**નેકીથી અટકાવનાર, હદથી વધી જનાર ગુનેહગાર. (૧૨)**

**કમજાત (અને) વળી હરામી પણ હોય! (૧૩)**

તારો પરવરદિગાર સારી રીતે જાણે છે કે અલ્લાહના માર્ગથી કોણ ભટકી ગયા છે અને હિદાયત પામેલાઓને પણ જાણે છે. આ આયતમાં મોમિનો માટે નજાત અને કાફરો માટે અઝાબ છે. હાકિમ અબુલ કાસિમ ખસકાનીએ ઝોહાકથી રિવાયત કરી છે કે જ્યારે કુરેશીઓએ હઝરત રસૂલે ખુદા(સ.)ને હઝરત અલી(અ.)ની દરેક બાબતમાં ફઝીલત વધારતા જોયા તો તેઓ કહેવા લાગ્યા કે આપ હઝરત અલી(અ.)ની મોહબ્બતમાં દિવાના થઈ ગયા છે ત્યારે કુદરતે આ આયત નાઝિલ ફરમાવી.

કાફિરો અને મુશરિકો તૌહીદને જૂઠલાવે છે અને તારી નબુવ્વતનો ઈન્કાર કરે છે અને તને તેઓ પોતાના બાપ-દાદાના તરફ બોલાવે છે તો તેમાં તેમનું અનુકરણ કરતો નહીં.

તેઓ એવું ચાહે છે કે જો તું નરમી ધારણ કરત તો તેઓ પણ નરમ પડી જાય, મતલબ એ કે તેઓ સાથે ભળી જાય તો તેઓ તને સાથ સહકાર આપે.

તું કોઈની હડહડતી કસમ ખાનારા નીચની વાતોમાં આવી જતો નહીં. મતલબ કે એ હલકા માણસોની વાતને માન્ય રાખતો નહીં. એબ શોધનારા અને લોકોની નિંદા કરનારા અને મેણાં મારનારા, નેકીથી લોકોને અટકાવનાર, હદથી વધી જનાર ગુનેગાર, કમજાત, ખરાબ સ્વભાવનો, મેલા દિલવાળો, હરામી, આ દસથી તેરમી આયતમાં જેટલા દુર્ગુણોનું વર્ણન થયું તે એક કટ્ટર નાસ્તિક વલીદ બિન મોગીરાના માટે છે કે જે પોતાની શરારત અને નાસ્તિકપણાની મર્યાદા પણ ઓળંગી ગયો હતો. તે માલદાર હતો અને તેના દસ છોકરા હતા, તે તેમને કહેતો હતો કે જે ઈસ્લામ કબૂલ કરે તેને કંઈ પણ આપતા નહીં.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **માત્ર આ કારણે કે તે ધનવાન અને ઓલાદવાળો છે. (૧૪)**

**જે વખતે તેની સામે અમારી આયતો પઢવામાં આવે છે ત્યારે કહી દે છે કે આ તો આગલાઓની કહાણીઓ છે. (૧૫)**

**નજીકમાં જ અમે તેના નાક પર ડાઘ લગાડી દઈશું. (૧૬)**

**બેશક અમે તેમની એવી જ અજમાઈશ કરીશું જેવી કે એક બગીચાવાળાઓની અજમાઈશ કરી હતી જ્યારે કે તેમણે કસમ ખાધી હતી કે કાલે સવારે આપણે આ બગીચાના ફળ જરૂર તોડી લઈશું. (૧૭)**

**પણ ઈન્શાઅલ્લાહ કહ્યું ન હતું. (૧૮)**

**જેથી તે બગીચા પર તારા પરવરદિગાર**

**તરફથી જ્યારે કે તેઓ ઊંઘતા હતા (એક) ફેરી ફરનારો ફરી વળ્યો. (૧૯)**

**જેથી સવાર થતાં તે (બગીચો) કાપી લીધેલી વાડી જેવો (ઉજ્જડ) થઈ ગયો. (૨૦)**

તેના વિષે ખુદાવંદે આલમ ફરમાવે છે કે તે ઘણી દોલત અને ઓલાદ ધરાવતો હતો અને તેથી જ તે ખુદા-રસૂલની નાફરમાની કરતો હતો.

જ્યારે તેની સમક્ષ અમારી આયતો વાંચવામાં આવે છે તો માલ અને ઓલાદના કારણે અમારી આયતોને જૂઠલાવે છે અને કહે છે કે આ તો પહેલાંના કિસ્સાઓ છે.

નજદીકમાં જ અમો તેના નાક ઉપર ડાઘ લગાડી દઈશું, મતલબ કે તેને જલીલ કરીશું. ઈબ્ને અબ્બાસથી વર્ણન છે કે તે ડાઘથી મુરાદ એ તલવારના ઝખમની નિશાની છે જે બદરની લડાઈના દિવસે તેના નાક પર તલવાર લાગવાથી થઈ હતી અને તે મર્યો ત્યાં સુધી બાકી રહી.

અમોએ એ મક્કાવાળાઓ ઉપર બલા અને દુકાળ મોકલીને તેમની અજમાઈશ કરી જે પ્રમાણે અમોએ બાગવાળાઓને અજમાવ્યા હતા. જે વખતે એ બાગવાળાઓએ ફકીરોથી છૂપી રીતે કસમ ખાધી કે બાગમાં વહેલા જઈને તેનાં ફળોને તોડી લઈશું. અલ્લાહે મક્કાવાળાઓને ઘણી નેઅમત આપી હતી પણ તેમણે નાશુક્રી કરી અને તેથી પયગમ્બરની બદ દુઆથી એ બલા તેઓ ઉપર ઉતરી, જેમકે ઓહદની લડાઈમાં ઘણા મુસલમાનો શહીદ થઈ ગયા. હઝરત રસૂલે ખુદા(સ.) ઘણા દુઃખી થયા અને દુઆ કરી કે ખુદાવંદા ! જનાબે યૂસુફ(અ.)ના જમાનામાં જેવી રીતે બલા આવી હતી તેવી બલાને મોકલ. ખુદાએ હઝરતની દુઆ કબૂલ ફરમાવી. કોઈએ ઈબ્ને અબ્બાસને પૂછ્યું કે જો બંદા ગુનાહ કરે તો તે રિઝકથી વંચિત રહે છે તે શું સાચું છે ? તો જવાબ આપ્યો કે ખુદાની કસમ, તે ખુદાની કિતાબમાં સૂર્ય કરતાં પણ વધારે રોશન છે જેમકે નૂન વલ કલમમાં વર્ણન છે કે એક બુઝુર્ગ શખ્સનો બાગ હતો અને તે સુદાનમાં રહેતો હતો. તે જ્યાં સુધી તે બાગના ફળોમાંથી હકદારોને હક અદા ન કરી દેતો ત્યાં સુધી પોતાના ઘેર ફળો લઈ જતો નહીં અને મુસાફરોને પણ તે તોડીને ખાવાની મનાઈ કરતો નહીં. તેના મરણ પછી તેના દીકરા તે બાગના માલિક થયા. જે વરસે તે મરણ પામ્યો તે વરસે પુષ્કળ ફળો પાક્યાં. પછી આપસમાં મત કર્યો કે આપણા પિતા વૃધ્ધ થઈ ગયા હતા અને તેમની અક્કલ જતી રહી હતી તેથી તે લોકોને ફળ ખવડાવી દેતા હતા. હવે આ વખતે કોઈ પણ ફકીરને ફળ આપવા નહીં.

આમ બધા ભાઈઓ એકમત થયા પણ એક ભાઈ રાજી થયો નહીં અને તે એ ભાઈ છે કે જેની ખુદાએ તારીફ કરીને ફરમાવ્યું કે તેઓના વચલા ભાઈએ કહ્યું જેમકે ૨૮મી આયતમાં આવે છે. તો ફરમાવ્યું કે તે બધાથી નાનો હતો પણ અક્કલ વધારે ધરાવતો હતો તેને વચલો એટલા માટે કહેવામાં આવ્યો કે કહેવત છે કે **ઔસતુલ કૌમ ઐરૂન** એટલે કોમનો વચલો શખ્સ તેમનામાં બેહતર છે. તેણે પોતાના ભાઈઓને કહ્યું કે અલ્લાહથી ડરો અને પિતાના પગલે ચાલો એમાં જ સલામતી છે. આથી તેમના ભાઈઓએ તેને પકડીને ખૂબ માર માર્યો. તેથી તેને ખાતરી થઈ કે તેઓ મને કતલ કરી નાખશે એટલે તેણે લાચારીએ તેમને સાથ આપ્યો અને કસમ ખાધી કે સવારના વહેલા જઈને બધા ફળ તોડી લઈશું, પણ **ઈન્શાઅલ્લાહ** કહ્યું નહીં. અલ્લાહે તેમના ગુનાહનો બદલો એ આપ્યો કે ખુદાના હુકમથી એ બાગ ઉજ્જડ થઈ ગયો. એ બાબતની અલ્લાહે પોતાની કિતાબમાં ખબર આપી છે. (ક્રમશઃ)

**G. K. Corner Solution 116**

(૧) ઉત્તર (૨) ત્રિવેન્દ્રમ (૩) સચિન તેંદુલકર (૪) સ્વિફ્ટ (૫) કાર્ટોગ્રાફી (૬) રામતનુ પાંડે (૭) પંજાબ (૮) ચાર